ખુશાબખ્તીનાં

લગન—નવજોત—વગેરે શુભ અ

અસલ જરમન સીલવર લડાઇ પ.

આવવા માંડ્યું છે.

આ માલ વાપરવામાં હંમેશ રૂપાં જેવો સફેદ અને ચલકતો રહે છે.

આ અસલ જરમન સીલવરનાં ઘણાંજ શંકડાં

ઘાટના તરેહવાર વાંસણો

ગામ કરતાં કીફાયત ભાવે અમારે ત્યાંથી મલશે.

ખુશાબખ્તીના હીગાંમ માટે રેનસી ચીનાઇ રૂપાંકાંમ

તેમજ

સર અવસર માટે ચોખી ચાહીના ટચ કે

ઘરમહાર વાંસણોના ખુમચા, કલસીયા.

વગેરે મોટો સ્ટોક હંમેશ

દરેક ચીજના ભા

બહારગામના એ

૨

જાહેર ખબરો.

ટુંક વખતમાં
જરથોસ્તી કોમમાં
જગજાહેર થયલી

મલબારીજ સુખડની દુકાન

ફરેદુન અને બરજોર,

આતશબેહેરામોની સાંમે
ધોબીતળાવ—મુંબઇ.


આ ઉપરાંત હમારી દુકાને નવસારીની કસ્તીઓ, નારાં નાહની મોટી અવસ્તા, ચાંદીના વાસણો, ચાહ, વીગેરે વીગેરે મલશે.

જો તમોને નીચે મુજબ કામ જોઈતું હોય. ઓછામાં ઓછો બળતણનો ખપ, વધતામાં વધતું બળ કરટ અથવા રેસીડયુઅલ ઓઇલની ગરમી વગર સ્ટારટ કરવું, વધતા ઓછા

બોજા છતાં સંતોસકારક કામ, મજબુત ઘાટ, સખત બાંધણી, અને પઈસાના પ્રમાણમાં પુરેપુરં કામ જોઈતું હોય તો.

MIRRLEES—DIESEL OIL ENGINES

મીરલીઝ ડીઝલ ઓઇલ એનજીનો વાપરો



૫૦ થી ૭૫૦ બરેક હોરસ પાવર સુધીના કદના બનાવવામાં આવે છે.

૨૦૦ બરેક હોરસપાવરની અંદરની સાઈઝના, મુંબઈના ગોડાઉનમાંથી તુરત પોહચતાં કરવામાં આવે છે.

૧૮૦૦૦ **B Th. Us**, સુધીની ઓછી કેલોરીફીક કીંમતના ક્રુડ અથવા રેસીડયુઅલ તેલ વાપરવા છતાંબી નીચે મુજબની સાઈઝના એનજીનો ચલાવવાનો ખરચ, દર ટનના રૂ. ૬૫ લેખેની કીંમતનું તેલ (હાલમાં મુંબઈમાં એ ભાવે મલે છે).

વાપરતાં નીચે લખયાથી વધુ નહીં આવે તેની અમે જામીનગીરી આપીએ દીએ

રૂ. ૧- ૪-૦ દર કલાકના.૧૦૦ બી. એચ. પી. સાઈજ માટે.
રૂ. ૧-૧૪-૦ દર કલાકના ૧૫૦ બી. એચ. પી. સાઈજ માટે.
રૂ. ૨- ૮-૦ દર કલાકના, ૨૦૦ બી. એચ. પી. સાઈજ માટે
રૂ. ૩-૧૨-૦ દર કલાકના, ૩૦૦ બી. એચ. પી. સાઈજ માટે

MIRRLEES, BICKERTON & DAY, LTD.

Wittet Road, Ballard Estate, | 11, Clive Street, CALCUTTA.

વાંચવા લાયક તથા લાયબ્રેરીમાં રાખવા લાયક પુસ્તકો.

	રૂ. આ.
ઘરમોજય અતી રસીલી વારતા ...	૭– ૦
કાકાનો વારસો	૪– ૦
એલાડ પીયરથી બ્રીટન	૫– ૦
કૉલડ એંક ચીત્રો સાથે	૩– ૦
નસીબનો નાઝ	૩– ૦
જીવતું દોઝખ	૩– ૦
દસાતીર ફકત એકજ નકલ છે ...	૭૫– ૦
મોહન મહલ	૨– ૮
કહેવત માલા ૨ ભાગમાં ..	૧૫– ૦
માહારાણી વિકટોરીયાએ હાયલંડમાં ગુજારેલી જીંદગીનો હેવાલ ...	૭– ૦
મારી મજેહ	૧૨– ૦
મનસુખી ગંજનામું	૨૦– ૦
સહનસીલ સુંદરી ૨) ભાગમાં કંપલીટ	૧૦– ૦
ગુણ લક્ષમી	૧– ૪
સુખશાંતી દ્વીપ	૪– ૦
ચચલ ગ્રંહથ	૦–૧૨
સીતમગર...	૪– ૦
જગતનો ફાંસો	૪– ૦
દાસતાને દસતાર...	૦– ૮
પતેતીની હમાજોર	૦– ૪
દુખ્યારા દુઃખતર	૧– ૪
પરે ઓલું પંખી ૨) ભાગમાં ...	૧– ૮
અરેબીયન નૈતસ ૨) ભાગમાં .	૧૨– ૦
જાન ગંમતના ગેહરા ...	૨–૧૨
હીંદુસ્તાનની ખુબસુરત બેગમો ...	૨– ૮
એમનના માહાત	૩– ૦
જેહાંગીર નામું	૩– ૦
નરીમાની કીસ્તી	૧– ૮
નસતીક નવલ	૩– ૦
જેપાનીસ બાશાનો બોમ્બો ...	૨– ૦
નીવીના કાંનત	૧– ૪
થણુ થણુ ચરીત્ર	૦–૧૨
બસે વરસનુ પંચાગ	૫– ૦

	રૂ. આ.
જ્યોતીષ વિદ્યા	૧૨– ૦
માશુકનો ઇસારો	૫– ૦
કુદરતનો કેહેર	૪– ૦
બીસોરનો ખુચ	૩– ૦
જાન કે જીગર...	૪– ૦
ખુબસુરત મક્કાર	૪– ૦
નીતા (એક વારતા)	૨– ૦
ગુલબાનું	૧– ૦
લુંડાનો ભેદ	૩– ૦
સોનારણ	૫– ૦
નરક માં ગહર (ફકત ૪ નકલો બાકી છે)	૧૦– ૦
કાલા મેહ ૨) ભાગમાં જુજ નકલો બાકી	૧૦– ૦
આયેશું	૬– ૦
ચંદ્રચન	૬– ૦
વિરાગી વનીતા	૧૦– ૦
લોકપ્રીય ડોકતર બહાદુરજીની જીંદગીનો હેવાલ	૧– ૦
મરહુમ મી૦ મનસુખની જીંદગીનો હેવા-	૪– ૦
હોમર્સબાદની વારતા	૪– ૦
બેજન બેનરપ અને બેજન મનીજેહનો કીસ્સો	૨– ૦
ઇંદ્રાવતી	૧– ૮
ઝેહર કાતીલ	૨– ૦
મનાતુલ અઝમ	૩– ૦
હોમાન આરા	૩– ૦
સુરજ બાહાનની શેઠાણી વધારેલી કીંમત	૬– ૦
સત નના સાથી	૩– ૦
ગાલને દુનીઆ	૧– ૮
ગુલવાડીનુ ગુલાબ	૫– ૦
નબગબાજ નસીબ	૫– ૦
બ પણનો બહર	૨– ૮
ગુલેસ્તાનનુ ગુલ	૫– ૦
દાની શેઠનો દીકરો	૩– ૦
ગોરૂ પીલાયત	૫– ૦

☞ એ ઉપરાંત દરેક સ્કુલોમાં ચાલતી ચોપડીઓ, તરેહવાર જાતની ઇંગ્રેજી તથા ગુજરાતી વારતાની ચોપડીઓ, શબ્દ કોસો, એકસર સાઇઝ બુકો, મીનીંમ બુકો, તેમજ વિદ્યા, હુન્નર, તવારીખ, સંગીત, ગાયન વિગેરે વિગેરે જાતનાં પુસ્તકો અમારે ત્યાંથી કીફાયત ભાવે મલી શકશે.

પીરોજશાહ દીનશાહ મુકાદમ,

ચોપડીઓ વેચનાર તથા મજુર કરનાર, ચરચગેટ સ્ટ્રીટ, કોટ—મુંબઈ.

The Yokohama Specie Bank Ltd.

ધી યોકોહામા સ્પેસી બેંક લીમીટેડ.

(જાપાનમાં રેજીસ્ટર થયેલી.)

સ્થાપી સને ૧૮૮૦.

——(o)——

ભરાયલી થાપણ	૧૦૦,૦૦૦,૦૦૦, યેન.
પગાર કીધેલી....	૧૦૦,૦૦૦,૦૦૦, યેન.
રીઝરવ ફંડ	૭૪,૫૦૦,૦૦૦, યેન.

વડી આફીસ—**યોકોહામા.** (જાપાન.)

શાખાઓ.

મુંબઇ	હારબીન	નાગોયા	સીતલ
બતાવીઆ	હોનોલુલુ	ન્યુચંગ	સીંગાપોર
બ્યુનોઝ આયરસ	પ્રેંગતીયાન	ન્યુયોરક	શેંગાહી
કલકત્તા	કાઇયુઆન	ઓસાકા	શીમોનો સેકી
ચાંગચંણ	કોબે	પેકીંગ	સુરાબાયા
દાઇરન	લંડન	રંગુન	સીડની
તીપેન્ટસીન	લોસ એનજલસ	વ્લાડી વોસ્ટોક	ટોકીઓ
હેમ્બરગ	લાયનસ	રીયોડીજનેરો	સીનાન
હોંગકોંગ	મનીલા	સેગોન	સીંગતાઓ
હેનકાઓ.	નાગાસાકી	સાન ફ્રાનસીસકો	સમરંગ (જાવા)
			કેનતન

સધર ગ્રાહકો માટે ચાલુ ખાતાઓ ઉઘાડવામાં આવે છે અને રૂ. ૧૦૦૦ થી ઉપર દરરોજની બાકી સીલક ઉપર દર વરસે દર સેંકડે, બે ટકા લેખે વ્યાજ આપવામાં આવે છે, પણ તે એવી સરતે કે અરધા સાલનું વ્યાજ રૂપીઆ પાંચ કરતાં ઓછું થાય નહીં.

બાંધી મુદતની ડીપાઝીટો એક વરસ અને તેથી ઓછી મુદત માટે લેવામાં આવે છે, જેની શરતો અરજ કીધાથી જણાવવામાં આવે છે.

પોસ્ટ બોકસ નં૦ ૨૦૭ હોરનબી રોડ, **મુંબઈ.**	**I. Washis.** મેનેજર, **મુંબઈ.**
પોસ્ટ બોકસ નં૦ ૪૦૧ કલાઇવ સ્ટ્રીટ, **કલકતા.**	**J. Kasuya.** મેનેજર, **કલકતા.**
પોસ્ટ બોકસ નં૦ ૫૮૪ સ્ત્રેનડ રોડ, **રંગુન.**	**Y. Okabe.** મેનેજર, **રંગુન.**

International Banking Corporation

ઈનટરનૅશનલ બેંકીંગ કૉરપોરેશન

વડી ઓફીસ—નાં૦ ૬૦ વોલ સ્ટ્રીટ, ન્યુયોરક.

ભરાયલી થાપણ અને રીઝવ ફંડ	સોનાના ડાલર ૧,૦૦,૦૦,૦૦૦ રૂ. ૩,૫૦,૦૦,૦૦૦
વગર વહેંચાયલો નફો	સોનાના ડાલર ૫૪,૦૦,૦૦૦ રૂ. ૧,૭૦,૦૦,૦૦૦

લંડન ઓફીસ—નાં૦ ૩૬, બીશપસગેટ (ઈ. સી.)

શા ખા ઓ-

બારાહોના	હેનકેઉ	પેકીન	સાનટો ડામીંગો
બારસીલોના	હારબીર	પોઓરતો પ્લેતા	શંહેગાઈ
બટાવીયા	હોંગકોંગ	રંગુન	સીંગાપોર
બોમ્બે	કોબી	સાનસીઝ	સુરાબીઆ
કલકતા	લાવેગા	સેન ફરાનસીસ્કો	તીપેનસીન
કેનટોન	મેડરીડ	સેન પેડરોડીમેકોરીસ	યોકોહામા
સીબુ	મનીલા	સેન શીયાગો	તોકીઓ
કોલોન	પનામા		

આ બેંક ન્યુયોરકની નેશનલ સીટી બેંક સાથ નીકટ સંબંધ ધરાવતી હોવાથી તે ઇનસ્ટીટયુશનની કયુબા અને દક્ષીણ અફ્રીકામાં આવેલી નીચલી જુદી જુદી શાખાઓની ખાસ સરવીસ આપવાને શકતીવાન છે:--

શા ખા ઓ.

બાહીયા, બ્યુનો આયરસ, કેરોકાસ, જેનોવા, હવાના, મોંટીવીડીઓ રાયોડી જેનીરો સાન સીયાગો, ડી. કયુબા, સાનતોસ, સાનતોસ સાઓ પોલો, વાલપેરેઝો, એંટવરપ, બ્રસેલસ, જીનોવા, કેપ-ટાઉન, કયુબા.

આ કોરપોરેશન યુરોપ, અમેરીકા, ઓસ્ટ્રેળીઆ, ચીન મુખ્ય અને જાપાનના શેહેરોમાં ડરાફ્ટો તેમજ તારની હુંડીઓ વેચે છે તથા બીલ્સ ઓફ એક્ષચેંજ ખરીદે છે. લેટરસ ઓફ ક્રેડીટ ઇસ્યુ કરે છે અને બેંકીગનું તેમજ હુંડીયામણને લગતું દરેક પ્રકારનું કામકાજ બજાવે છે.

ચાલુ ડીપાજીટનાં ખાતાંઓ ખોલવામાં આવે છે અને તેની ઉપર વ્યાજ દર વરસે દર સેંકડે બે ટકા લેખેનું દરરોજની રોકડ બાકી ઉપર રૂ. ૧૦૦૦ થી રૂ. ૧૦૦૦૦૦ સુધીની રકમ સુધીને માટે આપવામાં આવે છે.

ફીક્ષડ ડીપોઝીટ—૧૨ મહીનાની બાંધી મુદતની ડીપાઝીટ અને ટુંકી મુદતની ડીપાઝીટ લેવામાં આવે છે, જે માટેનું વ્યાજ જાતે મળવાથી અથવા અરજ કરવાથી જાણી શકાશે.

મુસાફરોને ચેકો પુરા પાડવામાં આવે છે.

અમેરીકા સાથ ધંધો ચલાવવાની ખાસ સગવડો છે.

મુંબઇની ઓફીસ,
૪૨-૪૩ ચર્ચગેટ સ્ટ્રીટ.

H. A. W. Brent,
Manager.

સાં ક લ યું.

ગયા વરસનો ઇનતેખાબ

યાને

યઝદેજરદી સને ૧૨૯૩ ના સાલમાં બનેલા જરથોસ્તીઓને લગતા જાણુવાજોગ બનાવો.

સખાવત.

આ વરસે સમાન્ય સખાવતનો આંકડો લગભગ એકત્રીશ લાખનો, ઉઠમણાની છપાયલી રકમ જે શેઠ પેસ્તનજી વાહાડયાના ત્રસ્ટના દસ લાખ રૂપ્યા સાથે ગણુતા સતર લાખ પંચીયાસી હજારની, ધરમનાં મકાનો માટે અપાયલી રકમના સુમારે ગણુતાં શેઠો નવરોજી વાહાડયાના સુવાવડખાનાની તથા ખા૦ બા૦ હોરમજી ભાભાની સેનેટરીયમની રકમ સાથ ગણુતા લગભગ સવા બાવીસ લાખ રૂપીઆ મલી આ વરસની કુલે સખાવત એકોતેર લાખ રૂપીઆની થવા ગઇ છે.

ઉપર જણાવેલી રકમ આ વરસની છપાયલી સખાવતની છે પણ તેમાં એક સખાવત થવામાંથી તથા ઉઠમણામાં જણાવેલી રકમોમાંથી બીજા ફંડોમાં અપાયલી, ધરમના મકાનોવાલી રકમ જે આગલા વરસોમાં સખાવતોમાં ગણાઇ ચુકેલી, વીગેરેની રકમ સુમારે બાર લાખની બાદ થવા જેવી છે, તે બાદ કરીએ તો રૂપીઆ ઓગનસાહાઠ લાખ જેટલો આંકડો આ વરસની સખાવતનો થવા જાય છે, આમાં શેઠ વહાડયા ત્રસ્ટની, શેઠો વાહાડયાવાલા સુવાવડખાનાની તથા ખા૦ બા૦ ભાભાની સેનેટરીયમની રકમો સમાઇ જાય છે.

[મુંબઇના જાણીતા શ્રીમંત શેહેરી અને અકાબર સર કાવશજી જાહાંગીર બારોનેટ પારસી કોમ માટે લખો રૂપયાને ખરચે એક ગંજાવર કેળવણી ખાતું યાને પારસી એકેડમી ઉભી કરવાનો વીચાર ધરાવે છે, તે માટેની યોજના નકકી થવે હવે પછી જણાવવામાં આવશે.]

મુંબઇના જાણીતા શેહેરી અને સખાવતી શેઠયા શેઠ જાહાંગીરજી બમનજી પીટીટે આ વરસે સખાવતમાં રૂ૧૩૫૦૦૦ ની નાદર રકમ આપી છે તેની વીગત:—શેઠ બમનજી દીનશાહ પીટીટ પારસી જેનરલ હાસપીટલનાં ફંડમાં રૂ૨૫૦૦૦, ધી બોમ્બે સીમફની ઓરકેસ્ત્રાના ફંડમાં (બીજી વારનાં) રૂ૨૫૦૦૦, ધી ન્યુ હાઈ સ્કુલ ફોર ગરલસનાં ફંડમાં રૂ૧૫૦૦૦, પ્રોફેસર હરઝફીલ્ડને ઇરાંનના અસલી ખંડીઅરોમાં સોધખોલ કરવાનાં ફંડમાં રૂ૫૦૦૦, હીન્દુસ્થાનમાં તથા વેલાતમાં હીનદી રાજદ્વારી બાબદો તથા જાહેર સવાલો વીશે પ્રજામત ખીલવવાનાં જુદાં જુદાં ફંડોમાં રૂ૫૦૦૦, જાપાનનાં ધરતીકંપના સંકટ નીવારણ ફંડમાં રૂ૨૦૦૦, સીંધ તથા મધરાસ ઇલાકામાં આવેલી રેલનાં સંકટ નીવારન ફંડમાં રૂ૨૦૦૦, એલેકઝાંનદ્રા ગલરસ સ્કુલના ફંડમાં રૂ૧૫૦૦, સર દીનશાહ પીટીટ ફ્રેંચ લાયબરેરીનાં નીભાવ ફંડમાં રૂ૧૦૦૦, શેઠ નવરોજી વાડીઆની નારગોલની સ્કુલનાં ફંડમાં રૂ૧૦૦૦, મુકતીફોજ તરફથી ચલાવવામાં આવતાં રેસકયુ હોમનાં ફંડમાં રૂ૫૦૦, બાઇ શીરીનબાઇ કામાનાં કોનવેલેસન્ટ હોમમા રૂ૫૦૦, જરથોસ્તીઓ માટે રેહેઠાંણો બાંધવાનાં લેડી કાવશજી જાહાંગીર હસતકનાં ફંડમાં રૂ૫૦૦, જરથોસતીઓ માટે રેહેઠાંનો બાંધવાનાં પરચુરણ ફંડોમાં રૂ૫૦૦, અવસ્તા અને પેહેલવી ભાષાના જરમન પ્રોફેશરોને મદદ કરવાના ફંડમાં રૂ૫૦૦, ઝોરાસ્ત્રીઅન ફીઝીકલ કલચર લીંગને મદદ કરવાનાં સર ટેમુલજી નરીમાંનની યાદગારીનાં ફંડમાં રૂ૫૦૦, માથેરાન મધે હમેશનું એક બેંડ ઉભું કરવાનાં ફંડમાં રૂ૫૦૦, મુંબઇનાં ઘર માલેકોનાં એસોસીએશનનાં ફંડમાં રૂ૫૦૦, ધી ઓલ ઇન્ડીઆ સોસ્યલ વરકસ કોનફરનસનાં ફંડમાં રૂ૩૦૦, મરહુમ સર નારાએન ચંદાવરકરની યાદગીરીનાં ફંડમાં રૂ૨૫૦, ધી ઇન્ડીઅન ઇકોનોમીક એસોસીએસનનાં ફંડમાં રૂ૨૦૦, પારસી બેટેલીઅનનાં સારજંટો માટે "મેસ" સ્થાપવાનાં ફંડમાં રૂ૨૦૦, બોમ્બે આરટ સોસાઇટીના સને ૧૯૨૪ ના સાલના ફંડમાં રૂ૧૫૦, ધી જાંહાંગીર બમનજી પીટીટ બીલીમોરા લાઇબરેરીનાં ફંડમાં રૂ૧૦૦, ધી બોમ્બે નેશનલ વોલંટીઅર કોરનાં ફંડમાં રૂ૧૦૦, ધી રેડ ટાહીંગલ ફંડમાં રૂ૧૦૦, શેઠ શોરાબજી બંગાલીવાલી મ્યુનીસપાલ સ્કુલની જુબીલી ફંડમાં રૂ૧૦૦, જાહાનસીની જરથોસ્તી છોકરાંઓની સ્કુલનાં

ફંડમાં રૂ૧૦૦, પેરીસ શેહેરમાં આખી દુન્યાંની થનારી ઓલીંમપીક રમતોમાં ભાગ લેવા જવા માટે હીન્દી હરીફોનાં ખરચનાં ફંડમાં રૂ૧૦૦, અહમદનગરના મીસીસ દીવાલેની ઓરફનેજને રૂ૫૦, કેથલીક ચેરીટી ઓરગેનીઝેસન ફંડમાં રૂ૫૦, સુરત જીલ્લાનાં ખજોત ગામમાં એક નવો તલાવ બાંધવાનાં ફંડમાં રૂ૫૦, અહમદનગરની મરાઠી મીસન સકુલને રૂ૫૦, ત્રીજી કોઓપરેટીવ કોનફરનસનાં ફંડમાં રૂ૫૦. ગરીબાઇ, બીમારી, નાતવાની, નવજોત, લગન, મરણ, વીગેરે માટે મદદ તરીકે આપેલા રૂ૧૪૨૫૦, કેલવણી, વેપાર, ધંધો, હુન્નર, ઉદયોગ, વીગેરે માટે-મદદ તરીકે આપેલા રૂ૧૫૩૦૦ અને પરચુરન ફંડોમાં આપેલા રૂ૧૭૦૦૦,

સખી વજીદ બાઇ હમાબાઈ જે. કે મેહતાએ આ વરસમા કરેલી રૂ૫૫૮૫૫ ની સખાવતની વીગત :—ગરીબ જરથોસ્તીઓનું ભરણપોષણ કરવા, લગન ખરચ કરવા. કપડાંની મદદ તથા મરણ ક્રીયાના ખરચ માટે તથા બીજી જુદી જુદી પારસી સખાવતની મદદમાં રૂ૨૩૨૧૮, ગરીબ જરથોસ્તીઓને સ્કુલ ફી, કોલેજ ફી, પરીક્ષામાં બેસવાની ફી તથા ચોપડીઓ વીગેરેની તથા રેલવે પાસ વગેરેની મદદમાં રૂ૧૨૨૪૩, પ્રાયમરી એજ્યુકેશન ખોલવા માટે ગામ રૂપાર (દી૦ અંબાળા) "પંજાબ વીદ્યા સભા" ને આપ્યા રૂ૬૦૦, ગ્રાંટ રોડના શેઠ માણેકજી નસરવાનજી પીટીટના ધરમાદા દવાખાના માટે થયલા ખરચના રૂ૪૮૩૯, મરહુમ માતાજી હમાબાઇના પુણ્યને સારૂ કાઢેલી રકમમાંથી ગરીબ જરથોસ્તી બાઇઓને અપાયલી મદદના રૂ૨૧૨૫, સર શાપુરજી ભરૂચા સકકર સ્કુલને રૂ૨૪૦, મઝગામની પારસી છોકરા છોકરીઓની સ્કુલના નીભાવ ફંડમાં રૂ૩૦૦, મેજર વીનતનને "ધી સાલ્વેશન આરમી" ના ફંડમાં રૂ૧૦૦૦, લેડી જેહાંગીર હસ્તકના પારસી હાઉસીંગ ફંડમાં રૂ૫૦૦૦ તેહરાનની પારસી છોકરા છોકરીઓની સ્કુલ તથા અગ્યારીના નીભાવ ફંડમાં મારીક હપતેથી રૂ૧૨૦૦, ડા૦ માસીના હોસ્પીટલમાં માસીક હપતેથી રૂ૪૫૦૦, અને બાઇજી આવાંબાઇ ફરામજી પીટીટના સીવવા વેનરવાના કલાસને મદદના રૂ૫૪૦.

આપણી કોમના સખાવતી શેઠયા સર હોરમજી કાવશજી દીનશાહ એડનવાલા એમ. વી. ઓ., ઓ. બી ઈ. તરફથી આ વરસે જુદા જુદા ધરમખાતાઓમાં નાણાની સારી મદદ આપવામાં આવી છે, તેમાં નીચલી મુખ્ય છે:-જરથોસ્તી કોમના લાભ સાચવનારી મંડળીને પારસીઓને ધંધે લગાડવાના એવણના ફંડના રૂ૫૦૦૦, પઝદમા ફીરદોસી તુસરીના આવસાના ફંડમાં રૂ૫૦૦, પ્રો૦ હર્ઝફેલડના ઇરાનમાં શોધખોળ માટે રૂ૨૦૦૦ અને યંગ મેનસ પારસી એસોસીએશનના હોસટલ માટે રૂ૫૦૦, એવણ શેઠની કાવશજી દીનશાહ અને બાઇઓની મુંબઇ તથા એડન વગેરે ઠેકાણે ઓહલા પાયા ઉપર વેપાર કરતી જાણીતી પેઢી તરફથી લગભગ અરધા લાખ રૂપયાની નાદર રકમ દર વરસે આપવામાં આવે છે. તે મુજબ આ વરસે પણ સખાવતમાં આપી હતી, જેની વીગત તે ધરમખાતાઓમાં છાપેલી જોવામાં આવશે.

સર હોરમજી મુંબઇના એક આગેવાન શેહેરી તરીકે તેમજ એડનની પારસી અંજુમનના એક માનવંત અકાબર અને ત્યાંની વસ્તી દેશી કોમના વડા તરીક હમેશા પોતાની કીમતી મદદ આપે છે, તેથી એવણને ૧૯૨૨ ના જુન માસમાં નામદાર શેહેનશાહ જયોરજ પાંચમાએ બક્ષેલા નાઇટ હુડના નામીચા ખેતાબ માટે પોતાની ખુશાલી જાહેર કરવા એવણની એડનની પેઢીના પારસી તેમજ બીજી કોમના સટાફે તા૦ ૧૭ મી જાનેવારી ૧૯૨૪ ને દીને મેહરવાન બાગમાં એક મેલાવડો કરી કાસ્કેટ સાથે માનપત્ર એનાયત કરયું હતુ સર હોરમજીને આપવાનું માનપત્ર શેઠ સોરાબજી કાવસજી મેહતાએ વાંચી સમલાવ્યુ હતુ, જેના એવણને મલેલા માન માટે તથા એવણની કીમતી મદદ અને સલાહ માટે ખુશાલી દરશાવી એ પેઢીના માનવંત શેઠયાઓની પોતાના સ્ટાફ તરફની દીલસોજીની કદર લાયક શબ્દોમાં જણાવી હતી. સર હોરમજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો. એ બનાવની યાદમાં રાતના પારસી અંજુમને તથા શેઠો કાવસજી દીનશાહ અને ભાઇઓની પેહેઢીના સ્ટાફે સર હોરમજી તથા કુટંબને ખાણાપર નોતરયા હતા એ વખતે સર હોરમજીને મલેલા માન માટે અંજુમનના ઠરાવ દફતરે નોંધવાની દરખાસ્ત શેઠ ફરામરોજ અરદેસરે કરી સર હોરમજીની સલામતી લેવાડી હતી, જેના જવાબ આપતાં એવણે અંજુમન તરફની પોતાની ફરજમાં ચીવટાઇથી હમેશા મદદ રહેવા જણાવ્યું હતું. એવો બીજો ભવ્ય મેલાવડો સર હોરમજીના માનમાં તા૦ ૭ મી ફેબરૂવારી સને ૧૯૨૪ ને દીને એડનની હીંદી તથા આરબ કોમ વગેરે રહીસો તરફથી મેહરવાન બાગના કમપાઉંડમાં કરવામાં આવ્યો હતો. એ વખતે શેઠ હુશેન મહમદ હાજીભાઇ લાલજીએ માનપત્ર વાંચ્યું હતું, એમાં સર હોરમજીના મરહુમ પીતાજીએ એડનને એક ધીકતું ને સુંદર બંદર બનાવવામાં જે કીમતી મદદ આપી હતી, અને એવણની માનવંત પેહેડી વેપારીઓ સાથે દીલોજાનની ભરયો સંબંધ ધરાવે છે તેમજ સર હોરમજી એડન તરફ ભલી

લાગણી તથા કાળજી બતાવેછે, તે માટે વીવેચન કરવામાં આવ્યું હતું. સર હોરમજીએ સરવેનો ઉપકાર માનતાં જણાવ્યું કે નામદાર શેહનશાહે નાઇટહુડનો ખેતાબ એનાયત કરી મને એકલાનેજ માન આપયું નથી પણ તે સાથે એડનની આખી પ્રજાને પણ માન આપયું છે. નામદાર પ્રીન્સ ઓફ વેલ્સની તેમજ નામદાર ડયુક ઓફ કોનાટની એડનની મુલાકાત વખતે હું જે કાઇ કરવાઓ ફાવયો હુ તેમાં એડનની સઘળી નયાતજાત અને તેઓના આગેવાનો તરફથી મને ટેકો મલ્યાથી કરી શકયો હતો. સેવતે એડનના પોલીટીકલ રેસીડંટ મેજર જનરલ ટી. સી. સ્કોટે સર હોરમસજીની જાહેર સેવાઓની સ્તુતી કરી એવણે ભારે શ્રમ લઇને એડનના બારાને આબાદીએ પુગાડી ચઢતી પંકતીએ આણ્યું છે તે માટે એથણુની ભારે તારીફ કરી સર હોરમજી વધુ માનપાન મલવે એમ ઇચ્છયું હતું.

કરાંચીના સખી વજુદ શેઠયા મરહુમ શેઠ નાદરશાહ એદલજી દીનશાહના બેટા શેઠ હોશંગ અને એવણના ભાઇઓએ પોતાના મરહુમ પીતાજીની યાદમાં છ પારસી કુટંબો સારૂ સસતા ભાડાની એક બીલડીંગ દાદર મટુંગા ખાતેની પારસી કોલનીમાં પારસી હાઉસીંગ સોસાયટી હસ્તક બાંધવા માટે એ સોસાયટીને ૩૩૬૦૦૦ આપ્યા છે. એ ઉપરાંત ૩૬૯૦૦૦ ની રકમ માત્ર ત્રણ ટકાના બ્યાજે એ સોસાયટીને આપવામાં આવી છે અને એનું બ્યાજ કોમ ઉપયોગી કામમાં વાપરવાનો વીચાર રાખ્યો છે તેથી કોમને ખરેખરો સંગીન લાભ એ શેઠોની ઉદારતાથી મલી શકશે. વળી શેઠ હોશંગે કરાંચી ખાતેની ફીમેલ એડયુકેશન સોસાયટી હસ્તકની ઈન્ડીયન ગરલ્સ સ્કુલને ૩૨૦૦૦ આપ્યા હતા, તેમજ બીજા ધરમ ખાતાઓમાં સારી મદદ કીધી હતી.

મરહુમ સખી શેઠયા નાદરશાહ એદલજીની યાદગારી જાલવવા માટે કરાંચી ખાતે સથાપવામાં આવેલી કરાંચી નાદરશાહ એદલજી દીનશાહ સીવીલ એનજીનીયરીંગ કોલેજને તા૦ ૧૦ મી જુન ૧૯૨૪ થી ૩ વરસની મુદત માટે બી. ઈ. (સીવીલ) ની ડીગ્રી માટે નક્કી કરેલા અભયાસક્રમ શીખવનારી ફુલગ્રેડ કોલેજ તરીકે ફેકલટી ઓફ સાયન્સમાં મુંબઇની યુનીવરસીટી સાથે કામચલાઉ જોડાન કરવાની બહાલી નામદાર ગવરનર સર લેસલી વીલસને પોતાનાં પ્રધાનની મંજુરીયાતથી આપી છે. આ જોડાણ માટેની શરતો એ છે કે દરેક ત્રણ વરગમાં વીદયારથીઓની સંખયા વધતામાં વધતી પચાસની રહેવી જોઇએ અને ચાલુ થતા ખરચને પુગી વળવા ૩૭૦૦૦૦ ની વારસીક આવકની ખાત્રી આપવી જોઇયે.

કરાંચીના સખીવજુદ શેહેરી મરહુમ શેઠ એદલજી દીનશાહ સી. આઇ. ઇ. પોતાના વીલમાં એક મોટી રકમ સખાવત માટે જણાવી ગયા હતા જે હમણા વધીને લગભગ પાંચ લાખ રૂપ્યાની થવા ગઇ છે. એ સખાવતનો લાભ પારસી જવાનીઆઓને ઉંચી ચઢતી કેળવણી આપવામાં મલે તે માટે એક યોજના મરહુમના બેટાઓ અને નબીરાઓએ ઘડી કાઢી હતી, પણ તે યોજના સારૂ કોરટની બાહાલી જોઇતી હોવાથી સીંધના જયુડીશીયલ કમીશનરની કોરટમાં અરજ કરવાથી આ વરસે કોરટ તરફથી બાહાલી મલી છે એકઠી થયેલી આખી રકમમાંથી પોણો લાખ રૂપ્યો કરાંચીની મામા ગરલસ સ્કુલને છોકરીઓ માટે મરહુમ શેઠ એદલજી દીનશાહને નામે એક હોસ્ટેલ બાંધવા માટે આપવામાં આવી છે. બાકી વધેલી લગભગ સવાચાર લાખ રૂપ્યાની રકમ એલાહેદી રાખી છે અને એના બ્યાજમાંથી પારસી જવાનો જેઓ હીંદુસ્તાનમાંજ ટેકનીકલ કેળવણી લેવા માંગતા હોય તેઓને સ્કોલરશીપો આપવામાં આવશે, તેમજ હીંદુસ્તાનની બહાર કોઇ પણ જાતની ઉંચી કેળવણી લેવા જવા માગે તેઓને પણ સ્કોલરશીપ આપવાની જોગવાઇ કરી છે. આ યોજનાનો લાભ પહેલાં કરાંચી અને પુનાના પારસી જવાનોને મલશે પણ એ મઠકનો કોઇપણ જવાન સ્કોલરશીપ લેવા નહીજ આવશે તો પછી બીજા કોઇપણ મઠકના પારસી જવાનોને તેનો લાભ આપવામાં આવશે.

મુંબઇના જાણીતાં શેહેરી સર ધનજીભાઇ બમનજી તથા એવણના ધણીયાણીએ એડીનબરગ શેહરને યુરોપની મેહાન લડાઇમાં બ્રીટીસ લશકરના સપેરસાલાર તરીકે નામ કહાડનાર ફીલ્ડ મારશલ અરલ હેગનું એક ઘોડેસ્વાર બાવલું ભેટ આપ્યું છે, તે બાવલું એડીનબરો ખાતે તા૦ ૨૮ મી સપટેમ્બર ૧૯૨૩ને દીને લોરડ પ્રોવસટ, સર ટોમસ હચીનસે એક મેલાવડા સનમુખ ખુલ્લું મુકવાની ક્રીયા કરી હતી. એ વખતે આ બાવલું એડીનબરગની ટાઉન કોરપોરેશનને સવાધીન કરતાં લેડી ધનજીભાઇએ ઘણુ છટાદાર ભાષણ કરયું હતું. તે પછી પ્રમુખે બાવલુ ખુલ્લું મુકી એઓ બનેની સખાવત માટે ઉપકાર માન્યો હતો. આ બનાવની ખુશાલીમાં એ દીને રાતે સર ધનજીભાઇ તથા એવણના ધણીયાણી તરફથી કેલીડોનીયન હોટલમાં એક મોટી મેજબાની આપવામાં આવી હતી. ખાણાપર એવોની સલામતી લેવાડતાં જણાવ્યું હતું કે એડીનબરોના નવા સુવાવડખાના માટે એક હજાર પાઉન્ડની બક્ષેસ સર ધનજીભાઇએ આપવા કબુલ્યું છે.

હાંગકાંગના જાણીતા શાહ સોદાગર શેઠ મનચેરજી જમશેદજી પટેલે એક ચોકસ મોટી રકમનું ટરસ્ટ કરવાનો પોતાનો વીચાર જાહેર કીધો છે. એ ટરસ્ટનો હેતું એવો છે કે ગરીબ તથા મધ્યમ સ્થિતીના જરથોસ્તી ચંચંલ જવાનો જેઓ નાણા સંબંધી જોગવાઇ નહી હોવાથી પોતાનો અભયાસ આગલ વધારવાને શકતીવાન નહી હોય પણ ઉંચી કેલવણી લેવાને ખરેખરા લાયક હોય તેઓને મદદ કરવાનો છે. એ ટરસ્ટની યોજના સંબધમાં જે પારસી જવાનો હુનનર ઉદયોગની કેળવણી પરદેશ જઇ લેવા માગતા હોય તેઓ પાસ અરજીઓ મેલવી રાખવા સારૂ કયસરે હીન્દના અધીપતી તથા માલેક શેઠ એરચશાહ રૂશતમજી હીરજીએહેદીનને અરજ કરી હતી, કારણ કે એવણ મે ૧૯૨૪ માં વેલાત સીધારયા છે સાથી નવેમબરમાં મુંબઇમાં પાછા આવયા પછી એવણ ચોકસ બંદોબસત કરનાર છે. એવણે રૂ૧૦૦૦ ની રકમ કયસરે હીન્દના માલેક શેઠ હીરજીએહેદીન ઉપર સફાલીનગરની ખહીની રસીના ફંડ માટે મોકલી આપી હતી. એ ઉપરાંત શેઠ મનચેરજીએ આ વરસે ચીનના કેનટાન શેહરની હાસપીટલમાં વાપરવા માટે એક્ષ–રેને લગતું સંપુરણ સાંચાકામ તેની સઘળી સામગ્રીઓ સાથે અમેરીકાથી લગભગ દશ હજારના ખરચે મંગાવી આપ્યું છે અને ફાટી હાસપીટલને દીવાનાઓ રાખવા માટે બે મોટા મકાનો બંધાવી ભેટ આપ્યા છે તેમજ અપગ છોકરીઓના ઇનસ્ટીટયુટ માટે એક મોટું મકાન બંધાવી અગાઉ ભેટ આપ્યું હતું. એવો શેઠ દર વરસે થંડીની મોસમમાં ગરીબોને મોટી સંખ્યામાં ધાબલીઓ વેંહેચે છે. એ રીતે આ શખી શેઠયાએ પોતાની ઉદાર સારવજનીક સખાવતોથી ચીનમાં પારસી કીરતી ખરેજ વધારી છે.

શેઠ પેસતનજી ડોશાભાઇ મારકરે રૂ૬૦૦૧ ની રકમ વયાજ વાપરવા માટે મુંબઈમાં સ્થાપાયલી ઇરાન લીગ મંડળીને આપી હતી કે જરથોસ્તી મઝહબની બુલંદી બતાવનારા ફારસી ભાષામાં લખાયલાં સાહીત્યો બાહાર પાડી ઇરાનમાં તેનો ફેલાવો કરવો. એવણે યઝદ ખાતે સ્થાપેલી મારકર આરફનેજ માટે વધુ રૂ૧૦૦૦૦ મુંબઇની જરથોસ્તી અંજુમનને આપયા હતા. વળી એવણ ઇરાન ખાતે મુસાફરીએ ગયા હતા ત્યાં સારી સખાવત કરી છે.

શેઠો પેશોતનજી ડોશાભાઇ મારકર, જી. કે. નરીમાન, ફીરોઝ સોરાબજી ગઝદર, માણેક ફ. મુલ્લાં, કેકોબાદ અરદેશર મારકર, નશરવાન ૫. દલાલ, ફરામરોજ પે. ઇરાની, કઇખુસરો અ. ફીટર અને ડા૦ ગોદરેજ ઇરાની મળી નવ ગ્રહસ્થોની એક પારટી મુંબઇના બંદરેથી તા૦ ૨૧ મી એપ્રીલ સને ૧૯૨૪ ને દીને સટીમર વીટા મારફતે કરાંચી, કવેતા, દોઝદાબ મારગે ઇરાન જવા ઉપડી ગઇ હતી: મારગમાં જે જે શેહરોમાં ઉતારો લીધો હતો ત્યાં એ પારટીને ઘણું સારૂ માનપાન આપવામાં આવયું હતું. કેરમાન ખાતે તા૦ ૧૫ મી મેને દીવસે જઇ પુગા હતા. ત્યાના જરથોસ્તીઓ ગરીબ હોવાથી શેઠ પેસતનજી મારકરે એક ઇનડસ્ત્રીયલ હોમ ઉભું કરવા રૂ૫૦૦૦ ત્યાની જરથોસ્તી અંજુમનને આપયા હતા. આ હોમને " શેઠ પેસતનજી ડોશાભાઇ મારકર ઇનડસ્ત્રીયલ

હોમ " એવું નામ આપી ગલીચા બનાવવાનું કામ સીખવવામાં આવશે. શેઠ પેસતનજી મારકરની સખાવતની યાદમાં એસોસીએશને ચાંદીની કાસકેટ ભેટ આપી હતી. કેરમાનની નવી દરેહમેહરમાં શેઠો ફીરોઝ ગઝદરે રૂ૧૨૦૦ અને કેકોબાદ મારકરે પોતાના પીતાજી તરફથી રૂ૧૨૦૦ આપવાથી એઓ બેનેને રૂપાના કપો એસોસીએશન તરફથી ભેટ આપયાં હતાં. ત્યા બે જુની તથા એક નવી દરેહમેહર અને છોકરાઓની બે સ્કુલ અને છોકરીઓની એક છે. આખી પારટી કેરમાનથી ઉપડેલી યઝદ શેહરમાં તા૦ ૨૪ મી મેને દીને જઈ પુગી હતી. શેઠ ડોશાભાઇ મારકરે યઝદમાં સ્થાપેલી આરફનેજની મુલાકાતે સરવે જણાઓ તા૦ ૨૫ મીએ ગયા હતા તે વખતે શેઠ ડોશાભાઇ મારકરને આવકાર આપનારૂ માનપત્ર એનાયત કરવામાં આવયું હતું. એ આરફનેજમાં રૂ૧૦૦૦ શેઠ કેકોબાદ મારકરે તથા રૂ૭૦૦ શેઠ ફીરોઝ ગઝદરે આપયા હતા. તા૦ ૧ લી જુને સર રતન તાતા ડીસપેનસરીના તબીબ ડા૦ જમશેદ પે. પટેલના અદરાયલા ધણીયાણી બાઇ ગુલબાઇના મુંબઇમાં નીપજેલા મરણની ખબર પડવાથી મરહુમના ઉઠમણાની ક્રીયા કરી મરહુમના પુણ્ય માટે મુંબઇથી ગયલા ગ્રહસ્થોએ તથા ત્યાના રહીશોએ રૂ૪૫૪ ભરીયા હતા, તેના ૧૯૮૦ કરાન બાનુઓના અવસ્તા કલાસના ફંડમાં આપયા હતા, તેમજ એજ ફંડમાં શેઠ ફીરોઝ ગઝદરે રૂ૫૦૦ ની સડાત્રણ ટકાની લોન આપી હતી. યઝદમાં જરથોસતી બાનુઓએ એક મંડળ સ્થાપયું છે, તેઓ તરફથી તા૦ ૮ મી જુને દરેહમેહરમાં શેઠો મારકર, નરીમાન અને મુલ્લાને માનપત્રો આપવામાં આપયાં હતાં અને શેઠ મુલ્લાએ કરેલી વાયજો માટે સુનાનો ચાંદ પણ ભેટ આપયો હતો. એ મંડલને શેઠ પેસતનજી મારકરે રૂ૨૦૦ આપયા હતા. તા૦ ૯ મીએ શેઠ પેસતનજી મારકરના તથા બીજા ગ્રહસ્થોના માનમાં થયલા મેલાવડામાં શેઠ પેસતનજી મારકરને એક માનપત્ર તથા બે ગાલીચાઓ તેમજ શેઠ જી. કે. નરીમાનને, ડા૦ જમશેદ પટેલને, શેઠ ફીરોઝ ગઝદરને અને શેઠ દીનશાહ ઇરાનીને એકેક માનપત્ર તથા ગલીચો તથા ડા૦ જમશેદ પટેલને રૂપાનું વાઝ અંજુમને એનાયત કીધાં હતાં. એ વખતે શેઠ મારકરે રૂ૧૦૦૦૦ હુનર ઉદયોગની કેળવણીને સારૂ એક ઈનડસ્ત્રીયલ હોમ સ્થાપવા માટે આપયા હતા. યઝદ ખાતે અરબાબ શાપુર ગુસ્તાસ્પે પોતાના મરહુમ મામાઓ બેહમન અને રૂસ્તમ જમશીદની યાદમાં ૬૦૦૦ તુમાન (રૂ૧૮૦૦૦) ના ખરચે અનજુમને નાશેરીયે ઝરથુસ્ત્રીયાનેવાલું બંધાવી આપેલું નવું મકાન ત્યાની અંજુમનને સવાધીન કરવાની ક્રીયા કદમી રોજ ૫ મો માહ ૧૧ મો સને ૧૨૯૩, તા૦ ૧૦ મી જુન ૧૯૨૪ ને મંગલવારે કરવામાં આવી હતી. એ વખતે યઝદના ગવરનર નામદાર અદીદ-ઉલ-મુલકે મકાન ખુલ્લું મુકી જણાવયું કે આજે હીંદના સાહાશીક, અને કેલવાયલા જરથોસ્તીઓ પધારયા છે તેથી ઘણી ખુશાલી ઉપજે છે. શેઠ જી. કે નરીમાનને આપેલા માન માટે ઉપકાર માની ઈરાનની આબાદી માટે હીંદના જરથોસ્તીઓ ઘણા આતુર છે એમ જણાવયું હતું. એજ મેલાવડામાં ઇરાન દેશની બેહેતરી માટે સદા આતુરતા ધરાવનારા મુંબઈની ઇરાન લીગના પ્રેસીડંટ સર હોરમજી કાવશજી દીનશાહને એનાયત કરનારૂ અંજુમન તરફનું માનપત્ર વાંચવામાં આવયું હતું, તે સર હોરમજીને આપવા માટે શેઠ નરીમાનને આપયું હતું. યઝદથી ઉપડેલા સરવે જણાઓ તેહરાન ગયા હતા, ત્યા તા૦ ૧૧ મી જુલાઇએ તેઓના માનમાં અરબાબ કઇખુશરો શાહરૂખના પ્રમુખપણા હેઠળ એક મેલાવડો થયો હતો તે વખતે છોકરા તથા છોકરીઓની સ્કુલોમાં શેઠ મારકરે રૂ૧૦૦૦ અને શેઠ ગઝદરે રૂ૫૦૦ આપી અરબાબ કઇખુશરોને બે ચાંદીના ફ્લાવર પોટ શેઠ મારકરે ભેટ કીધા હતા અને આખી પારટી તરફથી બે રૂપાની કાસકેટ તથા ચોકસ રકમનો ચેક અંજુમને ભેટ આપવામાં આવયો હતો. વળી ઇરાનના વડા પ્રધાન અને કમાનડર-ઇન-ચીફ સરદાર રેઝાખાનને મુંબઇની ઈરાની અંજુમન તથા ઈરાન લીગ તરફનું એક ચાંદીનું કાસકેટ તા૦ ૧૨ મી જુલાઇએ ભેટ આપવામાં આવયું હતું. ઇરાન સીધારેલા સરવે સાહેબો બધે ફરીહરી સહી સલામત પાછા ફરતાં મારગમાં કેરાંચી ખાતે આખી પારટીને મુબારકબાદી આપવા

તા૦ ૧૨ મી આગસ્ટે જાહાંગીર રાજકોટવાલા બાગના બાઇ ખરશેદબાઈ નાદરશાહ એદલજી દીનશાહ હોલમાં દસ્તુર ધાલાના પ્રમુખપણા હેઠળ એક મેલાવડો કરી માનપાન આપવામાં આવ્યું હતું. એજ મુજબ મુંબઈમાં પણ તા૦ ૭ મી સપટેમબરે સર કાવશજી જાહાંગીર હોલમાં ઓનરેબલ જશતીસ દીનશાહ ફરદુનજી મુલ્લાના પ્રમુખપણા હેઠળ એક જાહેર મેલાવડો રથેસતાર મંડળ અને ઇરાન લીગ તરફથી કરી ઇરાન ગયલા જરથોસ્તીઓને સારો આવકાર આપવામાં આવયો હતો.

એક જરથોસ્તી ગ્રહસ્થે નારગોલની વહાડયા સ્કુલના નીભાવ માટે રૂ૩૯૦૦૦ ની લોન તથા એ સ્કુલના વીધ્યારથીઓને બપોરના ભોજન આપવા સારૂ રૂ૧૫૦૦૦ આપવા જણાવ્યું છે.

સખી વજુદ બાઈ જરબાઇ નવરોજી વાહાડયાએ મરહુમ દીકરા શેઠ રૂસતમના પુણ માટે વાંદરાના બાઇ શીરીનબાઇ કામાના કોનવેલેસંટ હોમના બીલડીંગ ફંડમાં રૂ૨૧૦૦૦ અને રૂ૬૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોન દેવલાલીની બહાદુરજી સેનેટરીયમના ફંડમાં એવણના મરહુમ ધણી શેઠ નવરોજીની યાદમાં આપી હતી કે એનું વ્યાજ ખાંધખોરાકી વગેરે આપવામાં વાપરવું. વળી બાઇ જરબાઈ તરફથી મહાબલેશ્વર ખાતેના પારસી જીમખાનાને લગતું બેડમીનટન વગેરે રમતો રમવા માટેનું એક મકાન મોટા ખરચે બંધાવી આપવામાં આવ્યું છે.

બાઇ દોલત જાહાંગીર ઇરાનીએ પોતાના માદરવતન ઇરાન ખાતેની જરથોસ્તી છોકરા છોકરીઓની સ્કુલમાં ટેકનીકલ કેળવણીનું ખાતુ સ્થાપવા માટે રૂ૩૦૦૦૦ની રકમ કયશરે હીન્દના માલેક ઉપર મોકલી આપી હતી અને એવણને એ રકમનો સઘલો વહીવટ કરવા તેમજ એ ખાતાં સાથ બાઇ દોલતનાં ધણીનું નામ જોડાયલું રાખવા જણાવ્યું છે.

દસ્તુરજી ખુરશેદજી એરચજી પાવરીના કેળવાયલા બેટી બાઈ બેપસી જેવણ મુંબઇ યુનીવરસીટીની બી.એ.ની ડીગરી ધરાવેછે તેવણ અવસ્તા પહેલવીના ઉંચાં અભયાસ માટે કોલંબીયા યુનીવરસીટીમાં જોડાવા સારૂં અમેરીકા જવા માટે તા૦ ૨૬ મી એપ્રીલ ૧૯૨૪ને દીને મુંબઇથી ઉપડી ગયાં હતાં. ત્યાં એવણને ત્રણ વરસ સુધી રહેવાનો મોટો ખરચ થવા જશે તે માટે એક જરથોસ્તી ગ્રહસ્થે રૂપ્યા પચીસ હજારની રકમ મોકલી આપી હતી.

ચીનના કાપડના વેપારીઓ મેસરસ બેજનજી કુંપનીના માલેકો શેઠો પેસતનજી બેજનજી શરાફ, નોશીરવાન બે. શરાફ, મોટાભાઇ બે. શરાફ તથા મનચેરશાહ બે. શરાફે રૂપીયા પચીસ હજારની કીંમતે પોતાના વલસાડ ગામમાં, મરહુમ પીતાજી શેઠ બેજનજીની યાદગારીમાં એક બાગ સરઅવસરે વાપરવા થકી પાકા મકાન સાથ બાંધી આપવા જણાવયું છે.

એક જરથોસ્તી ગ્રહસ્થે દાદર મટુંગા ખાતેના પારસી કોલોનીમાં સર અવસરે કીયા કામ કરવા માટે એક બીલડીંગ બાંધવાને રૂ૧૬૦૦૦ પારસી હાઉસીંગ સોસાયટીને આપયા હતા.

સુરતવાસી મરહુમ ડાકટર ફરદુનજી એદલજી શેરડીવાલાએ પારસીઓ માટે સખાવત માટે કાઢેલા રૂપીયા વીસ હજારમાંથી એવણના વીલના એક એકઝીકયુટર અને ભત્રીજા શેઠ સોરાબજી જમશેદજી શેરડીવાલાએ દાદાભાઇ પારખવાલું મોટું મકાન ખરીદ્યું છે. આ મકાન ખુલ્લી જમીન સાથે ૧૧૦૦ સમ ચોરસવાર જગયા રોકે છે જે પારસીઓ માટે વસવાતની ચાલીઓ બાંધવા જેવી કીંમતી છે.

શેઠ અરદેશર મેરવાન નશરાબાદીએ રૂ૧૪૦૦૦ ઇરાન ખાતેની સ્કુલમાં વ્યાજ વાપરવા માટે ઇરાની જરથોસ્તી અનજુમનને આપયા હતા.

મરહુમ શેઠ જીજીભાઇ દાદાભાઇના ધરમખાતા હસ્તક ચાલતી ભરૂચ ખાતેની કાંઠા ઉપરની નીશાળ ભાડેના મકાનમાં હતી તેથી એ નીશાળવાલું મકાન તથા તેને લગતી ખુલી જમીનનો

કટકે રૂ૧૧૦૦૧મા એ ધરમખાતાના ત્રસ્ટી શેઠ બેરામજી જીજીભાઈ તરફથી નવું મકાન બાંધવા માટે લેવામાં આવ્યો છે. આ નીશાળ લગભગ ૯૦ વરસ થયા ભરૂચ ખાતે ચલાવવામાં આવે છે.

વલસાડના જાણીતા શેહેરી ખા૦ બા૦ કાવસજી ધનજીભાઈ ધનભુરાએ કરેલી રૂ૬૭૨૪ની સખાવતની વીગત:—જાપાન રીલીફ ફંડમાં રૂ૧૨૫, બેંગલોર અગીયારીમાં રૂ૧૦૦, કનાક જીલ્લામા રેલ માટે રૂ૧૦૦, વલસાડ કફીઆ ઓવારા ઉપર ફલોટ બોટના વધારાના આપ્યા રૂ૨૩૭, રેડક્રોસ ફંડમાં રૂ૧૫૦, કલીકટ રેલ ફંડમાં રૂ૧૦૦, ચીખલીની અંગ્રેજી સ્કુલને રૂ૭૨૫, ગરીબોને અનાજ અપાવએ. તેના રૂ૯૪૪, દવા અપાવી તેના રૂ૧૩૪૨ અને પરચુતન ફંડો વગેરેમાં આપેલાં રૂ૨૯૦૧

શેઠ કાવસજી માણેકજી રૂ. બનાજી (કલકતાવાળા) તા૦ ૨૦ મી ડીસેમબર ૧૯૨૧ ને દીને પુના મધે બેહેસતનશીન થયા હતા, તેવણુના ઉઠમણામાં ધરમ ખાતે અપાયલી રકમમાંથી તેવણુના ત્રણ બેટીઓએ રૂ૧૨૦૦૦ નીચલાં ફંડોમાં આપ્યા છે:—રૂ૨૦૦૦ પુના ખાતે ગરીબ તથા મધયમ વરગના જરથોસતીઓ માટે રહેઠાણ બાંધવાના ફંડની શરૂઆત કરવા, રૂ૧૦૦૦ નો પોરટ ત્રસટ બોંડ કલકતાની શેઠ માણેકજી રૂસતમજી બનાજીની ધરમશાળાનાં નીભાવ ફંડમાં, રૂ૧૦૦૦ નો પોરટ ત્રસ્ટ બોંડ શેઠનશરવાનજી મા. પીટીટ દીવાના જરથોસતીઓના ફંડમાં, રૂ૧૦૦૦ નો પોરટ ત્રસ્ટ બોંડ મુંબઇની ઝોરાસ્ત્રીયન એસોસીએશન હસતકના બીલડીંગ ફંડમાં, રૂ૧૦૦૦ નો બોંડ દેવલાલી ડા૦ બહાદુરજી સેનેટેરીયમનાં ખોરાકી માટેના ફંડમાં, રૂ૧૦૦૦ નો બોંડ સોલાપોરની દરેહમહેરના નીભાવ ફંડમાં, રૂ૧૦૦૦ નો બોંડ બાઇ આવાંબાઇ ફ. પીટીટ પારસી ગરલસ ઓરફનેજમાં, રૂ૫૦૦નો બોંડ સર જમશેદજી જીજીભાઈ ઇનસટીટયુટનાં ગરીબ જરથોસતી વીદયારર્થીઓનાં ફંડમાં, રૂ૫૦૦ નો બોંડ શેઠ બેરામજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસટીટયુટના ગરીબ જરથોસતીઓનાં ભોજન ફંડમાં, રૂ૫૦૦ નો બોંડ સુરત પારસી ઓરફનેજમાં, રૂ૫૦૦ નો બોંડ સુરતની બાઈ ગુલબાઇ ન. મેહેતા પારસી મેટરનીટી હોસપીટલમાં, રૂ૫૦૦ નો બોંડ બેંગલોર દરેહમહેરના નીભાવ ફંડમાં, રૂ૫૦૦ નો બોંડ બેલગામની દરેહમહેરનાં નીભાવ ફંડમાં, રૂ૫૦૦ નો બોંડ મુંબઇના જશન મંડળીનાં ફંડમાં ધરમનીતી કેળવણી આપવાને માટે, અને રૂ૫૦૦ નો બોંડ મુંબઈ અથોરનાન મંડળનાં નીભાવ ફંડમાં.

રૂબી વજુદ બાઇ હીરાબાઈ જમશેદજી પીટીટ તે મરહુમ સર દીનશાજી માણેકજી પીટીટ પહેલા બેરોનેટનાં બેટીએ આ વરસે હમેશ મુજબ જુદા જુદા ધરમ ખાતાંઓમાં તથા ફંડોમાં નાણાંની સારી મદદ કરી હતી. એ ઉપરાંત રૂ૩૪૮૦ નીચે મુજબ આપયાછે:—ડા૦ માસીના હોસ્પીટલ કરજ ફંડમાં રૂ૧૦૦૦, મુંબઇના સેવાસદનમાં શીખતી છોકરીઓને વાપરવા સીવવાના સાંચા નંગ ૫ ખરીદવા રૂ૫૩૦, પારસી સેંત્રલ એસોસીએશન કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના ફંડમાં રૂ૪૦૦, ગરીબ જરથોસ્તીઓને મુફત અનાજ આપવાનાં ફંડમાં રૂ૩૦૦, પારસી ચેરીટી એસોસીએશન સોસાયટી હસ્તક ઇનડસ્ત્રીઅલ કલાસ ચાલુ કરી ગરીબ જરથોસ્તીઓને ધંધે લગાડવા રૂ૩૦૦, અથોરનાન મંડળ હસ્તકની મદરેસામાં શીખતા અથોરનાન વીદયારથીઓને વાપરવા થારસા વીગેરે ખરીદવા રૂ૩૦૦, મીરજ મીશન હોસ્પીટલ વોટર સપલાઇ ફંડમાં રૂ૧૫૦, ગરીબ જરથોસ્તીઓના રહેઠાણ હસ્તકની રતનબાઇ ફ. પાંડે સ્કુલનાં ભોજણ ફંડમાં રૂ૨૦૦, સર જમશેદજી જીજીભાઇ સ્કુલના ભોજણ ફંડમાં રૂ૧૦૦, શેઠ જીજીભાઇ દાદાભાઇ ખેતવાડી સ્કુલના છોકરાઓને ભોજણ જમાડવા રૂ૧૦૦, અને વીમેનસ ઈંડયન એસોસીએશનના ફંડમાં રૂ૧૦૦.

શેઠ માણેકજી રૂસતમજી પટેલ તરફથી રૂપયા દશ હજારને ખરચે તવડી ગામમા એક ડીસપેનશરીનું મકાન બંધાવી આપવા જણાવવામાં આવ્યું હતું.

સીકંદરાબાદ દખનના જાણીતા શેહેરી નવાબ સોરાબ નવાઝ જંગબાહાદુર અને તેવણના ધણીઆણી લેડી ગુલબાઇએ તારાપોરની દરેહમેહરના નીભાવ ફંડમાં રૂ૫૦૦૦ની પ્રોમીસરી નોટો આપી હતી.

નવસારીની બઝમે જશને રૂઝે બહેરામ માટે બંધાએલા મોદી બાગના મકાનનો માળ ભાણો તથા મેળાવડાઓ વખતે નાનો પડતો હોવાથી તે મોટો કરવા માટે જોઇતા રૂ૩૫૦૦ મા રૂ૨૦૦૦ શેઠો રૂસતમજી તથા નસરવાનજી નાનાભાઈ બોઇસે આપવાથી બાકી રૂ૧૫૦૦ બઝમના ફંડમાંથી ખરચી એ માળ મોટો કરી એકને બદલે બે દાદરો કરવામાં આવશે. જ્યારે એ બઝમના ઢોરોને પાણી પીવાનો હવાડો ભરાવવા માટે શેઠો બોઇસ બીરાદરો તરફથી વારસીક રૂ૧૦૦ આપવામાં આવતા હતા, તેને બદલે એ બાગની પાસેની જમીનનો ટુકડો ભેટ આપવામાં આવયો છે

મુંબઇના જાણીતા એકાઉનટનટો અને ઓડીટરો મેસરસ એસ. બી. બીલીમોરીઆની કંપનીવાળા શેઠ એસ. બી. બીલીમોરીઆએ પોતાના મરહુમ પીતા શેઠ બમનજી જમશેદજી બીલીમોરીઆની યાદમાં મુંબઇની યુનીવરસીટીની બેચેલર ઓફ કોમરસની ડીગ્રી માટેની પરીક્ષામાં એકાઉનટનસી અને ઓડીટીંગના વીષયમા સફળ નીવડનાર વીદ્યારથીને દર વરષે 'બીલીમોરીઆ મેડલ' નામનો સોનાનો ચાંદ આપવા માટે રૂપ્યા બે હજારની કીંમતની સરકારી લોન સીડનહેમ કોલેજને આપી છે.

મરહુમ શેઠ દાદાભાઈ એદલજી નીલગીરીવાલાની ઇસ્ટેટના એડમીનીસ્ત્રેત્રીક્સ બાઇ મહેરબાઇએ મરહુમ શેઠ એદલજી માણેકજી બીલીમોરીયા નીલગીરીવાલાના પુન માટે રૂ૨૨૦૦ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપી કે એના બ્યાજમાંથી દર વરસે ચોઠા ગાથાને દીવસે એક ગહમબાર કરાવવો.

શેઠ રૂશતમજી હોરમજી ચોકયાએ પોતાના મરહુમ ધણીયાણી બાઇ મેહરબાઇના પુણ માટે વલસાડના દોખમાને લગતાં કંપાઉન્ડના બગીચા માટે ત્યાના કુવા ઉપર હાથનો બાલડીઓનો રેંહટ, એને લગતી તાબાની તાંકી તથા કંમપાઉન્ડમાં નલો વગેરે લગભગ રૂપ્યા બારસોને ખરચે મુકાવી આપ્યું હતું.

કરાંચીના જાણીતા રહીશ ખાન બહાદુર કાવશજી હોરમજી કાતરકે રૂ૧૦૦૦ કરાંચીના પારસી ઇનસ્ટીટયુટના ફંડમાં આપ્યા હતા. એવણ પોતાની તબીયતના સુધારા તથા ધંધાને અરથે તા૦ ૧૦ મી મે ૧૯૨૪ ને દીને વેલાત ગયા ત્યારે કરાંચીની યંગ મેનસ ઝોરાસ્ટ્રીયન એશોશીએશન તથા પારસી ઈનસ્ટીટયુટ તરફથી તા૦ ૬ ઠી મે ૧૯૨૪ ને દીને એવણના માનમા એટ હોમનો મેલાવડો કરવામાં આવ્યો હતો. એવણે કરાંચીની પારસી હાઉસીંગ સોસાયટીને કરેલી સખાવતથી એ સોસાયટીએ કરાંચી ખાતે પારસી જીમખાનાની અડોઅડની જગયા મીલીટરી સતાવાળાઓ પાસેથી લઇ તેનાપર ઘર બાંધવાના ૬૩ પલોટો નકી કીધા છે. એ ૬૩ પલોટોમાંના ૧૮ પલોટોપર ખા૦ બા૦ કાવસજી કાત્રકે કોલોનીને પોતાનું નામ આપવાના બદલામાં રૂપીઆ સાઠ હજાર આપયા છે તેમાંથી ઘરો બાંધી તેમાં ૧૮ ઘણાજ ગરીબ કુટુંબોને નામનું ભાડું લઇ રાખવાના છે. બાકીના ૪૫ પલોટોપર જે ધણીઓ પોતાને ખરચે ઘરો બંધાવે અથવા હાયર સીસટમ મુજબ બંધાવે તેઓ માટે રાખયા છે.

શેઠ રતનશાહ કોયાજી વકીલ ઇલાવવાલા મરહુમ શેઠ જીવણજી લીમજીભાઇના ઉઠમણામાં ભરાયલા રૂપ્યામાંથી ભાથા ગામના ગરીબ જરથોસ્તીઓને સાં રૂવાન થાય ત્યારે મદદ આપવા માટે સુરતની પારસી પંચાયતને બ્યાજ વાપરવા રૂ૧૧૦૦ આપયા હતા.

શેઠ જાંગીર હોરમજી કામા તે મરહુમ શેઠ દાદાભાઈ નવરોજી દાવરના એક્ઝીક્યુટરે અમરેલીની સગડીમાં ચેરાગ રોશન રાખવાને માટે અમરેલીની અનજુમનના ત્રસ્ટી અને વહીવટદારને દર સાલ વયાજ આપવા માટે રૂ૨૦૦૦ ની રકમ સુરતની પારસી પંચાયતને આપી હતી.

શેઠ માણેકજી ધનજીબાઇ ધનજીશાએ વલસાડ ખાતે થતા ગહબારમાં ખરચ પુરો થતો નહી હોવાથી તેમાં બ્યાજ વાપરવા બીજા વધુ રૂ૨૦૦૦ વલસાડની જરથોસ્તી અંજુમનને આપયા હતા.

મરહુમ બાઈ જરબાઈ જાલભાઇ પેસતનજીના પુણ માટે એવણના માતાજી બાઇ માણેકબાઈ માણેકજી ધનભુરાએ વલસાડની જરથોસ્તી અંજુમનને રૂ૧૦૦૦ વયાજ વાપરવા આપયા હતા.

શેઠ મરઝબાન કાવશજી માસતરે મરહુમ શેઠ કાવશજી ડોશાભાઇના પુણ માટે રૂ૮૦૦ વલસાડની જરથોસ્તી અંજુમનને આપયા કે એનું વયાજ રૂવાન તથા ચેરાગ ફંડોમાં વાપરવું.

ખાo ખાo દાદાભાઇ આર. બલસારાએ રૂ૧૦૦૦ની રકમ મુંબઇની આંધળાઓની સંકટ નીવારણ મંડળીને આપી હતી.

ઇસતરન બેંગાલ રેલવેના એસીસટંટ એનજીનીયર શેઠ આર. પેસતનજીએ સુરત ખાતે ચેહેલી બાંધવાના ફંડમાં રૂ૧૦૦૦ ની રકમ આપી હતી.

શેઠ બરજોરજી નશરવાનજી મેગુસીએ રૂ૧૦૦૦ ની સાડા ત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપી કે એના વ્યાજમાંથી દર વરસે બીલીમોરાની શેઠ મનચેરજી શા. ટાટાની છોકરીઓની અંગ્રેજી સ્કુલના વીદયારથીને સુનાનો ચાંદ એવણને નામનો આપવો.

મરહુમ શેઠ હોરમજી એદલજી આશાના પુણ માટે એવણના છોકરાઓએ રૂ૭૦૦ બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપયા કે એના વ્યાજમાંથી દર વરસે મરહુમની બાજને દીને અફરગાન, બાજ શીયાવ સાથની કરાવવી.

એક જરથોસ્તી ગ્રહસ્થે રૂ૫૦૦ની સાડાત્રણ ટકાની લોન બીલીમોરાની જરથોસ્તી અંજુમનને આપી કે એના વ્યાજમાંથી બીલીમોરાના ગરીબ જરથોસ્તીઓને અનાજ અપાવવો.

શેઠ હોરમજી બેજનજી કાપડયાએ મુંબઇની બેરોનેટ ક્રીકેટ કલબને રૂ૫૦૧ ની રકમ ભેટ આપી હતી.

શેઠ એસ. આર. બમનજીએ જરનેલીસ્ટ એસોસીએશન ઓફ ઈંડિયાને રૂ૫૦૦ ની રકમ ભેટ આપી હતી.

શેઠ નામદાર મરઝબાન ઇરાનીએ પોતાનાં મરહુમ ધણીઆણી બાઇ લાલબાઇ, મરહુમ બેટાઓ શેઠો મરઝબાન તથા અસપંદીયાર તથા મરહુમ બેટી બાઇ આરમેનનાં પુન માટે તારાપોરની દરેહમેહરના ફંડમાં રૂ૫૦૧ આપયા હતા.

નાગપોરના જાણીતા શેહેરી ઓનરેબલ સર માણેકજી બેરામજી દાદાભાઇ બેરીસટર, સી. આઇ. ઈ. તરફથી નાગપોર ખાતેની યુનીવરસીટીને કાયદાના પુસતકોની પોતાની લાયબ્રેરી ભેટ આપવામાં આવી હતી.

સર રતન તાતા ચેરીટીઝના ત્રસટીઓ તરફથી તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૨૩ ને દીવસે આખર થયલાં પંદર મહીના દરમયાન નીચલાં ખાતાંઓમાં રૂ૨૬૮૭૦૦ ની રકમ આપવામાં આવી હતી:— નાગપોર ખાતેની મુર હોસપીટલના બહારના દરદીઓને માટે ઇમારત બાંધવા માટે રૂ૩૦૦૦૦, સાનટીનીકેટન (બેંગલોર) ખાતેનો ડા૦ રવીનદરનાથ ટાગોરના " વીસવા ભારતી " માટે પરદેશોથી આવતા વીદયારથીઓને રાખવા સારૂ એક ખાસ અલોકની ઈમારત બાંધવા માટે રૂ૨૫૦૦૦, અમદનગર ખાતેના લાચાર બાળકોને માટેના સર રતન તાતા ઇનસટીટયુશન ફોર ડેસટીટયુટ ચીલડરનવાલા ખાતાને રૂ૨૮૫૦૦, ખઈના દરદીઓ માટેના કનઝમટીવઝ હોમ સોસાયટીઝ સેનટરલ એનડાઉમેંટ ફંડમાં (સીમલા ટેકરીપરના ધરમપોર ખાતેના કીંગ એડવરડ સેનેટેરીઅમ ફોર કનઝમટીવઝ) રૂ૨૫૦૦૦ તથા ધરમપોરના કીંગ એડવરડ સેનેટોરીયમ માટેની કનઝમટીવઝ હોમ સોસાયટીને રૂ૨૦૦૦૦, લાચારી અને ગરીબાઇના કારણો બાબે તપાસ ચલાવવાને માટે લનડન મધેના ધી રતન તાતા ફાઉંડેશન એનડ ડીપારટમેંટ ઓફ સોશીયલ સાયનસવાલા ખાતાને રૂ૨૧૦૦૦, જમશેદપુર ટેકનીકલ ઈનસટીટયુશનને (ફંડના સામાનય નીભાવ

માટે રૂ૧૫૦૦૦ અને કેપીટલ ગ્રાંટ મધે રૂ૫૦૦૦, બંનેને માટે ૫ વરસની આપવામાં આવેલી કબુલાતની રૂએ) રૂ૨૦૦૦૦, જાપાનીસ ધરતીકંપના આફતના સંબંધમાં નામદાર વાઇસરોય તરફના ફંડમાં રૂ૨૦૦૦૦, નારગોલ ખાતેની નશરવાનજી આર. તાતા ડીસપેનસરીને દવાખાનાનો અખતયાર ધરાવનારા તબીબ અમલદારને માટેનું રહેવાનું મકાન બાંધવા માટે રૂ૧૦૦૦૦, પુના ખાતેની સરદાર દસ્તુર નોશેરવાન ગરલઝ હાઇ સ્કુલ અને સરદાર દસ્તુર હોશંગ બોયઝ સકુલના એનડાઉમેનટ ફંડમાં રૂ૧૦૦૦૦, લંડનમાં ઇનડયન સ્ટુડંટસ યુનીયન અને હોસટેલના જાથુકના હોમ માટેની એક નવી ઇમારત ખરીદવા માટેના ફંડમાં રૂ૭૫૦૦, મુંબઈના લાચાર ભીખારીઓના નીવારણ ફંડમાં રૂ૬૦૦૦, બંગાલની રેલના નીવારણ ફંડમાં રૂ૫૦૦૦, કેનેરા ખાતેની રેલના નીવારણ ફંડમાં રૂ૫૦૦૦, રેડ ક્રોસ ફેટ ફંડમાં રૂ૫૦૦૦, એલેકઝાનડરા ગરલઝ ઈંગલીશ ઈનસટીટયુશનના એનડાઉમેંટ ફંડમાં રૂ૫૦૦૦, નારગોલની નશરવાનજી આર. તાતા ડીસપેનસરીને રૂ૪૭૫૦, નારગોલની બાઇ હીરાબાઇ તાતા ગરલઝ સ્કુલને રૂ૨૭૫૦, ઈનડીયન એજયુકેશન સોસાયટીને (દાદર ખાતેની સોસાયટીની સ્કુલ માટે) રૂ૨૦૦૦, સ્ત્રી જરથોસ્તી મંડળને રૂ૨૦૦૦, પુના ખાતેના સેવાસદનને રૂ૨૦૦૦, "સાસાનીયન સીક્કા" એ બાબતપર એક ચોપડી પ્રગટ કરવાના ખરચ માટેનો ફાલો રૂ૨૦૦૦, એડમસ વાયલી હોસપીટલને રૂ૨૦૦૦, મુંબઇની પ્રીનસેસ હાઇ સ્કુલ ફોર ગરલઝ રૂ૧૮૦૦, પાઇકુલી લેખ બાબે શોધખોલ ચલાવવા માટે ઇરાન મધેના પ્રવાસને લગતા ખરચને માટે પ્રોફેસર હરટઝ ફેલડને રૂ૧૫૦૦, પંચગણી ખાતેના બેલએર સેનેટોરીઅમને રૂ૧૨૦૦, પીપલઝ ફ્રી હોસપીટલ એંડ ધી નેશનલ મેડીકલ કોલેજ (એક વરસ સુધી એક બીછાનું નીભાવવાને માટે) રૂ૧૨૦૦, મુંબઇના સોસીયલ શરવીસ લીગને રૂ૧૦૦૦, સર કાવસજી જહાંગીર નવસારી જરથોસતી મદરેસાને રૂ૧૦૦૦, મુંબઇના સેવાસદનને રૂ૧૦૦૦, ચંદારામજી ગરલઝ હાઇ સ્કુલને રૂ૧૦૦૦ મુંબઇના ઇરાનીઅન એસોસીએશનને રૂ૧૦૦૦, પારસી પાયોનીઅર બેટેલઅન ફંડમાં રૂ૧૦૦૦, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી ઇનડીઅન વીમેનઝ યુનીવરસીટી (હીંગન–બદરાક વાયા પુના) રૂ૨૦૦૦, અહમદનગરના રેવરંડ ડા૦ આર. એ. હયુમનને અહમદનગર મધે ગરીબ ગામડીઆઓને સારૂ ઝુપડાંઓ બાંધવાને સારૂ રૂ૧૦૦૦, "તુરબત–એ–હાઈદરી" (ઇરાન ધરતીકંપ ફંડમાં ઇરાન એલચી મારફતે) રૂ૧૦૦૦, સુરત હીંદુ એસ્ટનેજને રૂ૧૦૦૦, અને પરચુટણ ડોનેશનો તથા સકોલરશીપો માટે આપેલા રૂ૮૫૦૦. નાગપોરની મુર હાસપીટલના બાહારના દરદીઓની ઈમારત મધ્ય પ્રાંતના ગવરનર સર ફ્રેંક સ્લાઇએ તા૦ ૨૪ મી જુલાઇ ઇસ્વી સને ૧૯૨૪ ને દીને સવારે ખુલ્લી મુકવાની ક્રીયા કરી હતી. તેમ કરતાં તેવણે જણાવયું હતું કે આ દવાખાનું તબીબી મદદ માટે અને સ્ત્રીઓ તેમજ બચ્ચાંઓના રોગો માટે ભારે પ્રખ્યાતી પામશે. ખાસ કરીને તેમણે આ દવાખાનાનું મકાન બંધાવવા માટે ત્રીસ હજાર રૂપીઆની ઉદાર સખાવત આપવા માટે સર રતન તાતાના ત્રસ્ટીઓનો આભાર માનયો હતો.

શેહેનશાહી અનજુમનના ત્રસટીઓ તરફથી દર સાલ મુજબ આ વરસે રૂ૧૨૨૦૦ની રકમ નીચલા ધરમખાતાંઓમાં મોકલી આપવામાં આવી હતીઃ— ડા૦ દારૂવાલા ગરીબ જરથોશતીઓ માટે સસતાં ભાડાંની ચાલના ફંડમાં રૂ૧૨૦૦, પારસી પંચાયત હસ્તકનાં મુંબઈના જરથોસ્તી સ્વાનોના અવલમંજલ ફંડમાં રૂ૧૨૦૦, ડા૦ બાગીના હાસપીતાલના ફંડમાં રૂ૧૦૦૦, પારસી દરદીઓ માટે ધરમપોરની ખડીની સેનીટેરીયમનાં ફંડમાં રૂ૫૦૦, ડા૦ ટેમુલજીવાલા પારસી સુવાવડખાનાનાં ફંડમાં રૂ૫૦૦, શેઠ નશરવાનજી મા. પીટીટવાલા પારસી દીવાનાઓના ફંડમાં રૂ૫૦૦, વાંદરાના બાઇ શીરીનબાઇ મ. કામાવાલા કોનવેલેસંટ હોમમા રૂ૫૦૦, ડા૦ બહાદુરજીવાલા દેવલાલીનાં સેનેટેરીઅમના ફંડમાં રૂ૫૦૦, મુંબઇના પારસી એમબ્યુલંસના ફંડમાં રૂ૫૦૦, તેહરાનની જરથોસતી છોકરીઓનાં નીશાળના ફંડમાં રૂ૫૦૦, પારસી ફીવર હોસપીટલના ફંડમાં રૂ૫૦૦, ગરીબ બાપ વીનાનાં બચચાંઓ અને વીધવાઓને આશરો આપવાના

ફંડમાં રૂ૫૦૦, નવસારીના શેઠ મેહેતાના સુવાવડખાનાના ફંડમાં રૂ૫૦૦, સર જમશેદજી જીજીભાઇ સકુલના એનડાઉમેનટ ફંડમાં રૂ૫૦૦ તથા ભોજન ફંડમાં રૂ૩૦૦, શેઠ બેહેરામજી જીજીભાઇ સ્કુલના એનડાઉમેનટ ફંડમાં રૂ૫૦૦ તથા ભોજન ફંડમાં રૂ૩૦૦, શેઠ જમશેદજી ન. પીટીટ ઓરફનેજના ફંડમાં રૂ૩૦૦, બાઇ આવાંબાઈ ફરામજી પીટીટ છોકરીઓની ઓરફનેજના ફંડમાં રૂ૩૦૦, પારસી બેકારી ફંડમાં રૂ૩૦૦, જામે જમશેદ હરાતકના ગરીબ જરથોશતીઓને આશરો આપવાના ફંડમાં રૂ૩૦૦, ડા૦ દાજીવાલા ઇનડસ્ત્રીયલ હોમમાં રૂ૩૦૦, શેઠ કે. આર. કામા ઓરીયેનટલ ઇનસટીટયુટના ફંડમાં (પારસી વીદ્યારથીઓના લાભ માટે) રૂ૩૦૦, જરથોસતી સ્ત્રી મંડળના વરક કલાસ ફંડમાં રૂ૧૦૦ અને પુનાની સરદાર દસ્તુર નોશીરવાનવાલી જરથોસ્તી છોકરીઓની નીશાળના ફંડમાં રૂ૨૦૦.

શેઠ નશરવાનજી જાહાંગીર વાહાડયા ચેરીટી ફંડના ત્રસ્ટી ડાકટર સર તેમુલજી ભીખાજી નરીમાને આ વરસે રૂ૧૯૩૫૦ની રકમ નીચલાં ધરમ ખાતાઓમાં આપી છેઃ—શેઠ નશરવાનજી જાહગીરજી વાહડીઆ આનત મેડીકલ કોલેજ જીમખાનાને રૂ૧૦૦, જરથોસ્તી છોકરાઓ અને છોકરીઓની નીશાળની ફીના રૂ૧૨૦૦, મુંબઇની જશન કમીતીને ધરમની કેલવણી આપવા રૂ૩૦૦૦, ઝોરાસ્ત્રીઅન ફીજીકલ કલચર ને હેલથ લીગને રૂ૧૦૦૦, શેઠ નશરવાનજી જહાંગીરજી વાડીઆ ચેરીતેબલ દીસપેનસરીને રૂ૧૨૦૦, જે. જે. હાસપીતાલમાં રૂ૨૦૦૦, પારસી સેનતરલ એસોસીએસન કોઓપરેતીવ સોસાયતીને દાદર પર પારસી કોલોનીમાં એક નીશાલ ઉઘાડવાને અને તેમાં શરૂઆતના સામન ખરીદવા માટે રૂ૫૨૫૦, સોસાયતી ફોર ધી પ્રોતેકશન ઓફ ચીલડ્રનને રૂ૨૦૦૦, બાઇ આવાબાઇ ફરામજી પીટીટ છોકરીઓની ઓરફનેજને પાંચ માબાપ વગરની છોકરીને દાખલ કરવા વરસ દહાડાની ફીના આપયા રૂ૧૨૦૦ અને જરથોસ્તીઓને પગાર આપયા તેના થયલા રૂ૧૫૦૦.

મરહુમ શેઠ ન. મા. વાહાડયાના ત્રસ્ટીઓએ આ વરસે નારગોલની વાહાડયા સ્કુલમાં રૂ૨૦૦૦, દીહલીની ડા૦ શરાફવાલી આંખની હાસપીટલની બીલડીંગના ફંડમાં રૂ૧૦૦૦૦, ઇરાનમાં થયલા ધરતીકપના સંકટ નીવારણ ફંડમાં રૂ૫૦૦૦, અને ઝાલાવાડમાં જુદે જુદે ઠેકાણે ઘાસ નાખવા માટે રૂ૧૦૦૦ આપવા ઉપરાંત બીજા ધરમખાતાઓ વગેરેમાં સારી મદદ કરી હતી. શેઠ ન. મા. વાડીઆ ચેરીટીઝ ત્રસ્ટની અંદેરી ખાતે આવેલી આંબોલીવાલી માલકમ બાગવાળી જગયામાં ગરીબ પારસીઓને સસ્તે ભારે રાખવા માટેની બાઇ મોટલાબાઇ વાડીયા ચેરીટીઝ બીલડીગોમાંની ચાર બીલડીંગો એક માળ સાથની તઈયાર થઇ છે. દરેક બલોકમાં ચાર ભાડુતોની સગવડ કીધી છે અને દરેક ભાડુતને બે ઓરડા એક રાધણી મલશે. ભોંયતળીઆના ૧ ગાળાનું ભાડું રૂ૧૦ તથા પેહેલે મારના ગાળાનું ભાડું રૂ૧૨ રાખ્યું છે અને તા૦ ૧ લી મે ૧૯૨૪ થી ભાડે આપવામાં આવે છે.

શેઠ ખુર્શેસ્તા ખરશેદજી મેમોરીયલ ફંડમાંથી પંઢરપુર અનાથાશ્રમને રૂ૨૫૦૦ ની ૬ ટકાની ગવરમેન્ટ લોન વ્યાજ વાપરવાની સરતે આપવામાં આવી હતી.

હોંગકોંગવાલા મરહુમ શેઠ હોરમસજી નસરવાનજી કુંપરના પારસી ગરીબોને મદદ કરવાના ધરમખાતાના ત્રસ્ટીઓ લેફટનટ કરનલ ડૉ૦ મેરવાનજી પે. ખરેઘાટ, શેઠો બરજોરજી કા. કુપર અને મેરવાનજી કા. કુપર તરફથી પારસી પંચાયતના અવલમંજલ પોહોચાડવાના ફંડમાં રૂ૫૦૦, મરહુમ શેઠ નશરવાનજી મા. પીટીટના દીવાના પારસીઓ માટેના ફંડમાં રૂ૩૦૦, પારસી ગરલસ સ્કુલ એસોસીએશનને રૂ૫૦૦ અને સેનટ જોન એમબયુલનસ બ્રીગેડના પારસી ડીવીઝનને રૂ૪૧૫ મલી રૂ૧૭૧૫ આપવામાં આવ્યા હતા.

નવસારીના મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાજીએ સ્થાપેલા જરથોસ્તી અંજુમન બેહેતરી ફંડમાંથી જાનેવારીથી ડીસેમબર ૧૯૨૩ સુધીમાં નીચે મુજબ મદદ આપવામાં આવી

હતી:—આ ફંડમાં કુલે આવક રૂ૭૫૦૭-૯-૧૧ ની થઇ હતી અને કુલે ખરચ રૂ૫૬૪૭-૪-૦ નો થયો હતો, તેમાં અભ્યાસીઓને મદદ તરીકે રૂ૩૦૦, ભાષાણો કરવા માટે રૂ૫૫-૧૪-૦, ધરમને લગતી ચોપડીઓને ઉત્તેજન માટે રૂ૧૨૧-૧૦-૦, નવસારીની સ્ત્રી કેળવણીને મદદ તરીકે રૂ૨૩૯-૧૩-૦, નવસારીની વડી દરેહમેહર તથા આતશબેહરામમાં રૂ૧૪૧-૧૧-૦, નવસારીના જરથોસ્તી છોકરાઓને સ્કુલ તથા કોલેજની કેળવણી માટે રૂ૩૬૦૬-૮-૦, ધરમી મકાનોની મરામત માટે રૂ૧૦૧ અને લગન, નવજોત, મરણ વગેરે માટે રૂ૧૦૮૧-૧૨-૦ આપ્યા હતા. એ ઉપરાંત રૂપ્યા ચાર હજારની લોન ખરીદી, તેમા રૂ૨૩૧૦ આપ્યા છે એટલે કુલે ખરચ રૂ૭૯૫૭-૪-૦ નો થયો છે. આ સાલની આખરીએ આ ફંડની થાપણ રૂ૧૫૧૫૦૦ની સાડાત્રણ ટકાની લોનમાં છે, એ ઉપરાંત પોસ્ટ હાફીશ સેવીંગસ બેંકમાં રૂ૫૭૯૮-૧૪-૧૧, મુંબઇ બેંકની ચોપડીમાં રૂ૨૯૧૬-૧૧-૪ અને શીલક રૂ૨૮૦-૧૩-૭ની હતી.

મરહુમ શેઠ પેસતનજી એદલજી મહેતાની યાદગીરી રાખવાના નવસારીનાં મલેશરના ગરીબ જરથોસતીઓને આશરો આપવાનાં ફંડમાં આ વરસે જુદાં જુદાં બાનુઓ તથા ગ્રહસ્થોએ સર અવસરે તથા ઉઠમણા વખતે ભરેલા રૂ૨૬૮, તાતકાલીક મદદ કરવા માટે હેલ્પીંગ મેમબરોએ ભરેલા રૂ૧૭૬, ફંડની સીકયુરીટીના વ્યાજના રૂ૫૫૦ મલીને રૂ૯૯૪ ભરાયા હતા. આ ફંડની આવકમાંથી નવસારીના મલેસર ફલીઆના ગરીબ પારસીઓને અનાજ, કપડાં, સ્કુલ ફી, લગન, તથા મરણ ખરચ વીગેરે માટે મદદ આપી છોકરીઓને ઈંગરેજી ભાષાનું ગ્નાન આપવાના વરગો કાઢયા છે, તેમાં માસીક મદદ આપવામાં આવે છે અને મુકતાદ ટાંકણે ગરીબોને અનાજ વેહેંચવામાં આવે છે.

શેઠ મહેરબાન રૂસતમ શેહેરીયાર કશનાવીયા મુંબઇમાં તા૦ ૧૪ મી એપ્રીલ ૧૯૨૩ ને દીને મરણ પામ્યા હતા. એવણ પોતાની બધી મીલકત પોતાની બેટીને આપી ગયા છે કે તેની આવકમાંથી દર વરસ રૂપ્યા અઢી હજાર અલાયદા કાહાડી તેમાંથી રૂપ્યા એક હજાર દર વરસ ઇરાનમાં યજદ ખાતે સ્થાપવામાં આવનારી ઝોરાસ્ત્રીયન ઓરફનેજના ખરચમાં આપવા અને બાકીના રૂપ્યા દોઢ હજાર યજદમાં આવેલાં કાસનવીય ગામડાંમાં ગહમબાર કરવા માટે ખરચવા.

મુંબઇના રહીસ શેઠ હોરમસજી શાપુરજી સીરવાઇ જેવણ ઇ. વીબ્રીજ એંડ કુંપનીને નામે ધંધો ચલાવતા હતા તેવણ તા૦ ૨૪ મી મારચ ૧૯૨૪ ને દીને મરણ પામયા હતા. તેવણે પોતાના વીલમાં જણાવયું છે કે હયુજીસ રોડ ખાતેની એવણની જગયા ઉપર ગરીબ તેમજ મધયમ વરગનાં પારસીઓ માટે મકાનો ઉભાં કરવાને લગતી તેવણની ઓફરનો મુંબઇની પારસી પંચાયતે સવીકાર કીધો છે. આ બીલડીંગ મરનારે પોતાના ધણીઆણી બાઇ જાઇજીને નામે બાંધવાને જણાવયું છે અને તે માટેનો સઘળો ખરચ આપવા પોતે કબુલ્યુ છે. મજકુર મકાન બાંધવાનું કામ એવણની હયાતી દરમયાન નહી પુરૂં થાય તો તે બાબમાં એવણના વીલના એકઝીકયુટરોએ એવણની મીલકતમાંથી મકાન બાંધવા માટેનો બાકીનો ખરચ આપવો.

કોલંબોના વેપારી શેઠ પાલનજી નવરોજી કાપડયા તા૦ ૨૩ મી આગસ્ટ ૧૯૨૩ ને દીને મુંબઈ મધે મરણ પામયા હતા. એવણે પોતાના વસીયતનામામાં જણાવ્યું હતું કે એવણના ધંધામાં થતા નફાની કુલ્લે રકમમાંની દશ ટકા જેટલી રકમ ધરમાદા ખાતે વાપરવી. વળી એવણે એક ધરમાદા ફંડ ખોલ્યું હતું જે 'એ' અને 'બી' એવા બે ભાગમાં વહેંચી નાખયું હતું. 'એ.' એકાઉંટ કોલંબો ખાતેની ચેરીટી માટે અલગ રાખયો હતો જયારે 'બી.' એકાઉંટ કે જેમાં તેવણના મરણ વખતે રૂ૪૮૦૦૦ હતા, તેનો નીચે મુજબ વહીવટ કરવાને જણાવયું હતું:— રૂ૫૦૦૦ મુંબઇની પારસી પંચાયતને આપવા અને તેનું વયાજ ગરીબ જરથોસતીઓ વચે વહેંચી આપવું, રૂ૫૦૦૦ કોલંબોની ફરેનડ-ઇન-એઇડ સોસાયટીને ફકત વયાજ વાપરવા માટે આપવા, રૂ૫૦૦૦

કોલ'ઓ ખાતેની નહી સાજા થઇ શકે એવાં દરદીઓના ડીરેકટરને આપવા કે તેનું વયાજ નહી સાજા થઇ શકતા દરદીઓ વચે વહેંચી આપવું, રૂ૧૦૦૦૦ કોલ'ઓના પારસી મોબેદો માટેના ફંડમાં આપવા અને મુંબઇની ઝોરાસ્ત્રીયન એસોસીએશન એજયુકેશન ફંડમાં રૂ૨૦૦૦૦ એવી શરતે આપવા કે એ રકમમાંથી પારસી સેનત્રલ એશોસીએશન હાઉસીંગ સોસાયટીના શેરો ખરીદી તેનું વ્યાજ ગરીબ માબાપ વગરના પારસી બાળકોને ચોપડી, તેમજ સ્કુલ અને કોલેજ ફી આપવામાં વાપરવું.

મુંબઇનાં રહીશ બાઇ પઉરચીસ્તા કામા રૂશતમજી જેવણ મરહુમ શેઠ ખરશેદજી રૂ. કામાના દીકરી થતાં હતાં, તેવણ અમેરીકા ખાતે ચીકાગો મધે તા૦ ૧૮ મી મેને દીને મરણ પામ્યાં હતાં. એવણ પોતાના પાછલ રૂ૪૨૪૨૫ ની મીલકત છોડી ગયાં છે. પોતાના વીલમાં મરનાર બાનુએ જણાવયું છે કે એવણની સઘળી મીલકતનાં વયાજની રકમ એવણના ધણીની હઇયાતી દરમયાન તેવણને આપવી અને એવણના ધણીનાં મરણ પછી એ વયાજની રકમ એવણની બે બેહેનોને અને બેહેનોનાં મરણ પછી એવણની મીલકતની સઘળી રકમ મુંબઈનાં કે. આર. કામા મેમોરીયલ ઈનસટીટયુટને આપી દેવા જણાવયું છે.

મરહુમ શેઠ સોરાબજી દાદાભાઇ દુબાશે પોતાનાં વીલમાં દરશાવેલી રૂ૪૦૦૦૦ ની સખાવતના બોંડસ પારસી પંચાયતના ત્રસટી સાહેબો જોગ મોકલી આપવામાં આવયા છે.

મરહુમ બાઇ મીઠીબાઈ તે શેઠ બરજોરજી અરદેશર એંટીના ધણીયાણી અને મરહુમ શેઠ બમનજી નશરવાનજી વકીલના બેટીએ પોતાના વીલમાં રૂ૧૯૫૦૦ નીચલા ફંડોમાં આપવા જણાવયું છે :– સુરતની બાઇ ગુલબાઇ ન. મેહેતા મેટરનીટી હોસપીટલમાં રૂ૬૦૦૦, સુરતની શેઠ રૂસ્તમજી ધ. તારાચંદ પારસી જનરલ હોસપીટલમાં રૂ૬૦૦૦, શેઠ પેશતનજી વકીલના સુરતના કદમી આતશબેહરામના ઈજિશની, બાજ આફરગાન વગેરેના નીભાવ ફંડમાં રૂ૩૫૦૦, શેઠ દાદાભાઇ ન. મોદીના સુરતના શેહનશાહી આતશબેહરામમાં ઇજશની, બાજ આફરગાન ફંડમાં રૂ૩૦૦૦, અને પંચાત હસતકની ગરીબ પારસીઓ માટેની ચાલીના ફંડમાં રૂ૧૦૦૦. એ ઉપરાંત શેઠ બરજોરજી એંટીએ દર વરસના દે માસનો બેહરામ રોજનો પાંચમો ગંબાર મરનારને નામનો ભાવનગરમાં કરવા માટે વયાજ વાપરવાની સરતે રૂ૫૦૦૦ આપી ગયા દે માશનો પાંચમો ગંબાર ભાવનગરમાં કરયો હતો.

મુંબઇના રહીશ બાઇ માણેકબાઇ હોરમજજી મોદી તા૦ ૧૯ મી એપ્રીલને દીને ગુજર પામયાં હતાં. તેવણે પોતાના વીલમાં જણાવયું છે કે રૂ૫૦૦૦ ની રકમ અલાહેદી રાખી તેનું વ્યાજ એવણના મરનાર ધણીની વરસ દીવસે પડતી બાજની ક્રીયા કરવા પાછળ ખરચવું અને એ દીવસે અપંગ લુલાં જરથોસતીઓને ખવડાવવું. જો એમ કરતાં વયાજની રકમ વધતી હોયતો તે પોતાના ગરીબ કુટુંબીઓને મદદ આપવા પાછળ ખરચવા જણાવ્યું છે.

ખાનબહાદુર ફરામજી નશરવાનજી સંતોક તે માંઉનટ આબુના એક આગલા પારસી વેપારી તા૦ ૧૯ મી એપ્રીલ ૧૯૨૪ ને દીને મુંબઈ મધે ગુજરયા હતા. તેવણે પોતાના વીલમાં જણાવ્યું છે કે રૂ૪૦૦૦ અલગ કાઢી તેના વયાજની રકમ પોતાના મરણ પામેલા વડવાઓ તેમજ કુટુંબીઓના બાજ રોજગાર વીગેરે ધરમ ક્રીયાઓ કરવા પાછલ વાપરવી.

મુંબઇના રહીશ શેઠ સોરાબશાહ દોરાબશાહ ડોકટર તા૦ ૧૭ મી ફેબરવારીને દીને મરણ પામયા હતા. તેવણે પોતાનાં વીલમાં જણાવ્યું હતું કે ખેતવાડીના જરથોસતી તરફથી ધારમીક ક્રીયાઓ કરવા માટે ઉભા કરેલા ફંડમાં રૂ૧૦૦૦, પારસી હાઉસીંગ સોસાયટીને રૂ૧૫૦૦, બમનજી દી. પીટીટ પારસી જનરલ હોસપીટાલમાં રૂ૫૦૦, ડો૦ માસીના હાસપીટલમા રૂ૫૦૦, અને પારસી પંચાયત હસતકના બાંધયા નસેસાલારોના ફંડમાં રૂ૫૦૦ આપવા. વલી આ વીલમાં મરનારે

એવું જણાવ્યું છે કે એવણુની મીલકતમાની રૂ૫૦૦૦ ની રકમ અલાહેદી રાખી તેની વયાજની રકમ એવણુના મરનાર કુટુંબીઓની વારશીક ધારમીક ક્રીયા કરવામાં વાપરવી.

મુંબઇવાલા ડાકટર અરદેશર પેસતનજી કામા માથેરાન ખાતે તા૦ ૧૯ મી એપ્રીલ ૧૯૨૩ ને દીને મરણ પામ્યા હતા. એવણે પોતાના વીલમાં રૂ૧૦૦૦ ફરામજી મનચેરજી કામાના ધરમ ફંડમાં અને રૂ૧૦૦૦ પારસી કોમના લાભ માટેના ફંડમાં આપવા જણાવ્યું છે. એ ઉપરાંત મરનારે બીજા ધરમ ખાતાંઓમાં પણ મદદ કરવા લખ્યું છે.

બાઈ મોતીબાઇ સોરાબશાહ દલાલ જેઓ ગયે સાલ મુંબઈમાં મરણ પામ્યાં હતાં તેમણે પોતાના વીલમાં રૂ૫૦૦ ભરૂચની પારસી પંચાયતનાં ફંડમાં આપવા જણાવ્યું છે.

જરથોસતી અનજુમનનાં આતશબેહેરાંમની ૨૭ મા વરસની સાલગરેહ રોજ ૩ જો માહા ૨ જો સને ૧૨૯૩ ને દીને પડી તે વખતે બાર માસના વંચાયલા રીપોરટમાં જણાવવામાં આવ્યું હતું કે કારોબાર મંડળીના ખજાનચી અને ટ્રસ્ટી તરીકે શેઠ ફરદુનજી પાલનજી પાવરીને અને સભાસદ તરીકે શેઠ અરદેશર એદલજી શીરવઇને તેમજ મેસરસ દસ્તુરની કુંપનીને ઓનરરી સોલીસીટર તરીકે નેમ્યા છે. શેઠ નાદરશાહ દોરાબશાહ પટેલે નવ બાજત તથા એક પરદો, શેઠ રૂશતમજી મનચેરજી મીસ્ત્રીએ ગુમબજના બારણા સારૂ રૂપાની એક તોરણ, અને બાઇ આઇમાય સોરાબજી સોડાવોટરવાલાએ કાચની એક કબાટ ભેટ આપી છે. બાજ રોજગારની ક્રીયાઓ માટે વ્યાજ વાપડવા સારૂ મરહુમ શેઠ હોરમસજી એ. આલબલેશનાં પુણ માટે બાઇ પીરોજા તથા શેઠ બાપુજી અરદેશર ચીનાઇએ રૂ૧૫૦૦, મરહુમ બેહેન મોતીબાઈ ફ. આલબલેશનાં પુણ માટે બાઇ બીખાઈજી જમશેદજી ચીનાઇએ રૂ૧૫૦૦, અને શેઠ દોરાબજી ખરશેદજી ઘડીઆળીએ પોતાના બેશીઓનાં પુણ માટે આગળ પડાવેલાં ખાતામાં નોટ રૂ૧૦૦૦ ની તથા રોકડા રૂ૫૦ મલીને રૂ૪૦૫૦; સુધારા વધારાના ફંડમાં એક ગ્રહસ્થે બેહેસ્તનશીન માતાજી કુંવરબાઇની યાદમાં રૂ૫૦૦, શેઠ બાપુજી હોરમસજી સકલાતવાળાએ રૂ૧૦૧, આતશબેહેરાંમમાં મુકેલી પેટીઓમાંથી મલ્યા રૂ૧૫૧૮ અને સુધારા વધારાની રકમનાં વ્યાજના રૂ૭૪૧ મલી રૂ૨૮૫૦; સને ૧૨૯૨ માં થયલી આવકમાં આતશબેહેરાંમસાહેબની બોય દેવાનો હક મોબેદોને આપેલો તેના વસુલ થયા માસ ૧૧ ના રૂ૫૭૦૧, શેઠ જમશેદજી બીખાજી પંથકીએ મકાનના પેન્ટીગના રૂ૫૦૧, શેઠ નવરોજી ન. શરાફે રૂ૧૭૫, શેઠ બાપુજી હો. સકલાતવાલાએ રૂ૧૦૧, એક જરથોસ્તી બાઇએ રૂ૧૦૧, શેઠ દાદાભાઇ કંટરાકટર હોલમાં મુકતાદ માંડવા માટે નેમેલા લવાજમના દસ્તુરજી મીનોચેહરજી કેખશરૂ પાસેથી મલ્યા રૂ૮૩૧, આતશબેહેરામ સાહેબની ૨૬ મી સાલગરેહને દીને જશનો તથા લાઇટ કરવા માટે જરથોસ્તીઓમાં ભરાયલા રૂ૯૫૭, શેઠ દાદાભાઇ કંટરાકટર હોલમાં ભાષણો કરવાની રજાની ફીના તથા ઇલેકટ્રીક લાઇટ તથા પંખા વાપડવામાં આવ્યા તેના રૂ૩૮૭, જરથોસ્તીઓએ પોતાને ત્યાંના અવસરે ઇલેકટ્રીક લાઇટ કરાવી તેના રૂ૧૦૦, બાજ રોજગાર વીગેરેનાં ખાતાની બાજની આવકમાંથી ટકા ૧૫ મજરે લીધા રૂ૧૪૮૭-૮-૯, જુના સામાનના વેચાણના રૂ૧૦, બાજ તથા મુકતાદની ક્રીયાઓ કરાવવા વગેરે માટેના ખાતાંઓના વ્યાજના રૂ૯૨૪૨, ચાલુ ખરચમાં વાપરવા માટેના ખાતાઓનાં વ્યાજના રૂ૩૮૮૦, કાઠી વ્યાજના રૂ૪૪૦, બતી કરવા માટે વ્યાજના રૂ૨૪૮-૮, લાયબ્રેરી વ્યાજના રૂ૧૭૫, શેઠ કાવસજી દીનશાજી એદનવાલાના ગુમબજને રીપેર કરવા વ્યાજના રૂ૨૦૫ અને શેઠ દાદાભાઈ ન. કનત્રાકટર હોલને રીપેર કરવાના વ્યાજના રૂ૪૭૦ મલી જુમલે રૂ૨૫૦૧૨-૦-૯ ની થયલી આવક, સને ૧૨૯૨ માં થયલો ખરચ, તેમાં કારોબાર મંડળીનું કામકાજ કરનાર તથા હીસાબ લખનાર મેહેતા, લાઇબ્રેરીઅન અને માણુસો વીગેરેના પગારના રૂ૩૬૪૧-૮, કોપરેલ તથા ઇલેકટ્રીક લાઇટના રૂ૧૬૦૮-૮, વીમાના દલાલી બાદ રૂ૫૬૨-૮, કાઠીના રૂ૩૪૬-૮, દસ્તુરજીના

આદર માસના હકના રૂ૧૦૮૮-૧૪-૭, સાલગરેહનાં જશનો વીગેરેના રૂ૮૧૫-૪, પરચુટણ ખરચ રૂ૭૯૨-૧૨-૪, બરશનુમવાળા મોબેદોને સને ૧૨૯૨ની રૂ૨૫૮ની વહેંચણી તથા તેને લગતા છપામણી વીગેરેના રૂ૨૭૧-૧૪, આતશબેહેરામના મકાનમાં રીપેર કામને લગતા ખરચના રૂ૨૯૯ છપામણીના રૂ૪૦૧, શેઠ દાદાભાઇ કનત્રાકટર હોલની મરામતના રૂ૭૦-૮, શેઠ કાવસજી દી એદનવાળાના ગુમબજના મરામતના રૂ૭૩-૧૨, અને બાજ રોજગાર તથા મુકતાદની ક્રીયાઓ કરવી, માચીઓ ચહડાવી તે વીગેરેના ખરચના રૂ૮૫૧૩-૨-૯ મળી કુલે રૂ૧૮૪૮૬-૩-૮ નો ખરચ થયો હતો.

નવસારીના આતશબેહરામના બીલ્ડીંગ ફંડમાં આ વરસે ભરાયલા રૂપ્યામાની મુખ્ય રકમોની વીગત :-એરવદ ખુરશેદજી બે. શહયારે આગલ આપેલા રૂ૬૦૦૦૦ માં વધારો કરી આપયા રૂ૧૫૦૦૦, મરહુમ બાઇ ડોશીબાઇ આદરજી કોટવાલનાં એકઝીકયુટરો રૂ૫૦૦૦૦, શેઠ મેરવાનજી ના. મેહતા રૂ૨૦૦૦૦, શેઠ ડોસાભાઇ હોરમજી ભીમરડીવાલા રૂ૨૦૦૦૦, એરવદ રૂશતમજી કાવશજી મોદી રૂ૬૦૦૦૦, મરહુમ દસ્તુર સોરાબજી બરજોરજી અને અરદેસર સોરાબજી દસ્તુર દારાબપાહલનની પુંજીમાંથી રૂ૧૦૦૦૦, શેઠ રૂશતમજી બેજનજી ઘડીઆલી રૂ૫૦૦૦, શેઠ રૂશતમજી નવરોજી મુલ્લાએ રૂ૫૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, શેઠ સોરાબજી બરજોરજી ગારડાજીએ રૂ૫૦૦૦ની સાડાત્રણ ટકાની લોન, મરહુમ શેઠ મનચેરજી ખરશેદજી પાવરીની પુંજીમાંથી રૂ૫૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, શેઠ બરજોરજી પેસ્તનજી બારીઆએ રૂ૫૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, હોંગકોંગના જરથોસ્તીઓ રૂ૩૧૦૮, શેઠ કેખસરૂ કોલાભાઇ વાંદરીવાલા રૂ૧૦૦૧, શેઠ કેરસાસજી ધનજીભાઇ વાંદરીવાલા રૂ૧૦૦૦, શેઠ બાપુજી દો. દારૂવાલા રૂ૧૦૦૦, એક જરથોસ્તી રૂ૧૦૦૦, એક જરથોસ્તી રૂ૧૦૦૦, અને મરહુમ શેઠ નવરોજી ધનજીભાઇ ગોલવાલાનાં પુણ માટે રૂ૧૦૦૦.

નવસારીના આતશબેહરામ તથા વડી દરેમેહરનાં નીભાવ ફંડમાં ભરાયલાં રૂ૮૩૮૦૦ માની મુખ્ય રકમો :-લેડી નવાજબાઇ રતનજી તાતાએ રૂ૫૦૦૦ ના ૬ ટકાના બોન્ડ, એરવડ પેશતનજી નશરવાનજી મસાંણીએ રૂ૭૫૦૦ની સાડાત્રણ ટકાની લોન, શેઠ અરદેશર ફરામજી દોરદીએ રૂ૫૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, એરવડ પેસુતન કાવસજી કોટવાલે રૂ૫૦૦૦ ની સાડત્રણ ટકાની લોન, બાઇ ખરસેદબાઇ રૂસતમજી નરીમાન તરફથી રૂ૫૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, મરહુમ શેઠ બેરામજી દારાબશા નરીમાનની નઇયતે રૂ૫૦૦૦, મરહુમ શેઠ મનચેરજી ખરશેદજી પાવરીની પુંજીમાંથી રૂ૨૨૦૦ ની સાડાત્રણ ટકાની લોન, બાઇ મેહરબાઈ પાલનજી કાપડયાએ નીભાવ ફંડ અને ક્રીયા કામ માટે રૂ૨૫૦૦૦, મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાંએ સ્થાપેલાં જરથોસ્તી અંજુમન બેહતરી ફંડમાંથી રૂ૨૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, જરથોસ્તી બાનુએ રૂ૧૫૦૦ ની સાડાત્રણ ટકાની લોન, બાઇ બચુબાઇ હોરમજી કુટારે રૂ૧૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, બાઇ મેરબાઇ હોરમજી નરીમાને રૂ૧૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, શેઠ જમસેદજી એદલજી મોદીએ રૂ૧૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, મરહુમ એરવડ મનચેરજી પા. કુતારની નઇયતે રૂ૫૦૦૦ ની સાડાત્રણ ટકાની લોન, અને શેઠ એદલજી રૂસતમજી ફ્રનીબંદા રૂ૫૦૦૦.

બેંગલોર શહેરની અગીયારી બાંધવાના ફંડમાં ગયે વરસે છપાયલા રૂ૨૧૦૭૨-૮-૦ પછી બીજા વધુ ભરાયલા રૂ૨૨૨૮૦-૫-૦ માની મુખ્ય રકમોઃ-બાઇ હીરાંબાઇ જ. પીટીટે મરહુમ બાવા સર દીનશાહજીની યાદમાં રૂ૧૦૦૦ની સાડાત્રણ ટકાની લોન, શેઠ નવરોજી ખરશેદજી લાકડાંવાલા તથા બાઈ માણેકબાઇ ન. લાકડાંવાલાએ મરહુમ માતાજી આવાંબાઇ ખ. લાકડાંવાલા તથા મરહુમ બાઇ બમનજી ખરશેદજીનાં પુણ માટે રૂ૫૦૦ તથા મરહુમ ખા૦ બા૦

ખુલ્લો મેલાયલો હોલ તથા મોબેદોનું મકાન—મુંબઈના જાણીતા મેસરસ બોમ્બસ કંપનીવાળા બીરાદરો શેઠો રૂશતમજી તથા નશરવાનજી નાનાભાઈ બોમ્બસે સ્થાપેલા ક્રીયા ક્રમ માટેના ટ્રસ્ટ ફંડની યોજનાને અંગે બહારકોટના શેઠ દાદીશેઠના આતશ બેહરામમાં જરથોસ્તીઓ માટે પાવ મેહલની મોતેબર ક્રીયાઓ કરાવવાની સગવડ આપનારો હીદોલાવાળો એક "હોલ" તથા એ ક્રીયા કરનારાં ઉડવાડાના ચાર મોબેદોને રહેવાનું મકાન બંધાવી આપવામાં આવ્યું છે. એ બેઉને ખુલ્લાં મેલવાની ક્રીયા રોજ ૨૦ મો માહા ૯ મો તા૦ ૨૬ મી મે ૧૯૨૪ ને સોમવારે એ ટરસ્ટ ફંડના ટરસ્ટીઓ તરફથી કરવામાં આવી હતી. જશન કરવા પછી કદમી વડા દસ્તુરજી ગારડાજીના પ્રમુખપણા હેઠળ એક ટરસ્ટી શેઠ જહાંગીર જ. વીમાદલાલે જણાવ્યું કે આપણી દીનમાં સઘળી ક્રીયાઓમાં સઉથી મોતેબર બુલંદી પાવ મેહલની ક્રીયાઓને આપેલી છે. આ માહાન ક્રીયાઓ કરાવી શકાય તે માટેની સગવડો હમદીનોને આપવાની મકસદથી શેઠો બોમ્બસ બીરાદરોએ એક લાખ રૂપીઆનું ત્રસ્ટ કીધું છે. આ પાક આતશ બેહરામના કમપાઉન્ડમાં જગા આપી તે માટે દસ્તુરજી ગારડાજીનો તથા આતશ બેહરામના ટરસ્ટીઓનો ઉપકાર માન્યે છીએ. છેક ઉડવાડેથી મુંબઈમાં પગે ચાલીને પવીત્ર આલાત ૧૦ દહાડાની મુસાફરી કરીને ક્રીયા કરનારા મોબેદો સલામત લાવ્યા છે. આ ટરસ્ટ ફંડના ટરસ્ટીઓ તરીકે નીચલા ગ્રહસ્થોની નેમણુંક કરવામાં આવી છે:—શેઠો રૂસતમજી ના. બોમ્બસ, નશરવાનજી ના. બોમ્બસ, દીનશાહ કાવસજી, અરદેશર રૂ. બોમ્બસ, જહાંગીર જ. વીમાદલાલ, ફરેદુન કે. દાદાચાનજી, જહાંગીર ખ. દાજી, અરદેશર એ. દલાલ, સોરાબજી ના. બનાજી, દીનશાહ શા. મસાની અને ફીરોઝ શા. મસાની.

દાદર તરફ ખુલ્લી મુકાયલી બીલડીંગો—દાદર મટુંગા ખાતેની પારસી કોલોનીમાં ત્રણ બીલડીંગો ખુલ્લી મુકવાની ક્રીયા રોજ ૨૪ મો માહ ૯ મો ય. સને ૧૨૯૩, તા૦ ૩૦ મી મે ૧૯૨૪ ને શુકરવારે થઈ હતી. સેકરેટરી શેઠ મનચેરજી જોશીએ જણાવ્યું કે આ ત્રણ મલી પંદર બીલડીંગો બંધાઇ છે અને બીજી સાત બંધાય છે. એ પછી શેઠ સોરાબજી વોરડને ત્રણ બીલડીંગો ખુલ્લી મુકી હતી.

દાદર તરફ ખુલ્લી મેલાયલી શાળા—દાદર મટુંમાના પારસી કોલોનીમાં એક પ્રાથમીક શાળા શેઠ નશરવાનજી જાહાગીર વાહાડીયાના ચેરીટીઝ (ધરમખાતા) માંથી રોજ ૧૧ મો માહા ૧૦ મો ય. સને ૧૨૯૩, તા૦ ૧૬ મી જુન ૧૯૨૪ ને સોમવારે ડાકટર સર ટેમુલજી બીખાજી નરીમાનના પ્રમુખપણા હેઠળ એક મેલાવડા સનમુખ ખુલ્લી મુકવામાં આવી હતી. શેઠ મનચેરજી જોસીએ જણાવ્યું કે હવાં ૧૨૫ પ્લોટોમાંથી પારસી હાઉસીંગ સોસાયટી તરફથી પંદર મકાનો બંધાયા છે તેમજ જુદા જુદા ધણીઓએ પોતાની ધણીયાતી બીલડીંગો પણ ઉભી કીધી છે. સર ટેમુલજીએ શેઠ વાહાડયા ચેરીટીઝમાંથી આ શાળાના ખરચ માટે સારી જેવી રકમ આપી તેના નીભાવ માટે દર માસે રૂ૫૦ આપવા કબુલ્યાથી સોસાયટી તરફથી આ સ્કુલ

સ્થાપવામાં આવી છે. શેઠ રૂસ્તમ મસાની અને તેવણના મરહુમ ખાણી સ્કુલ ચલાવવા માટે સારી મદદ કરે છે તથા સર ટેમુલજીએ આપેલી મદદ માટે એએ સરવેનો ઉપકાર માનવામાં આવે છે. એ પછી સર ટેમુલજીએ શેઠ મનચેરજી જોશીની અથાગ મેહનત માટે શાબાશી આપી સ્કુલ ખુલ્લી મેલાયલી જાહેર કીધી હતી.

વાંદરા ખાતે ખુલ્લી મુકાયલી સેનેટરીયમ—વાંદરા ખાતે દરીઆ કીનારે પારસીઓ માટે સેનેટરીયમનું એક મોટું આલીશાન મકાન દરેક રીતની સગવડ સાથે લગભગ રૂપીઆ સાત લાખને ખરચે ખાન બહાદુર હોરમજી ખરશેદજી ભાભા તરફથી બાંધવામાં આવ્યું છે. એ મકાન બંધાઇ તૈયાર થવાથી રોજ ૧૧ મો માહા ૧૦ મો ય. સને ૧૨૯૩, તા૦ ૧૬ મી જુન ૧૯૨૪ ને સોમવારથી વપરાસમાં લેવામાં આવ્યું છે. એ સેનેટરીયમને લગતી કોઇબી વીગત તથા એને લગતા છાપેલા ફારમો માટે શેઠ સોરાબ બી. દાદીબરજોર વકીલને દીના હાઉસ, ગોવાલ્યા તલાવ ખાતે લખવાથી મલી શકશે.

ભીંડી બજારની શેઠ પટેલની દરેહમેહરનો નખાયલો પાયો—મુંબઈમાં ભીંડી બજાર ખાતે આવેલી શેઠ મહેલલાશા પટેલની દરેહમેહરનું નવું મકાન જે ગ્રાંટરોડ ખાતે બાલારામ સ્ટ્રીટમાં બાંધવામાં આવે છે તેનો પાયો નાખવાની ક્રીયા રોજ ૨૦ મો માહા ૧૦ મો ય. સને ૧૨૯૩, તા૦ ૨૫ મી જુન ૧૯૨૪ ને બુધવારે એ દરેહમેહરના ટ્રસ્ટીઓ તરફથી શેઠ માણેકજી કાવશજી પીટીટે કરી હતી. એ પછી ટ્રસ્ટી શેઠ દાદાભાઈ મેરવાનજી જીજીભાઇએ જણાવ્યું કે પારસી વસ્તી ભીંડી બજારમાંથી નીકલી જવાથી હાઇ કોરટની પરવાનગી લઇ ૩૭૦૦૦૦માં દરેહમેહરની જમીન તથા મકાન વેચ્યાં હતાં અને પાક આતશના કેબલાને નવું મકાન બંધાય ત્યાંસુધી કોલાબાની શેઠ જીજીભાઇ દાદાભાઇવાલી દરેહમેહરમાં લઇ જઇને રાખ્યાં છે. ગ્રાંટરોડની બાઇ આવાબાઈ પીટીટની ૭૪૨ ચોરસવાર જગા વારના રૂપીઆ પચીશ લેખે વેચાતી લીધી છે. માલ ઉપર હોલ બાંધવા સારૂ બાઇ હીરાબાઇ જ. પીટીટે તથા બેશીઓએ નાણા ભરીયા છે તે માટે તથા બાઇ હમાબાઇ જાહાંગીરની કીમતી સહલા માટે તથા બીજા મદદ કરનારાઓનો એવો સરવેનો ઉપકાર માનવામાં આવે છે. એ પછી શેઠ માણેકજી પીટીટે પાયાનો પથર નાખવાની ક્રીયા કરી હતી.

દાદર-મટુંગા તરફ ખુલ્લા મુકાયલા મકાનો—દાદર મટુંગા ટ્રામ ટરમીનસ આગળ પારસી કોલોનીની નજદીક ગરીબ જરથોસ્તીઓ માટે બે નવા મકાનો ખુલ્લા મુકવાની ક્રીયા રોજ ૨૩ મો માહ ૧૧ મો ય. સને ૧૨૯૩, તા૦ ૨૬ મી જુલાઇ સને ૧૯૨૪ને સનવારે સાંજે સમસુલ ઓલમાં દસ્તુરજી દારાબ પેસોતન સંજાણાએ એક મોટા મેલાવડા સનમુખ કરી હતી. એ પછી જામે જમશેદના માલેક શેઠ જાહાંગીર બેરામજી મરઝબાને પોતાનો ૩૫ વરસનો ગરીબો માટેનો અનુભવ રજુ કીધો હતો, તેમાં કેટલાક ગરીબોની સ્થીતી કેવી દયા ઉપજાવવા જેમ છે તેની વીગત જણાવી પોતાને આવા કામમાં બીજા મદદ કરનારાઓનો ઉપકાર માન્યો હતો. લડાઇના વખતમાં લશકરી સત્તાવાલાઓએ આ મકાનો બાંધયા છે ત્યાં પાંચ લાખનો મોટો ખરચ કરીને ઉભી કરી હતી. આમાની બે જગા ૩૨૦ ફીટ લાંબી પંદર વરસની મુદત માટે આપવામાં આવી છે. આ બે મકાનોમાં ૩૪ પારસી ગરીબ કુટુંબોનો સમાવેશ થશે. આવા ધરમી કામમાં મારા બેટાઓ બાર વરસ થયા મદદ કરે છે અને હમેશાં કરતાં રહેશે. એ પછી દસ્તુરજી દારાબજીએ મકાનો ખુલ્લાં મુકાયલા જાહેર કરી શેઠ જાહાંગીર મરઝબાન ગરીબોની પાસબાની કરવા માટે ઘણી જેહમત લઇ મોટો આશરો આપે છે તે માટે લંબાનથી એવણની સ્તુતી કરી ઉપકાર માન્યો હતો. એ પછી શેઠ મનચેરજી એદલજી જોશીએ શેઠ મરઝબાનની સેવાઓ માટે

વખાણ કરી જણાવ્યું કે આ બે મકાનો પાછલ ૨૩૪૦૦૦ નો ખરચ થયો છે અને કમપાઉન્ડ વોલ લાઇટ વગેરે પાછલ બીજા ૩૨૦૦૦ નો ખરચ થશે.

કરાંચીની ખુલ્લી મુકાયલી દરેહમેહર—કરાંચી ખાતે સદરની શેઠ હીરજીભાઈ બેહરાનાની દરેહમેહરમા પૂરીથી મોટા સુધારા વધારા કરી મકાન ખુલ્લુ મુકવાની ક્રીયા રોજ ૨૦ મો માહા ૧૨ મો ય. સને ૧૨૯૩, તા૦ ૨૪ મી આગસ્ટ સને ૧૯૨૪ ને રવીવારે વડા દસ્તુર ડા૦ માણેકજી નશરવાનજી ધાલાના પ્રમુખપણા હેઠળ કરવામાં આવી હતી. દસ્તુરજી ધાલાએ અવરતા કલામો પઢી દુવા ગુજારીયા પછી મરહુમ ખાન સાહેબ માણેકજી બરજોરજી કોલાબેવાલાની યાદગારીમાં મોબેદોને બરશનુમ લેવા માટે બંધાવેલો નવો ઓરડો ખુલ્લો મુકયો હતો. આ મકાન બાંધવા માટે આરકીટેકટ તરીકે શેઠ એદલજી રતનજી આગાએ આપેલી મદદ માટે એક શીયાલ તથા પરસ ભેટ આપી હતી પણ એમણે પરસ પાછી અગીયારીના ટ્રસ્ટીઓને આપી હતી.

ખુલ્લુ મેલાયલુ હોસટેલ—યંગ મેનસ પારસી એસોસીએશન તરફથી સ્થાપાયલા પારસી હોસટેલને ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૨૭ મો માહા ૧૨ મો ય. સને ૧૨૯૩, તા૦ ૩૧ મી આગસ્ટ ૧૯૨૪ ને રવીવારે એસોસીએશનના ચાંટરોડ ખાતેના મકાનમાં, એ એસોસીએશનના પ્રેસીડંટ સર હોરમજી કાવશજી દીનશાહના હાથે કરવામાં આવી હતી. શરૂઆતમાં જશન કરવા પછી હોસટલની કેટલી જરૂરીયાત હતી તે વીષે કેટલુંક વીવેચન કરવા પછી સર હોરમજીએ હોસટલ ખુલ્લું મુકયું હતું.

સીગનપોરમાં ખુલ્લી મુકાયલી દરેહમેહર—સીગનપોરના રહીસ શેઠ એદલજી કુંવરજી પટેલે સીગનપોર ખાતે એક દરેહમેહર બંધાવી આપી છે તેને હજી જશન કરી ય. સને ૧૨૯૩ નાં અસપંદાર મહીનામાં ખુલ્લી મુકવામાં આવી હતી.

જરથોસ્તીઓને મલેલા ખેતાબો.

આપણી રાજ કરતી બ્રીટીશ કોમના ઇસ્વી સને ૧૯૨૪ ના નવા વરસની ખુશાળીમાં અપાયલા ખેતાબો તથા માન અકરામમાં નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત થયાં હતા :—

લંડન ખાતે ગયલા હીંદના હાઇ કમીશનર શેઠ દાદીબા એમ. દલાલને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત થયો હતો.

ખાન બહાદુરનો ખેતાબ મુંબઇ સરકારના સીનીઅર મદદનીશ સેક્રેટરી શેઠ એદલજી જમશેદજી ઉનવાલાને, જસદણ સ્ટેટના રીજંટના સહલાકાર શેઠ નશરવાનજી એજનજી દમરીને ; ખાન સાહેબનો ખેતાબ મુંબઇવાલા શેઠ સોરાબજી રતનજી કંટ્રાકટરને અને મુંબઈવાલા શેઠ ફ્રામજી મનચેરજી ડાક્ટરને એનાયત કરવામાં આવ્યો હતો.

નામદાર માનવંત શેહનશાહ જ્યોરજ પાંચમાનો જનમ તા૦ ૩ જી જુન ૧૮૬૫ ને દીવસે થવાથી એ નામદારની ૬૦ મી સાલગ્રેહના મુબારક દીવસની ખુશાલીમાં બહાર પડેલા માન અકરામ તથા ખેતાબોના લીસ્ટમાં નીચલા જરથોસ્તીઓને ખેતાબો એનાયત કરવામાં આવ્યા હતા :—

અમદાવાદના જાણીતા શેહેરી ખાન બહાદુર સરદાર રૂશતમ જાહાંગીર વકીલને સર નાઇટનો નામીચો ખેતાબ એનાયત કરવામાં આવ્યો હતો. એવણને મલેલા આ ખેતાબની ખુશાલીમાં સર રૂશતમ તથા લેડી રૂશતમજીના માનમાં અમદાવાદની રીફોરમ કલબના મેમબરોએ તા૦ ૨૬ મી આગસ્ટે એક ખાણાનો મેલાવડો કરયો હતો. તેમજ તા૦ ૪ થી સપટેમબરે જાહાંગીર વકીલ મીલસ તરફથી શેઠ મંગલદાસ ગેરીંગભાઇએ ઇવનીંગ પારટીનો મેલાવડો કરી એવણને માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

મુંબઇના જાણીતા શેહેરી બાઇ હીરાંબાઇ કાવશજી જાહાંગીરને કયસરે હીંદનો સોનાનો ચાંદ એનાયત થયો હતો.

લંડનવાલા શેઠ આર. રૂશતમજીને ઓ. બી. ઇ. (સીવીલ) નો યાને ઓફીસર ઓફ ધી ઓરડર ઓફ બ્રીટીશ એમપાયરનો ખેતાબ એનાયત થયો હતો.

પુણાના વેપારી ખાન બહાદુર એમ. એન. મેહતાને એમ. બી. ઇ. યાને મેમબર ઓફ ધી બ્રીટીશ એમપાયર (સીવીલ ડીવીઝનનો) ખેતાબ એનાયત થયો હતો.

ખાન બહાદુરનો ખેતાબ કાઠયાવાડની એજનસી પોલીસના ડેપ્યુટી સુપ્રીંટેનડન્ટ શેઠ બેહરામશાહ ફરદુનજી દાવરને, જોધપુર સ્ટેટની પોલીસના ઇનસપેકટર જનરલ શેઠ માલકમ રતનજી કોહાવાલાને ; ખાન સાહેબનો ખેતાબ એડન સેટલમેંનટના હેડ એસેસર અને સેક્રેટરી શેઠ એદલજી એફ. રૂશતમજી કાંગાને અને મુંબઇની કરંનસી ઓફીશના ડેપ્યુટી ત્રેઝરર શેઠ બમનજી અરદેશર મુકાદમને એનાયત થયો હતો.

માઇસોર સ્ટેટના રેવન્યુ સરવે અને સેટલમેંટના સુપ્રીટેનડન્ટ શેઠ ડી. કે. દારાશાહને માઇસોરના નામદાર માહારાજાએ ભરેલી દરબારમાં "રાજ કારય પ્રસકતા" નો ખેતાબ એનાયત કીધો હતો.

જરથોસતીઓને મલેલા ચાંદો, સરતીફીકેટો.

સેંટ જોન એમબ્યુલંસ એસોસીએશનના હીંદ મધેનાં કામમાં આપેલી કીંમતી સેવાની કદરશનાસીમાં ઓરડર ઓફ સેંટ જોનના સોવરેન હેડ નામદાર શેહનશાહ પાંચમા જોરજની સમતીથી નીચલા બાનુ તથા ગ્રહસ્થોના નામો ઓરડર ઓફ સેંટ જોનના ડોનાટોની ટીપમાં આમેજ કરી તેઓને ડોનાટના ચાંદો એનાયત કીધા હતા:—શેઠ ડોસાભાઇ ફરામજી પંથકી એમ.બી. ઇ.ને (ડોનાટનો રૂપાંનો ચાંદ), બાઇ શીરીન ડોસાભાઇ પંથકીને (ડોનાટનો બ્રોઝ મેડલ), કેપટન કેખસરૂ સોરાબજી પટેલ, એમ. બી. બી એસ; આઇ. એમ. એસ. ને (ડોનાટનો બ્રોંઝ મેડલ), અને શેઠ માણેકશાહ રૂસ્તમજી પટેલને (ડોનાટનો બ્રોંઝ મેડલ).

શેઠ ગુસ્તાસ્પજી નશરવાનજી ગઝદરને (ડોનાટ ઓફ ધી ઓરડર ઓફ સેંટ જોન) તરફથી એસોસીએશનની બજાવેલી સેવાની પીછાણમાં મજકુર ઓરડરના ગ્રાંડ પ્રાયર નામદાર ડયુક ઓફ કોનાટ અને ચેપટર–જેનરલ તરફથી ઉપકાર માનનારી વેલમ વોટ ઓફ થેંકસની સરટીફીકેટ એનાયત કરવામાં આવી હતી.

ઓરડર ઓફ સેંટ જોનના ગ્રાંડ પ્રાયર નામદાર ડયુક ઓફ કોનાટની બહાલીથી પારસી એમબ્યુલંસ ડીવીઝનના નીચલા સભાસદોને "લોંગ સરવીસ મેડલ" અને "સરવીસ મેડલ બાર" એનાયત કરવામાં આવયા હતા–"સરવીસ મેડલ બાર"–બ્રીગેડમાં પંદર વરસની "એફી-શંટ" અને માન ભરેલી સેવા બજાવવા માટે થરડ ઓફીસર ધનજીશાહ સોરાબજી ભરૂચાને અને સ્ટાફ સારજંટ રૂસતમજી પેસતનજી થાણાવાલાને; "લોંગ સરવીસ મેડલ"–બ્રીગેડ મધે બજાવેલી દશ વરસની "એફીસંટ સરવીસ" માટે કોરપોરલ રતનશાહ સોરાબજી સુરતી, કોરપોરલ જાલેજર કાવસજી મુલ્લાં, કોરપોરલ સોરાબ રૂસતમજી મોદી, પ્રાઇવેટ એરચશાહ રૂસતમજી દારૂવાલા, પ્રાઇવેટ જાલેજર નવરોસજી બલસારા, પ્રાઇવેટ રૂસતમ મંચેરજી તારાપોરવાલા, પ્રાઇવેટ દીનશાહ મેરવાનજી દારૂખાનાવાલા, પ્રાઇવેટ રૂસતમજી મંચેરજી કાપડયા, પ્રાઇવેટ કેખસરૂ માણેકજી કાંગા, પ્રાઇવેટ નાદીરશાહ સોરાબજી તંબોલી, પ્રાઇવેટ માણેકશાહ સોરાબજી દારૂવાલા, પ્રાઇવેટ માણેકજી અરદેશર દાવર, પ્રાઇવેટ હોરમસજી બેરામજી કાબરાજી, અને પ્રાઇવેટ નવરોજી જમશેદજી વાડયાને એનાયત થયો હતો.

સેંટ જોન એમબ્યુલંસ એસોસીએશનના ઓનરરી લાઇફ મેમબરશીપની સરટીફીકેટ કેપટન મેહલાશાહ ઇ. પાવરી, બાઇ રતનબાઇ એફ. પાવરી, ડા૦ બરજોર પી. કરાંણી અને શેઠ અરદેશર બે. હોમાવજીરને એનાયત થઇ હતી. શેઠ જમશેદ-દો. દેશાઇને વોટ ઓફ થેંકસની સરટીફીકેટ અને ડા૦ હોમી એફ. પાવરીને ઓનરરી એકઝામીનરની સરટીફીકેટ એનાયત કરવામાં આવી હતી.

પારસી નરસીંગ ડીવીઝનનાં નીચલાં બાનુ સભાસદોએ ડીવીઝન મધે બજાવેલી દશ વરસની "એફીસંટ" અને માન ભરેલી સરવીસ માટે ઓરડર ઓફ સેંટ જોનના ગ્રાંડ પ્રાયર નામદાર ડયુક ઓફ કોનાટની બહાલીથી "લોંગ સરવીસ મેડલ" મરહુમ બાઇ શીરીન ડોસાભાઈ પંથકી, બાઇઓ બીખાઈજી બમનજી મોદી, અને જાઇજી કાવસજી વજીફદારને એનાયત કરવામાં આવયો હતો. ઓરડર ઓફ સેંટ જોનનો સરવીસ મેડલ મેળવનારાં આ પહેલાંજ પારસી બલકે હીંદી બાનુઓ છે.

પારસી બેટેલ્યનના કેપટન સોરાબ રૂ બામજીને વોલંટીયર લોંગ સરવીસ મેડલ એનાયત થયો હતો.

ઓહદા–નેમણુંક–વગેરે.

નામદાર વાઈસરાયની લેજીસલેટીવ એસેમબલી–વડી ધારાસભાના સભાસદો તરીકે સરદાર બમનજી અરદેસર દલાલને (મુંબઇ તરફના નોન–ઓફીશયલ મેમબર તરીકે), શેઠ રૂશતમજી ફરદુનજીને (સેંત્રલ પ્રોવીનસ તરફથી), સરદાર રૂશતમજી જાહાંગીર વકીલને (ગુજરાત અને દખણના સરદારોના પ્રતીનીધી તરીકે), શેઠ નવરોજી દુમસીયાને (મુંબઇના કર ભરનારાઓ તરફથી) ચુંટી કાઢવામાં આવયા હતા. શેઠ રૂશતમજી ફરદુનજીએ ઓગસ્ટ ૧૯૨૪ માં પોતાની બેઠકનું રાજીનામું આપ્યું છે.

નામદાર વાઇસરાયની કાઉનસીલ ઓફ સ્ટેટના સભાસદો તરીકે સર માણેકજી બેરામજી દાદાભાઈ સર દીનશાહ એદલજી વાચ્છા અને શેઠ ફીરોઝ ખ. શેઠનાને ચુંટી કાઢવામાં આવયા હતા.

મોંટેગયુ–ચેમસફરડની સુધારાની યોજના મુજબ પસાર થયલા હીંદી સુધારાના કાયદા પ્રમાણે સ્થપાયલી મુમબઈના નામદાર ગવરનરની બીજી નવી ધારાસભા ખુલ્લી મુકવાની જાહેર ક્રીયા નામદાર ગવરનર સર લેસલી વીલસનને હાથે તા૦ ૧૮ મી ફેબરવારી સને ૧૯૨૪ ને સોમવારે થઈ હતી આ મુમબઈની ધારાસભા પ્રમુખ સાથે ૧૧૨ સભાસદોની બનેલી છે. આ ૧૧૨ સભાસદોમાં ૪ નામદાર ગવરનરની કારોબારી કાઉનસીલના સભાસદો, ૮૬ પ્રજા તરફથી ચુંટાયલા પ્રતીનીધીઓ (જેમાના ત્રણની પ્રધાનો તરીકે પસંદગી થઇ છે), ૮ સરકાર તરફથી નેમાયલા બીનસરકારી સભાસદો અને ૧૪ સરકાર તરફથી નેમાયલા અમલદારો છે. આ ધારાસભાના કારોબારી કાઉનસીલના સભાસદ તરીકે શેઠ કાવશજી જાહાંગીરને અને પ્રમુખની ગેરહાજરીમા કામ કરવા માટે ડા૦ કાવશજી એદલજી દાદાચાનજીને ચેરમેન તરીકે ચુંટી કાઢયા હતા. આ ધારાસભાના સભાસદો તરીકે નીચલા પારસીઓને ચુંટી કાઢવામાં આવયા હતા :–શેઠ કે. એસ. ફરામજીને (સરકારી સભાસદ તરીકે), શેઠ જે. બી. કાંગા, એડવોકેટ–જનરલને (સરકાર તરફથી બીનસરકારી સભાસદ તરીકે), ડા૦ કાવશજી એદલજી દાદાચાનજીને (મુંબઈના કર ભરનારાઓ તરફથી), શેઠ ખુરશેદ એફ. નરીમાનને (મુંબઇના કર ભરનારાઓ તરફથી), શેઠ ખ. શેદજી નવરોજી વાહાડયાને (શેઠ હોમી પીરોશાહ મોદીએ રાજીનામું આપવાથી એવણની જગાએ મીલ માલેકોની મંડળીના પ્રતીનીધી તરીકે) અને ખાન બહાદુર ડી. બી. કુપરને (સતારા ડીસ્ત્રીક્ટ તરફથી).

અરબાબ કઇખુસરો સાહરૂખને ઇરાનમાંની જરથોસ્તી કોમના એક પ્રતીનીધી તરીકે ઇમપીરીયલ પરસીયન પારલામેંટમાં ચુંટી કાઢવામાં આવયા હતા.

મધ્ય વીભાગના સુપ્રીનટેનડીંગ એનજીનીયર શેઠ કે. એસ ફરામજીને મુંબઈ સરકારના જાહેર બાંધકામ ખાતાંના ચીફ એનજીનીયર અને સેક્રેટરીના ચઢતા ઓધા ઉપર નેમવામાં આવ્યા હતા. તેની ખુશાલીમાં મુંબઇના પારસી એનજીનીયરો તથા આરકીટેકટોના યુનીયન તરફથી તા૦ ૨૭ મી મારચ ૧૯૨૪ ને ભેસપતવારે રાતે તાજમહાલ હોટલમાં યુનીયનના પ્રેસીડંટ ડા૦ નાનાભાઈ અરદેશર ફરામજી મુસના પ્રમુખપણા હેઠળ શેઠ કેખશરૂ સોરાબજી ફરામજી મદરાસવાલાના માનમાં ખાણાનો મેળાવડો કરી એવણને મલેલા આ મોટા માન માટે મુબારકબાદીઓ આપવામાં આવી હતી.

ખા૦ બા૦ એદલજી જમશેદજી ઉનવાલાને મુંબઇ સરકારના સામાનય, કેળવણી, દરીયાઇ અને ધારમીક બાબદોની વયવસ્થા કરનારા ખાતાંઓના કામચલાઉ ડેપ્યુટી સેક્રેટરી અને શેઠ આર. એફ. ગોરવાલાને એ ખાતાંઓના કામચલાઉ સીનીયર મદદનીશ સેક્રેટરી નેમયા હતા.

શેઠ એફ. એચ. ખંબાતાને મુંબઇ સરકારના રાજદવારી ખાતાંના એસીસટંટ સેક્રેટરી નેમયા હતા.

શેઠ માણેકજી રતનજી હાવરને મુંબઇ સરકારના રેવનયુ ખાતાંના સીનીયર આસીસટંટ સેક્રેટરી નેમયા હતા.

શેઠ વીકાજી ફરદુનજી તારાપોરવાલાને મુંબઇની હાઇ કોરટના વધારાના જડજ નેમયા હતા.

શેઠ ધનજીભાઇ ડોશાભાઇ કુપરને સોલાપુરના એસીસટંન્ટ જડજ અને વધારાના સેશનસ જડજ નેમયા હતા.

ખા૦ બા૦ જે. બી. વાચ્છાને મુંબઇ ઇલાકાના ઇનકમટેકસ કલેકટર નેમ્યા હતા.

શેઠ એફ. આર. મરચંટને મુંબઇના કામચલાઉ સીનીયર ઇનકમટેક્ષ ઓફીસર નેમ્યા હતા.

શેઠ જે. ડી. આરસીવાલાને મદરાસના ઇનકમટેક્ષ ઓફીસર નેમ્યા હતા.

ખા૦ બા૦ રૂશતમ બ. વકીલને મુંબઇની ત્રીબ્યુનલ ઓફ અપીલનાં એસેસર નેમ્યા હતા

શેઠ રૂશતમજી એ. વાચ્છાને મુંબઇના ડેવેલપમેંટ ડીપારટમેંટના ડેપ્યુટી સેકરેટરી નેમ્યા હતા.

શેઠ ફરદુનજી બી. બારીયાને મુંબઇના ડેવેલપમેંટ ડીપારટમેંટના મદદનીશ સેકરેટરી નેમ્યા હતા.

શેઠ જે. ડી. દારૂવાલાને મુંબઇના ડેવેલપમેંટ ડીપારટમેંટના એસીસટંટ ઇજનેર નેમ્યા હતા.

મુંબઇ શેહરના ચોથા પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ તરીકે શેઠ હોરમઝદીયાર ફીરોઝ દસતુરને, પાંચમાં પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ તરીકે શેઠ દોરાબ એન. ડી. ખંડાલાવાલાને નેમ્યા હતા, જ્યારે કામચલાઉ પ્રેસીડનસી મેજીસ્ટ્રેટ તરીકે શેઠ નાનાભાઇ ટેમુલજી જંગલવાલાની નેમણુંક થઇ હતી.

ખા૦ બા૦ મેહર હોશંગ દસ્તુરને પુણાના કેનટોનમેંટના ફરસ્ટ કલાસ મેજીસ્ત્રેટ નેમ્યા હતા.

ખા૦ બા૦ દારાબશા એદલજી નગરવાલાને અહમદનગરના પેહલા વરગના, શેઠ એમ. એમ. મરઝબાનને લાનોલીના પેહલા વરગના, અને શેઠ દીનશાહ કાવશજીને બીજા વરગના ઓનરરી મેજીસ્ત્રેટો નેમવામાં આવ્યા હતા.

શેઠો હોરમસજી દોરાબજી ગઝદર, ફરામજી કામાજી કામા, ડી. ડી. રોમર, જમશેદજી જે. ખંભાતા, ખરશેદજી ભીખાજી પટેલ, જે. આર. દુબાશ, બી. એન. કરંજીઆ, ઇ. એસ. ઘાસવાળા અને શાપુરજી સોરાબજીને અંધેરીની બેનચના બીજા વરગના ઓનરરી મેજીસ્ત્રેટો નેમવામાં આવ્યા હતા.

ભરૂચ જીલ્લામાં શેઠ બમનશાહ જેમારપજીને ત્રીજા વરગના, થાણા જીલ્લામાં શેઠો બાપુજી કાવસજી ટીવેચાને અને મેરવાનજી નવરોજી આંટીયાને બીજા વરગના, પંચમહાલ જીલ્લામાં શેઠો દીનશાહ જમશેદજી દલાલ અને રૂસતમજી રતનજી દલાલને ત્રીજા વરગના અને અમદાવાદ જીલ્લામાં સરદાર ખા૦ બા૦ રૂસતમજી જહાંગીર વકીલ અને ખા૦ સા૦ નવરોજી નશરવાનજી વકીલને ઓનરરી મેજીસ્ત્રેટો નેમવામાં આવ્યા હતા.

ડા૦ ડોશાભાઇ શાપુરજી ફરેઝરને સ્પેનના મુંબઇ ખાતેના કોનસલ જનરલ નેમ્યા હતા.

સીમલાની પેલમેન ઇનસટીટયુટના ડીરેકટર અને લાહોરની મોરટન કંપનીના મેનેજર શેઠ નશરવાનજી નવરોજી મુનસીને હીંદુસ્તાન મધેના મેક્ષીકોના વાઇસ કોનસલ નેમ્યા હતા.

શેઠ જમશેદજી ધનજીભાઇ વોરડનને યુનાઇટેડ સટેટસના કોનસુલેટ તરફથી મુંબઇ ઇલાકાના માંગનારાઓ સાથે અમેરીકન મેનયુફેકચરરસના દાવાઓ વીશેની વેપારી તકરારોમાં એક મીત્ર લવાદ (friendly arbitrator) તરીકે મુંબઇના અમેરીકન કોનસલ મી૦ વીલબર કેબલીનગરે નેમ્યા છે.

નવા જસતીસ ઓફ ધી પીસ યાને સુલેહના અમલદાર તરીકે નીચલા પારસીઓને નેમ્યા હતા:—લેડી ધનબાઇ કાવશજી જહાંગીર, તથા સર ધનજીભાઇ બમનજી, શેઠો હોરમસજી પી. બેહેરામજી, ડી. ડી. દારૂવાળા, જહાંગીર જે. ખરશેદજી, હોરમસજી બેજનજી કાપડયા, રૂસતમજી બહમનબેહેરામ, જહાંગીરજી ખરશેદજી વાચ્છા અને એન. જે. વાડીયા.

મુંબઇની પારસી ચીફ મેત્રીમોનીયલ કોરટના ડેલીગેટો તરીકે શેઠો જમશેદજી રૂસતમજી શેઠના અને મનચેરજી પાલનજી કોનત્રેકટરને; સુરતની મેટ્રીમોનીયલ કોરટના ડેલીગેટો તરીકે ખા૦ બા૦ જાહાંગીરશાહ એદલજી મોદીને નેમવામાં આવ્યા હતા.

પ્રોફેસર દીનશાહ દોરાબજી કાપડયાને મુંબઈ યુનીવરસીટીના ફેલો ચુંટી કાઢયા હતા.

શેઠ દાદીબા સી. તલાટીને બ્રીટીશ રોયલ સોસાયટી ઓફ હેલ્થના ફેલો નેમ્યા હતા.

પ્રોફેસર શાપુરજી હોરમજી હોડીવાલાને રોયલ એસીયાટીક સોસાયટીની મુંબઇની બ્રાંચના ઓનરરી ફેલો નેમ્યા હતા. એવણે મુગલ પાદશાહોના સીક્કાઓ ઉપર એક યાદગાર પુસતક બાહાર પાડયું છે અને એવણને હીંદુસ્તાનના સીક્કાઓના ચુનંદા અભીયાસીઓના મંડળે એક ચાંદ એનાયત કીધો હતો.

કરાંચીના દસ્તુરજી ડાકટર માણેકજી ન. ધાલાને રોયલ એસીયાટીક સોસાયટીએ મુંબઇની શાખાના ફેલો નેમ્યા હતા.

કરાંચીવાલા શેઠ હોમી ડોશાભાઇને કલકતાની એડવરડ મેડીકલ કોલેજના ઓનરરી ફેલો નેમ્યા હતા.

ડા૦ મીનોચેહર ટેમુરસ અંકલેસરીયાને મુંબઇની કોલેજ ઓફ ફીઝીશીયન્સ એંડ સરજ્યન્સના ફેલો નેમ્યા હતા.

ડા૦ જાહાંગીર સો. એરગામવાલાને મુંબઇની ગવરમેંટ લૉ સ્કુલના પ્રોફેસર નેમ્યા હતા.

ડા૦ ડી. ડી. કાંગાને મુંબઇની રોયલ ઇનસટીટયુટ ઓફ સાયનસમાં ઓરગેનીક કેમીસ્ત્રીના પ્રોફેસર નેમ્યા હતા.

ડા૦ ફ્રામરોઝ એન. એ. મુસને મુંબઇની ગોકળદાસ તેજપાલ હાસપીટલના વડા તબીબ તથા મુંબઇની મ્યુનીસીપાલીટીના એકટીંગ મેડીકલ એકઝામીનર નેમ્યા હતા.

કેપટન જે. ઇ. ધનજીભાઇને બરાહનપોરની હાસપીટલના સુપ્રીંટેનડન્ટ નેમ્યા હતા.

ડા૦ પી. પી. બલસારાને ભરૂચના સીવીલ સરજન નેમ્યા હતા.

મેજર એસ. એસ. વજીફદારને મુંબઇની ગ્રાંટ મેડીકલ કોલેજના સેકંડ ફીઝીશીયન અને રજીસ્ટ્રાર તથા મેટેરીયા મેડીકા અને ફારમસીના પ્રોફેસર નેમ્યા હતા.

ડા૦ આંવાબાઇ એમ. મેહતાને મુંબઈની કામા હાસપીટલના ફીઝીશીયન નેમ્યા હતા.

ડા૦ આર. ડી. દલાલને બેલગામના વેકસીન ઇનસ્ટીટયુટના સબસેનટીવ ડીરેકટર નેમ્યા હતા.

શેઠ કેખશરૂ માણેકશાહ તાલેયારખાન, બેરીસ્ટરને મુંબઇના કામચલાઉ ઓરીજીનલ એસાઇની નેમ્યા હતા.

શેઠ જાહાંગીર હો. વકીલને મુંબઇની હાઈ કોરટના કલારક ઓફ ધી ક્રાઉન નેમ્યા હતા.

શેઠ દોરાબ એન. ડી. ખંડાલાવાલાને મુંબઇની હાઇ કોરટના પહેલા ડેપ્યુટી રજીસ્ટ્રાર અને એફીડેવીટસ લેનાર કમીશનર નેમ્યા હતા.

શેઠ એદલજી જાહાંગીર દાવરને મુંબઈની હાઇ કોરટમા નાદારી કોરટના કામચલાઉ ચીફ કલારક નેમ્યા હતા.

ખા૦ બા૦ કે એમ. કલબવાલાને દખણ કોનવીકટ ગેંગના સુપ્રીંટેનડંટ તરીકે કામચલાઉ નેમી, નીઝામ હેદરાબાદની સેંત્રલ પ્રીઝનના સુપ્રીંટેનડંટની ફરજપર ચાલુ રાખવામાં આવ્યા છે.

શેઠ હોરમસજી પે. ચાહેવાલાને અમદાવાદ જીલ્લાનાં પબલીક પ્રોસીકયુટર નેમ્ય હતા.

શેઠ હોરમજી બરજોરજી સ્પેનસરને મુંબઈના પોલીસ પ્રોસીક્યુટર નેમ્યા હતા.

ખા૦ સા૦ બેરામશાહ ફરદુનજી દાવરને અને ખા૦ બા૦ શાપુરજી દીનશાહને મુંબઈની પોલીસના ડેપ્યુટી સુપ્રીંટેનડંટ નેમ્યા હતા.

શેઠ શાપુરજી દારબશાને ફેબરવારીમાં સતારાના અને જુલાઇમાં રતનાગીરીના ડીસ્ત્રીક્ટ પોલીસ સુપ્રીંટેનડંટ નેમ્યા હતા.

ખા૦ બા૦ કાવશજી હોરમજી કાતરકને કરાંચીના પોરટ ટ્રસ્ટના ટ્રસ્ટી નેમ્યા હતા.

શેઠ બેરામજી જીજીભાઈને મુંબઇ મ્યુનીસીપલની સ્ટેનડીંગ કમીટીના પ્રમુખ અને શેઠ જાહાંગીર બી. બહમનબેહરામને સ્ટેનડીંગ કમીટીના મેમ્બર નેમ્યા હતા.

શેઠ જમશેદજી નસરવાનજી મેહતાને કરાંચીની મ્યુનીસીપાલીટીના પ્રમુખ નેમયા હતા.

શેઠ દીનશાજી રતનજી દાબુને નવસારી મયુનીસીપાલીટીના પ્રમુખ નેમયા હતા.

શેઠ બરજોરજી નશરવાનજી મેગુસીને બીલીમોરાની મયુનીસીપાલીટીના ઉપ-પ્રમુખ નેમયા હતા.

મુંબઇની મયુનીસીપાલીટીના ડરેનેજ ખાતાંના સીનયર એસીસટંટ એનજીનીયર શેઠ ડી. ડી. દારૂવાલાને પોતાના ઓધ્ધા ઉપરાંત એકટીંગ ડેપ્યુટી એકઝીક્યુટીવ એનજીનીયર નેમયા હતા.

શેઠ જે. જે. પસતાકયાને મુંબઇની મયુનીસીપાલીટીના રોડ બ્રાંચના કામચલાઉ સીનીયર એસીસટંટ એનજીનયર નેમયા હતા.

શેઠ જાહાંગીર નશરવાનજી શેઠનાને કરાંચી મયુનીસીપાલીટીના એકઝીક્યુટીવ એનજીનીયર નેમયા હતા.

શેઠ હોરમજી કુવરજી દલાલને પુણાની સબરબન મયુનીસીપાલીટીના એકઝીકયુટીવ હાફીશર નેમયા હતા.

ડા૦ બી. એફ. ખંબાતાને કરાંચીના હેલથ હાફીસર નેમયા હતા.

શેઠ નરીમાન રતનજી પેસતનજી ગ્રીનને જામનગર અને દુવારકા રેલવેના મેનેજર અને ચીફ એનજીનીયર નેમયા હતા.

શેઠ જાલ મનચેરજી વજીફદારને જી. આઈ. પી. રેલવેના એજંટના સટાફમાં એસીસટંટ સેકરેટરી અને શેઠ માણેકજી હોરમજી મીસતરીને ત્રાનસપોરટેશનના ઈનસપેકટીંગ એકાઉનટંટ નેમયા હતા.

શેઠ ફલી પેશતનજી કોલાબેવાલાને બરોડા રેલવેની હાફીસમાં ઓડીટ ખાતાં માહેલાં એશટેબલીશમેંટ ખાતાના મદદનીશ ઓડીટર નેમયા હતા.

શેઠ દારાશા સોરાબજી મોતીશાને આંટરોડના સ્ટેશન માસતર નેમયા હતા.

સર દીનશાહ એદલજી વાચ્છા અને સર માણેકજી બે. દાદાભાઇને ઇમપીરીયલ બેંક ઓફ ઈંડિયાના ગવરનરો નેમયા હતા.

લેફ્ટનંટ કરનલ એમ. બી. ખરેગાટને મુંબઇના ડેવીડ સાસુન ઇનડસ્ત્રીયલ એંડ રીફોરમેટરી ઈનસટીટયુટના કામચલાઉ પ્રમુખ નેમયા હતા.

પશ્ચીમ ખાનદેશ જીલ્લાના નવાપુર રેલવે સટેશનના વીસતારમાં રસતાઓ બાંધવા, નયુસનસ અટકાવવા, ગટરને લગતો બંદોબસત જાળવવા વીગેરે કામ માટે મુંબઇ સરકારે પાંચ ગ્રહસથોની એક કમીટી નેમી છે તેના ચેરમેન તરીકે શેઠ જમશેદજી મેરવાનજી મયારાને નેમયા હતા.

વરસોવા બીચ સેનીટરી કમીટીના પ્રમુખ તરીકે શેઠ બેરામજી એન. કરંજીયાને અને સભાસદ તરીકે શેઠ ફીરોઝશાહ પાલનજી મીસતરીને નેમયા હતા.

ઓનરેબલ શેઠ ફીરોઝ ખ. શેઠનાને મુંબઇની દેશી વેપારી ચેમબરના ઉપ-પ્રમુખ નેમયાં હતા.

ડૉ૦ પેશોતન સોરાબજી દુબાશને બેરેડફરડની "ધી ઇટર નેશનલ ઇનસ્ટીટયુટ ઓફ બ્રીટીશ પોએત્રી" અને ગ્રીનલેંડની "કેલ્ડાર વેલી પોએટસ સોસાયટી" ના વાઇસ પ્રેસીડંટ નેમયા હતા. વળી લંડનની "પોએત્રી લીગે" ડૉ૦ દુબાશને હીંદ માટેના વાઇસ પ્રેસીડંટ નેમયા છે. ડૉ૦ દુબાશના લખણોની પ્રસંસા તરીકે પેરીસની ઇનટરનેશનલ ફીલોલોજીકલ સોસાયટીએ ડૉ૦ દુબાશને "સ્ટાર ઓફ મેરીટ" એનાયત કરયો હતો.

ધી સેંત્રલ બેંક ઓફ ઈંડીયાના મેનેજીંગ ડીરેકટર શેઠ સોરાબ એન. પોંચખાનાવાળાને એકાઉનટનસી ડીપલોમાં બોરડના સભાસદ તરીકે ઇમપીરીઅલ બેંક ઓફ ઈંડીયાના સેકરેટરી અને ત્રેઝરરની જગયાએ અને વળી મુંબઇની સીડનહામ કોલેજ ઓફ કોમરસ અને ઇકોનોમીકસની એડવાઇઝરી બોરડના સભાસદ તરીકે નેમયા હતા.

સાર જમશેદજી જીજીભાઇને મુંબઈ ઇલાકાની જાયુકની સંકટ નીવારણ કમીટીના મેમબર નેમયા હતા.

મુંબઈ મયુનીસીપાલીટીના ડેપ્યુટી કમીશનર શેઠ રૂશતમ પી. મસાનીને ૧૯૨૪ ની મીલ હડતાળ ઇનકવાયરી કમીટીના મેંબર નેમયા હતા.

હીંદી સરકારનાં સવદેશખાતા સાથ જોડેલી સટેનડીંગ કમીટીના સભાસદ તરીકે સર માણેકજી દાદાભાઇ, અને શેઠ નવરોજી એમ. દુમસયાને નેમયા હતા.

ડા૦ નાદીરશાહ એચ. ઇ. સુખયાને મુંબઇના ખીલવણી ખાતાંની સલાહકારક કમીટીના મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના પ્રતીનીધી તરીકે નેમ્યા હતા.

શેઠ રૂશતમજી ધનજીભાઇ પટેલને ન્યુ યોરક કોટન એક્ષચેંજની બોરડના સભાસદ નેમ્યા હતા.

શેઠ શાપુરજી બમનજી બીલીમોરીયાને ઓડીટરસ કાઉનસીલના મેમબર નેમયા હતા.

મુંબઇના રૂના વેપારી શેઠ પેસ્તનજી ડી. પટેલને ન્યુ યોરક કોટન એક્ષચેંજના મેમબર નેમયા હતા.

શેઠ બેરામજી આર. બી. જીજીભાઇને સીનેમાની સેનસરની બોરડના સભાસદ નેમયા હતા.

શેઠ ફકીરજી એદલજી ભરૂચાને બોઈલર એકટ એકઝામીનેશનના એકઝામીનરોની બોરડના મેમબર નેમયા હતા.

શેઠ જાહાંગીર ખુરશેદજી મીસ્ત્રીને હીંદની ઓલ સ્કોટીશ કંમીશનરીના ઓંડ સેકરેટરી નેમયા હતા.

શેઠ દીનશાહ બમનજી વકીલને ભાવનગરની જરથોસ્તી અંજુમનના પ્રમુખ નેમયા હતા.

શેઠો નવરોઝ અરદેશર સોરાબજી પોસ્ટવાળા, સોરાબજી ફરામજી ખબરદાર અને મીનોચેહર પીરોશાહ દાદીશેઠનાને દમણની જરથોસ્તી અંજુમનના ત્રસ્ટીઓ નેમયા હતા.

શેઠ મીનોચેહર નાદરશાહ એદલજી દીનશાહને કરાંચી ખાતે મરહુમ શેઠ એદલજી દીનશાહે સ્થાપેલાં ફંડોના ત્રસ્ટી નેમયાં હતા.

મુંબઇની પારસી પંચાયતના ત્રસ્ટીઓની ચુંટણી કરનારા અંજુમનના સોના મંડળ 'એ' તરફથી શેઠ પોંચાજી બેરામજી બાટલીબોઇ અને બાઇ મેહરબાઇ નશરવાનજી દુબાશ તથા 'સી' તરફથી શેઠ મનચેરજી એદલજી જોશીને ચુંટી કાઢવામાં આવયા હતા.

કરાંચીની જરથોસ્તી અંજુમનની કમીટીના 'બી.' ક્લાસના મેમ્બરો તરીકે શેઠો સોરાબજી પેસ્તનજી કોટવાલ અને જાહાંગીર ફ પંથકીને ચુંટી કાઢવામાં આવયા હતા.

શમસુલ ઓલમા એરવદ ડા૦ જીવણજી જમશેદજી મોદીને સર જમશેદજી જીજીભાઇએ પારસીઓ માટે કરેલી સખાવતના ધરમખાતાંની કારોબારી મંડળીના સભાસદ નેમયા હતા.

થાણા જીલ્લામાં આવેલી જુદી જુદી ગ્રામ્ય પંચાયતોના નીચલા પારસીઓને સભાસદો તરીકે ચુંટી કહાડવામાં આવયા હતા:-શેઠ રૂસતમ પી. જાહાંગીર (નારગોલ), શેઠ દીનશાહ આદરજી વાડીઆ (નારગોલ), ડા૦ કાવસજી માણેકજી મહેતા (નારગોલ), શેઠ મંચેરશા અરદેશર દવીઅરવાલા (સંજાણ), શેઠ મંચેરશા માણેકજી કારભારી (સંજાણ), શેઠ હોરમસજી લીમજીભાઇ વરવડાવાલા (સંજાણ), શેઠ હોરમસજી કાવસજી મરોલીવાલા (મરોલી), અને શેઠ હોરમસજી કુંવરજી પ્રાનસાવાલા (પ્રાનસા).

શેઠ રૂશતમ એમ. મરોલીયાને કાઠયાવાડ સરકારી છાપખાનાના (પોલીટીકલ એજનસી પ્રેસના) મેનેજર નેમયા હતા.

બોમ્બે પારસી પાયોનીયર ની સુરત ખાતે સી. કંપનીના કમાનડીંગ ઓફીસર લેફ્ટનંટ સરદાર દાવર તેમુરસ કાવસજી મોદી, બેરીસટરને કેપટનની પદવી ઉપર ચઢાવવામાં આવયા હતા.

જુદી જુદી બટેલીયનના નીચલા ઓફીસરોને ઓનરરી કીંગઝ કમીશન આપવામાં આવયા હતા:-૧૧ મી બટેલીયન, બીજી બોમ્બે પાયોનીયરઝના લેફ્ટનંટ જાલ ખરશેદજી ઉનવાલા, લેફ્ટનંટ મીનો નાનાભાઇ કાતરક, લેફ્ટનંટ શાવક હોરમસજી મેહેતા અને લેફ્ટનંટ સોરાબ રૂસ્તમજી બામજીને; ૧૨ મી બટેલીયન, બીજી બોમ્બે પાયોનીયરઝના લેફ્ટનંટ એરચ અરદેશર તારાપોર, લેફ્ટનંટ દીનશાહ બરજોરજી ડોકટર, લેફ્ટનંટ સરદાર રૂસતમ જેહાંગીર વકીલ, અને લેફ્ટનંટ સરદાર દાવર તેમુરસ કાવશજી મોદીને; ૧૧ મી બટેલીયન, બીજી બોમ્બે વોલનટીયરઝના સેકંડ લેફ્ટનંટ ફીરોઝશાહ દીનશાહ પાલમકોટ, સેકંડ લેફ્ટનંટ શીયાવક્ષ માણેકજી સરવેઅર, સેકંડ લેફ્ટનંટ બરજોર પેસતનજી સુરતી, સેકંડ લેફ્ટનંટ પીરોશા એદલજી મીસ્ત્રી, સેકંડ લેફ્ટનંટ ફ્રામરોઝ હોરમસજી મેહતા, સેકંડ લેફ્ટનંટ હોમી ધનજીશા કરાકા, સેકંડ લેફ્ટનંટ એરચશાહ જામાજી બારીયા, સેકંડ લેફ્ટનંટ નરીમાન જીવણજી સોરાબજી જાહીના, સેકંડ લેફ્ટનંટ રૂસતમ દોરાબજી રાણજી, સેકંડ લેફ્ટનંટ ગોદરેઝ દોરાબજી ધનાપટેલ, સેકંડ લેફ્ટનંટ કેખશરૂ જીવણજી પોરટર, સેકંડ લેફ્ટનંટ રૂસતમ એદલજી માણેકજી પટેલ, અને સેકંડ લેફ્ટનંટ જમશેદ દોરાબજી કોઠાવાલાને; ૧૨ મી બટેલીયન, બીજી બોમ્બે પાયોનીયરઝના, સેકંડ લેફ્ટનંટ નશરવાનજી નવરોજી અંકલેસરયા, અને સેકંડ લેફ્ટનંટ એદલજી ભીખાજી ધાસવાળાને.

કેળવણી—પરીક્ષા—સ્કોલરશીપો—વગેરે.

મી૦ જાલ ખુરશેદજી પાવરીએ ન્યુ યોરકની કોલંબીયા યુનીવરસીટીમાં અવસ્તા પેહલવી વગેરેનો અભ્યાસ કરી તેને લગતી પરીક્ષાઓ માન સહીત પસાર કરી છે. એવણને ઇનડો-ઇરાનીઅંન ભાશાઓના લેકચરર અને યુનીવરસીટીના ફેલો તરીકે નેમ્યા છે.

બાઇ ગુલબાઇ કાવશજી ભરડાએ ડબલીન ખાતેની એલ. એમ. (રોટેન્ડા)ની પરીક્ષા પસાર કરી હતી.

ડા૦ માણેક જમશેદજી પંથકીએ દીસેમબર ૧૯૨૩ માં લંડનની એમ. ડી. ની તબીબી પરીક્ષા પસાર કરી છે. એ અગાઉ એવણે એલ. આર. સી. પી., એમ. આર. સી. એસ. તથા લંડનની એમ. બી. બી. એસ. ની પરીક્ષાઓ પસાર કરી હતી.

ડા૦ જાહાંગીર કુવરજી દલાલે અમેરીકાની ડાકટર ઓફ ડેનટલ મેડસીનની દીગ્રી મેલવી હતી.

મુંબઇ યુનીવરસીટીની એમ. ડી. ની તબીબી પરીક્ષામાં મેસરસ રૂશતમ ખરશેદજી લાલ અને રતનશાહ નરીમાન કાપડયા પસાર થયા હતા.

એમ. બી. બી. એસ. ની છેવટની પરીક્ષામાં ગયા ડીસેમબરમાં ૨૪૩ માંથી ૧૪૫ પસાર થયા હતા, તેમાં બીજા વરગમાં મેસરસ ફીરોઝ ગુસતાદજી દલાલ, બરજોર નવરોજી પાજનીગર, દીનશાહ પેસતનજી સરકારી; પાસ વરગમાં બાઇ હમાબાઇ જમશેદજી કામા તથા મેસરસ કેખશરૂ હોરમજી દારૂવાલા, અને જાહાંગીર મેરવાનજી પાવરી. એજ પરીક્ષામાં ગયા જુલાઇ માસમાં નીચલા પારસીઓ પસાર થયા હતા :—બીજા વરગમાં બાઇ મેહરબાનુ પીરોજશાહ ભરૂચા, તથા મેસરસ સરોશ પીરોજશાહ ભકકા, જાહાંગીર રતનજી દારૂવાળા, નરીમાન મંચેરશા હોડીવાલા, હોરમજી માણેકજી કાલાપેસી અને શાવક સોરાબજી શાવકશા; પાસ વરગમાં બાઇ જર માણેકશા કુપર તથા મેસરસ બેજનજી કાવશજી માંજરા, બેહરામ રૂશતમ ઇરાની અને બરજોર રૂશતમજી હવેલીવાલા. આમાં પસાર થયલા બાઇ મેહરબાનુ પી. ભરૂચાને કવીન એમપ્રેસ સીલવર મેડલ, ઇનડીઆ ફંડની સ્ત્રીઓ માટેની સ્કોલરશીપ, લેડી રે સીલવર મેડલ અને બાઇ હીરાંબાઇ કામા ગોલ્ડ મેડલ મલ્યો હતો.

ડો૦ દાદીબા નવરોજી માદને મીરટ, પુના, વીગેરે સેનટરોમાં લેવાયલી એમ. બી. ઇ. એચ. તથા એલ. એમ. એંડ એસ. ની તબીબી પરીક્ષાઓ પસાર કરી છે.

ઇનટર મીડીએટ એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં પસાર થયલા મી૦ બરજોર માણેકજી દેશાઇને શેઠ નશરવાનજી જાહાંગીર વાહાડયા સ્કોલરશીપ મલી હતી.

લંડનમાં લેવાયલી બેરીસ્ટરની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા હતા :-મેસરસ જાહાંગીર હોરમજી, જાલ બરજોરજી જમશેદજી દલાલ, હોશંગ દીનશાહ મેહતા, કેખશરૂ હીરજીભાઇ એ. તારાપોર, અને દાદી રૂશતમ વાહાડયા.

મી૦ જહાંગીર મનચેરશા રાગીના એડવોકેટની પરીક્ષામાં પસાર થયા હતા.

સોલીસીટરની પરીક્ષામાં અકટોબર ૧૯૨૩ માં નીચલા પારસીઓ પસાર થયા હતા :-મેસરસ ફીરોઝ જમશેદજી બહાદુરજી, રૂશતમજી નાનાભાઈ બામબોટ, જહાંગીર સોરાબજી કાટપીટીયા, હોરમજી દોસાભાઇ મુલ્લાં અને ધનજીશાહ ફરામજી સુનાવાલા. એજ પરીક્ષામાં એપ્રીલ ૧૯૨૪ માં નીચલા પારસીઓ પસાર થયા હતા:-મેસરસ સોરાબજી જમશેદજી બનાજી, જમશેદ સોરાબજી રતનાગર, અને નરીમાન ખરશેદજી સંતોક.

મુંબઇ યુનીવરસીટીની બીજી એલ. એલ. બી. ની પરીક્ષામાં નવેમબર ૧૯૨૩ માં નીચલા સીઓ પસાર થયા હતા :—બીજા વરગમાં મેસરસ સોરાબજી એદલજી એનજીનીયર, રૂશત-જ જમશેદજી ખજુરીના, નરીમાન ખરશેદજી સંતોક, કેખશરૂ ફરદુનજી ઉસતાદ અને નાદીર દેશર વેસુવાલા; પાસ વરગમાં મેસરસ અરદેશર નશરવાનજી બરડી, ધનજીશા રતનજી પેશ્મસતર ને બહાદુરજી પીરોજશા વકીલ. એજ પરીક્ષામાં એપ્રીલ ૧૯૨૪ માં બીજા વરગમાં મેસરસ બજી રૂશતમજી ચોકસા, રૂશતમ હોરમજી દાદી બરજોર, રૂશતમ અરદેશર ગગરાટ, સોરાબ તનજી ગજદર, રૂશતમ દોરાબજી માદન અને જમશેદ માણેકશાહ પોંચખાનાવાલા; પાસ ગમાં મી૦ એરચ પેસતનજી ભમગરા. આમાં પસાર થયલા મી૦ કેખશરૂ ફરદુનજી ઉસતાદને મનચેરજી નવરોજી બનાજી સ્કોલરશીપ મલી હતી.

મી૦ પેસતનજી એદલજી ગોલવાલાએ મુંબઇ યુનીવરસીટીની એમ. સી. ઇ. યાને માસતર ફ સીવીલ એનજીનીયરીંગની ચઢતી પરીક્ષા પસાર કરી ડીગ્રી મેળવી છે.

બેચેલર ઓફ એનજીનીયરીંગ (સીવીલ)ની પરીક્ષામાં પાસ વરગમાં નીચલા પારસીઓ ાર થયા હતા :—મેસરસ કેકોબાદ નવરોજી દારૂવાલા અને રૂશતમજી બેરામજી એનજીનીયર.

બી. એસ. સી. યાને બેચેલર ઓફ સાયનસની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા ા :—બીજા વરગમાં બાંઇ નરગીઝ ડોસાભાઇ એનજીનીયર, તથા મી૦ જહાંગીર અરદેશર તારા-રવાળા; પાસ વરગમાં મેસરસ માણેક પેસતનજી કાંગા, રૂસતમ પેસતનજી તલાટી, જાલ નાદીર- ા સબાવાળા, કેખશરૂ ગુસતાદજી ભગવાગર, અને દીનશા રૂસતમજી તુરકી.

મી૦ દારાશા આર. ભરૂચાને બેરામજી એન. કોયાજી સ્કોલરશીપ અને રૂપાંનો ચાંદ ઇનટર-ડીએટ સાયનસની પરીક્ષામાં મળ્યો હતો.

બેચેલર ઓફ કોમરસ યાને "બી" કોમની વેપારી પરીક્ષામાં અકટોબર ૧૯૨૩માં નીચલા રસીઓ પસાર થયા હતા :—બીજા વરગમાં મી૦ દીનશાહ મેરવાનજી ગાંધી; પાસ વરગમાં રસ બેજનજી દીનશા બરડી અને કેખશરૂ માણેકજી શેઠના. એજ પરીક્ષામાં એપ્રીલ ૧૯૨૪માં જા વરગમાં (એડવાનસ બેંકીંગમાં) મી૦ રૂશતમ બેરામ શાહ, (કોટન ઇનડસ્ટ્રીમાં) મી૦ તમ ખરશેદજી સંતોક; પાસ વરગમાં (એડવાનસડ એકાઉનટીંગમાં) મેસરસ જાહાંગીર માણે-જ ગોભાઇ, હોરમજી દીનશાજી કાતરક અને રૂશતમ માણેકજી પોંચખાનાવાલા; (એડવાનસડ કીંગમાં) મેસરસ રૂશતમ દીનશાજી મેહતા અને ફીરોઝ એમ. રાવ.

બેચેલર ઓફ હાઇજીન યાને બી. એચ. વાઇની પરીક્ષામાં નીચલા પારસીઓ પસાર થયા ા :—બંને વીભાગમાં મેસરસ બેહમન રતનશાહ માસ્તર, સોરાબ હોશંગશાહ નાણાંવટી અને દાભાઇ ફરામજી સુનાવાલા.

મુંબઇની સરકારે મુંબઇની એકાઉનટનસી ડીપલોમાં બોરડની ભલામણ ઉપરથી મુંબઇની ડનહેમ કોલેજની એકાઉનટનસીની સરકારી ડીપલોમાં મેસરસ જાલભાઇ ટેમુલજી દેશાઇ અને ાબજી અરદેશર ફુમસયાને એનાયત કરી છે. આ બંને ગ્રહસ્થોએ નક્કી કરેલી પ્રોફેશનલ પરીક્ષા ાર કરી એકાઉનટનસીમાં પુરતી વહેવારૂ તાલીમ મેળવી છે.

એમ. એ. યાને માસ્ટર ઓફ આરટસની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૧૧૪ માંથી પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા :—પેહલા વરગમાં મેસરસ રૂશતમ ડી. ચોકસી ને કેખશરૂ જીજીભાઇ ખંબાતા; બીજા વરગમાં મેસરસ જાલ કુંવરજી દારૂવાલા, દીનશાહ દોરા-જી દસ્તુર, નશરવાનજી ફરામજી માદન અને શયાવક્ષ અરદેશર બાલ; પાસ વરગમાં મેસરસ હાંગીર રૂશતમજી રાંદેરીયા, જમશેદજી બમનજી વાડીયા અને જાલ ફીરોઝ બલસારા. આમાં

પસાર થયલા મી૦ રૂસ્તમ ડી. ચોકસીને ચાનસેલરનો મેડલ, મી૦ જમશેદ બમનજી વાડીઆને શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ સ્કોલરશીપ અને મી૦ કેખશરૂ જીજીભાઇ ખંભાતાને કે. ટી. તેલંગ ગોલ્ડ મેડલ અને પ્રાઇઝ, સર લોરેનસ જેનકીનસ સ્કોલરશીપ અને સર વીલીઅમ વેડરબરન સ્કોલરશીપ મળયાં હતાં.

બી. એ. યાને બેચેલર ઓફ આરટસની ડીગ્રીની પરીક્ષામાં બધા મળી હાજર થયલા ૮૯૨ ઉમેદવારોમાંથી ૫૩૬ પસાર થયા હતા તેમાં નીચલા પારસીઓ હતા:—પેહલા વરગમાં મેસરસ બેજનજી ફ્રરામરોજ ચાચા, અરદેશર હોરમસજી દેશાઇ અને માણેક જહાંગીરજી ગઝદર; બીજા વરગમાં બાઇઓ મનીજેહ રૂસતમજી ફ્રેણીવાળા અને તેહેમી હોરમસજી નરીમાન તથા મેસરસ ફ્રરામરોજ શાપુરજી દારાશા, સોરાબ શાપુરજી દુબાશ, મીનોચેર પીરોજશા કાપડીયા, રૂસતમ કેકોબાદ મરઝબાન, જહાંગીર માણેકજી દેશાઇ, સોરાબજી એદલજી સીધવા, એદલજી અરદેશર કોનત્રાકટર, દરાયસ દીનશાહ ગણદેવીયા, કારલ જમશેદજી ખંડાલાવાળા, હોરમજશાહ રૂસતમજી મેહરવઇદ, માણેકશાહ રૂસતમજી મેહરવઇદ, ગુસતાદ અરદેશર તારાપોરવાળા અને પીરોજશાહ શાપુરજી ગઝદર; પાસ વરગમાં બાઇઓ ખોરશેદ જાલભાઈ ભરડા અને દીનબાનુ રતનશાહ દોટીવાળા તથા મેસરસ નરીમાન મેરવાનજી ભાગલ્વા, અરદેશર રતનજી મેહતા, નરીમાન બેરામજી કારક માસ્તર, જમશેદ કેખશરૂ ચીચગર, હોરમસજી નવરોજજી રાઇટર, દાદીબા કેખશરૂ લાલકાકા, હોરમસજી નવરોજજી કોનત્રાકટર, રૂસ્તમજી ધનજીશાહ કુપર, જાલ જમશેદજી મોદી, નરીમાન કાવસજી વોરડન, એરચ બરજોરજી કોનત્રાકટર, પેસ્તનજી પીરોજશાહ દવીઅરવાળા, સોરાબ આર. જીનવાળા, કેખશરૂ કે. પાવરી, અરદેશર એચ. તલાટી, જાલ કાવશજી સુનાવાલા અને માણેક હોરમસજી લંગરાના. આમાં પસાર થયલા મેસરસ બેજનજી ફ્રરામરોઝ ચાચા અને અરદેશર હોરમસજી દેશાઇ વચે શેઠ પીરોજશાહ મેરવાનજી જીજીભાઇ સ્કોલરશીપ વહેંચી આપવામાં આવી છે.

બી. એ. યાને બેચેલર ઓફ આરટસની (પાસની) ડીગ્રીની પરીક્ષામાં બધા મલી હાજર થયલા ૨૪૯ માંથી ૧૦૯ નવેમબર ૧૯૨૩ માં પસાર થયા હતા, તેમાં નીચલા પારસીઓ હતા:—મેસરસ દારાં હોરમજશા પટેલ, મંચેરજી ફ્રરામજી હારવર અને પેશોતન પીરોજશા બીલીમોરીયા.

મી૦ સરોશ જાહાંગીર રૂસ્તમજી દાજીએ ઓક્ષફરડ યુનીવરસીટીની બી. એ. ની પરીક્ષા પસાર કીધી હતી.

પરચુટણ જાણવાજોગ બનાવો.

અતરેના જાણીતા શેહેરી અને કોટના સુવાવડખાતાના વડા તબીબ ડા૦ સર ટેમુલજી ભીખાજી નરીમાનને તેવણની અરધી સદી સુધીની કીમતી સેવાઓની પીછાનમાં એવણના મીત્રો તથા વખાણનારાઓ તરફથી એક માનપત્ર એનાયત કરવાનો મેલાવડો તા૦ ૩ જી એપ્રીલ ૧૯૨૪ ને ભેસપતવારે સર કાવસજી જાહાંગીર પબલીક હોલમાં લેડી ધનબાઇ કાવશજી જાહાંગીરના પ્રમુખપણા હેઠળ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં સર કાવશજી જાહાંગીર બેરોનેટે, શેઠ ફીરોઝ ગજદરે, બાઇ આવાંબાઇ પાલમકોટે, ડા૦ સર ટેમુલજીની કોમી તેમજ જાહેર સેવાઓ માટે તેમજ પારસી સુવાવડખાતું સ્થાપીને આપેલી કીમતી મદદ માટે એવણની તારીફમાં લંબાનથી વીવેચનો કરીયાં હતાં. એ પછી પ્રમુખ લેડી ધનબાઇએ સર ટેમુલજીને આપવાનું માનપત્ર વાંચી સંભલાવ્યું હતું. એમાં જણાવ્યું હતું કે યાદગારી જાલવવા એક ફંડ ઉભું કરવામાં આવ્યું છે. તમોને નામદાર સરકારે માન તથા ખેતાબો આપી તમારી કદર બુજી છે અને તમારા સુવાવડખાતાની નકલ હીંદુ તથા મોહોમેદન ભાઈઓએ પોતાની કોમ માટે આવા ખાતાઓ સ્થાપીને કરી છે. વલી પારસી સુવાવડખાતામાં તમારી યાદગારી જાલવી રાખવા તમારું સુંદર પુતલું ઉભું કરીયું છે. મુંબઈની મેડીકલ કોલેજ અને જુદાજુદાં મંડળોના ભરસેદાર ટ્રસ્ટી તરીકે તમોએ વરસો સુધી બજાવેલી અથાગ સેવાઓની કદરસનાસી કરવામાં હમદીનો ખરા જીગરથી ભાગ લેછે. તમારા ધણીયાણી લેડી સુનાબાઈએ સુવાવડખાતાના કોમહીતકારી કામમાં આપેલી કીમતી મદદ માટે ઉપકાર માનવામાં આવે છે. એ પછી સર ટેમુલજીએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માનીયા બાદ લેડી ધનબાઇએ સર ટેમુલજીને સુંદર કાસ્કેટ સાથ માનપત્ર એનાયત કીધું હતુ.

શેઠ મેહેરજીભાઇ પાલનજી માદનને મલેલા જે. પી. ના ખેતાબ માટે એવણના માનમાં એવણના ખોજા કોમના મીત્રો અને વખાણનારાઓએ એક મેલાવડો તા૦ ૮ મી સપટેમબર સને ૧૯૨૩ ને રવીવારે કાદી મોહલ્લામાંની ખોજા રેક્રીએશન કલબમાં મી૦ ઇબ્રાહીમ એસ. હાજી, બેરીસટરના પ્રમુખપણા હેઠળ કરી એક માનપત્ર એનાયત કીધું હતું. કેટલાક ગ્રહસ્થોએ પ્રસંગને અનુસરતા ભાષાણો કીધા પછી પ્રમુખે એવણની તારીફમાં વીવેચન કરી સુંદર કાસ્કેટમાં માનપત્ર એનાયત કીધું હતું. શેઠ મેહરજીભાઇએ પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યો હતો.

બેરોનેટ ક્રીકેટ કલબના મેમબર શેઠ હોરમજી બેજનજી-કાપડયાને મલેલા જે. પી. ના ખેતાબ માટે એવણને મુબારકબાદી આપવાનો મેલાવડો કલબના મકાનમાં મ૦ મેહલ્લાસા પાવરીના પ્રમુખપણા હેઠળ તા૦ ૩ જી મે ૧૯૨૪ ને દીને કરી કલબ તરફથી એક માનપત્ર એનાયત કરી ભેટ આપી હતી. એવોજ એક મેલાવડો શેઠ હોરમજીના માનમાં હેપી લાઈફ કલબના મેંબરોએ તા૦ ૭ મી મારચની રાતે ગ્રીન રેસટોરામાં કરી, એવણને એક રૂપાનો ટી સેટ વગેરે ભેટ આપ્યું હતું.

સોલાપુરના રહીશ શેઠ રૂશતમજી એદલજી કોટવાલને મલેલા ખાન સાહેબના ખેતાબ માટે સોલાપુરની જરથોસ્તી અંજુમને તા૦ ૧૪ મી અકટોબર ૧૯૨૩ ને દીને શેઠ જાલભાઇ સોનજસાવાલાના બંગલામાં શેઠ પીરોશા બા. નગરવાલાના પ્રમુખપણા હેઠળ મુબારકબાદી આપવાનો મેલાવડો કરી ચાંદીનો ટી સેટ ભેટ આપ્યો હતો.

ડા૦ ધનજીભાઇ ન. પટેલે શાહનામાનું દાસતાન વરસો થયા મેલાવડાઓ આગલ ગાઈ સમજાવ્યા હતા તેની કદરસનાસીમાં એવણને એક સુવેનીયર ભેટ આપવા તથા ઇરાન જતા

જરથોસ્તી બીરાદરોને મુબારકબાદી આપી સફલ સફર ઇચ્છવા માટે એક મેલાવડો જરથોસ્તી ભાઇબંધ મંડળી તથા જશન કમીટી તરફથી તા૦ ૬૩ મી એપ્રીલ ૧૯૨૪ ને દીને સર કાવશજી જાહાંગીર હોલમાં ઓનરેબલ મી૦ જસ્ટીસ દીનશાહ ફરદુનજી મુલ્લાના પ્રમુખપણા હેઠળ કરવામાં આવ્યો હતો. એ વખતે કેટલાક ગ્રહસ્થોએ ભાષણ કરી ડા૦ ધનજીભાઇ પટેલની સેવાઓની સ્તુતી કરી હતી પ્રમુખે ડા૦ પટેલને સુવેનીયર ભેટ આપી પ્રસંગને અનુસરતું વીવેચન કરવા બાદ ડા૦ પટેલે પોતાને આપેલા માન માટે સરવેનો ઉપકાર માન્યા પછી શેઠ માણેક જી. દાદાચાનજીએ ઇરાન જતા સાહેબોને સફળ સફર ઇચ્છી હતી. ડા૦ ધનજીભાઇએ બીલીમોરા ખાતે શાહનામાના કરેલા કીરતન વખતે તા૦ ૩૧ મી ડીસેમબર ૧૯૨૩ ને દીને શેઠો મનચેરજી અને રતનજી શા. તાતાએ સોના રૂપાનું રોઝ બોલ એવણને એનાયત કીધું હતું.

મુંબઇની સેનત્રલ બેંકના મેનેજીંગ ડીરેકટર શેઠ સોરાબજી ન. પહોંચખાનાવાલા કલકતા ખાતે બેંકની શાખાની નવી ઇમારત ખુલ્લી મેલવા ગયા હતા તે તકનો લાભ લઇ એવણના માનમાં તા૦ ૧૦ મી આગસ્ટ ૧૯૨૪ ને દીને ત્યાંના હીંદી વેપારીઓએ ગારડન પારટીનો એક મેલાવડો કરી રૂપાના કાસકેટમાં માનપત્ર એનાયત કીધું હતું. એજ મુજબ તા૦ ૨૯ મી આગસ્ટે રંગુન ખાતેની હીંદીવાન, બરમીઝ અને ચીના વેપારી કોમોએ એક રીસેપશનનો મેળાવડો કરી માનપત્ર ભેટ આપ્યું હતું.

પોરટ ટ્રસ્ટના એકઝીક્યુટીવ એનજીનીયર શેઠ ફરામજી રતનજી સરવેઅર લગભગ ૫૦ વરસની વફાદારી ભરેલી નોકરી બજાવી રીટાયર થવા અગાઉ બે વરસની રજા ઉપર ગયા છે. એવણના માનમાં એવણ હસ્તકના સ્ટાફોએ મેલાવડાઓ કરી માનપાન આપ્યું હતું, તેમાં રૂપાની એક કાસકેટ તથા માનપત્ર ઓફીસ સ્ટાફ તરફથી, રૂપાનું એક રોઝ બોલ તથા માનપત્ર જનરલ વરકસ સ્ટાફ તરફથી, જયારે પારસી એનજીનીયરીંગ સ્ટાફ તરફથી આલબલેસ બાગમાં ખાણું આપી રૂપાનું એક ફ્લાવર વાઝ એનાયત કરવામાં આવ્યું હતું. પોરટ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ શેઠ ફરામજીને સુનાનું એક ઘડીયાલ ભેટ આપ્યું હતું.

વીકટોરીયા જ્યુબીલી ટેકનીકલ ઇનસટીટયુટના મીકેનીકલ એનજીનીયરીંગ ખાતાવાલાં શેઠ સોરાબજી કે. ગાંધી રીટાયર થવાથી એવણના માનમાં એક મેળાવડો જાનેવારી ૧૯૨૪ માં ઇનસ્ટીટયુટના વારસીક ગેધરીંગને દીવસે મી૦ બેલના પ્રમુખપણાં હેઠળ કરી માનપત્ર એનાયત કરી, ટીચીંગ સ્ટાફ તરફથી સોનાનું ઘડીયાળ ભેટ આપ્યું હતું.

સર જમશેદજી જીજીભાઇ મદરેસાનો વારસીક ઇનામનો મેળાવડો સર જમશેદજી સ્કુલમાં તા૦ ૨ જી ફેબરવારી સને ૧૯૨૪ને સનવારે જસટીસ દીનશાહ ફ. મુલ્લાના પ્રમુખપણા હેઠળ કરી સને ૧૯૨૧–૨૨ અને ૧૯૨૨–૨૩ ના સાલોનો રીપોરટ વાંચવામાં આવયો હતો. તેમાં જણાવ્યું હતું કે આ કેળવણી ખાતાંની ૬૦ વરસની જ્યુબીલીની યાદમાં મદરેસાના શરૂઆતના ઇધ્યાત અભ્યાસી એરવદ નોશેરવાન બ. દેશાઇ જેવણે ૫૦ વરસ આગમજ આ મદરેસામાં અભ્યાસ કરયો હતો તેવણને સુનાનો ચાંદ એનાયત કરયો છે.

શેઠ માણેકજી ડોરાબજી તલાટીએ કરાંચીના પારસી કોમહીતકારી ખાતાંઓની વરસો સુધી બજાવેલી સેવાઓ માટે એવણના માનમાં એક મેલાવડો કરાંચી જરથોસ્તી અંજુમને તા૦ ૧૮ મી એપ્રીલ ૧૯૨૪ ને દીને જાહાંગીર રાજકોટવાલા બાગમાં કીધો હતો. દસ્તુર ધાલાએ શેઠ માણેકજીની સેવાઓની તારીફ કરી અંજુમન તરફથી એક પરસ અને ૪૦ વરસના હીસાબોની એક આલબમ રૂપી બુક યાને રીપોરટોની રેકોરડ ફાઇલ એનાયત કરી એવણની સખી શેઠ હીરજીભાઈ બેહરાનાની અગીયારીમાં ખુલ્લી મુકી હતી. શેઠ માણેકજીએ આપેલા માન માટે સરવેનો ઉપકાર માનયો હતો.

શેઠ રૂશતમ પેસતનજી જાહાંગીર પોતાની ભયભરેલી માંદગીમાંથી સાજા થઈ નારગોળ ગયા ત્યારે તા૦ ૨૧ મી એપ્રીલ ૧૯૨૪ને દીવસે માણેક બાગમાં એક મેલાવડો કરી નારગોળ સરોનડાની અંજુમને તેમજ તયાંની સ્કુલના વીદયારથીઓએ મલી બે માનપત્રો એવણુને એનાયત કીધાં હતાં.

શેઠ લીમજી નવરોજી મેહતાએ વરસો સુધી ક્રીકેટમાં બજાવેલી સેવા માટે એવણુના માનમાં એક મેલાવડો તા૦ ૧૦ મી દીસેમબર ૧૯૨૩ ને દીને મેદાનની સાસાનીયન કલબમાં કરી રૂપાંનું કપ એવણુના વખાણુનારાઓ તથા દોસ્તોએ ભેટ આપયું હતું.

છેલ્લી કવોડરેંગયુલર મેચમાં મેસરસ ફ્લી ઇ. કાપડયા અને પેસી એસ. દારૂવાલાએ કરેલી સારી રમત માટે એઓને ડા૦ પાવરી જ્યુબીલી ગોલ્ડ મેડલો અને મી૦ રૂશતમ વલસાડાને ૧૯૨૩ની પારસી જીમખાનાની મેચોમાં ચઢયાતી બોલીંગ માટે શેઠ જમશેદજી પટેલનો સોનાનો ચાંદ ભેટ આપવામાં આવ્યો હતો.

બોમબે પારસી સ્કાઉટ ૧૨-૧૪ તરૂપ તરફથી પોતાના એક સ્કાઉટર શેઠ ફ્રામરોજ જે. દાવર, જેવણુ એકલા દુન્યાની મુસાફરીએ સાઇકલ ઉપર ગયા છે તેવણુના માનમાં શેઠ કેકી અ. પીટરના પ્રમુખપણા હેઠળ તા૦ ૫ મી જાનેવારી સને ૧૯૨૪ ને દીને ગ્રીન રેસટોરામાં એક મેળાવડો કરી માનપત્ર એનાયત કીધું હતું. તેમજ રાબેતાની પરેડ વખતે બોય સ્કાઉટરોએ એક પરસ શેઠ દાવરને એનાયત કરી હતી.

વીલાયતના વેમબલી એકઝીબીશનમાં અને કોપનહેગનમાં મળનારી દુનયા વરનની 'સકાઉટ જેંબુરી' માં ભાગ લેવાને મુંબઇના પારસી બોય-સકાઉટસ તા૦ ૯ મી જુન ૧૯૨૪ ને સોમવારે મુંબઇથી સ્ટીમર ઓલીમપીયર મારફતે વેલાત ગયા હતા તેઓને સફળ સફર ઇચ્છવા માટે એક મેળાવડો તા૦ ૨૪ મી મેને દીને રથેસતાર મંડળ તરફથી સર કાવસજી જહાંગીર હોલમાં ડૉ૦ કા. એ. દાદાચાનજીના પ્રમુખપણાં હેઠળ કરવામાં આવ્યો હતો. એ વખતે પ્રમુખે તથા બીજાઓએ પ્રસંગને અનુસરતા ભાષાણો કીધાં હતાં.

વીમેનસ ઈંડીયન એસોસીએશનની મુંબઇની સાખાના ઓ. સેકરેટરી બાઇ હીરાંમાઇ અરદેશર તાતા અને એવણુના બેટી બાઇ મીઠાં, બેરીસ્ટર વેલાતથી લાંબો પ્રવાસ કરી મુંબઇ સહીસલામત આવ્યાં તે માટે મુબારકબાદી આપવા સારૂ વીમેનસ ઇનડીયન એસોસીએસન તેમજ થીઓસોફીકલ સોસાયટી તરફથી એક મેલાવડો બલેવેટસ્કી લોડજમાં બાઇ નવાજબાઈ દો. કંટ્રાકટરના પ્રમુખપણા હેઠળ તા૦ ૨૯ મી જાનેવારી ૧૯૨૪ ને દીને કરવામાં આવ્યો હતો. પ્રમુખે પ્રસંગને અનુસરતું વીવેચન કરી મીસ તાતા બેરીસ્ટરની સનદ મેલવવા ભાગ્યશાળી થયાં તે માટે મુબારકબાદી આપી હતી.

અતરેના જાણીતા શેહેરી મી૦ મોહનદાસ કરમચંદ ગાંધીને પુનાની સાસુન હાસપીટલમાં લાવીને ઓપરેશન કરવામાં આવ્યું હતું તેમાંથી એઓ સાજા થાય તે માટે દુવા ગુજારવા પારસી મીત્રો અને વખાણુનારાઓની એક સભા સર કાવશજી જાહાંગીર હોલમાં બાઈ જાઇજી જાહાંગીર પીટીટના પ્રમુખપણા હેઠળ તા૦ ૨૫ મી જાનેવારી સને ૧૯૨૪ ને દીને મલી હતી. એ વખતે કેટલાકોએ પ્રસંગને અનુસરતા વીવેચનો કરયા હતા. માહતમાં ગાંધીજીને પુણાની જેલમાંથી નામદાર સરકારે વગર સરતે ફેબરવારીમાં છોડી મુકયા તેમજ એવણુ ભયભરેલી માંદગીમાંથી સારા થયા તે માટે મુંબઇના પારસીઓ તરફથી દસ્તુરજી મીનોચેરજીની આગેવાની હેઠલ એક જશન તા૦ ૧૬ મી ફેબરવારી ૧૯૨૪ ને દીને સર કાવશજી જાહાંગીર પબલીક હોલમાં કરવા પછી લેડી દીનશાહ પીટીટના પ્રમુખપણાં હેઠળ જાહેર સભા ભરી મુબારકબાદીનો ઠરાવ એવણુ ઉપર મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું એજ મુજબ બીજા દેશાવરો ખાતે પણુ પારસીઓએ સભા ભરી મુબારકબાદીઓ આપી હતી.

મરહુમ સર ફીરોઝશાહ મેરવાનજી મેહતાનું બાવલું જે સર ફીરોઝશાહ મેહતા મેમોરીયલ કમીટી તરફથી ઓ૦ સર દીનશા વાચ્છા મારફતે મુંબઇની યુનીવરસીટીને ભેટ આપવામાં આવ્યું હતું, તે ખુલ્લું મુકવાની ક્રીયા વાઇસ ચાનસેલર સર ચીમનલાલ સેતલવડે તા૦ ૧૨ મી એપ્રીલ ૧૯૨૪ ને સનવારે કરી હતી એ વખતે સર ફીરોઝશાહની તારીફમાં વીવેચનો થયાં હતાં.

મુંબઇની ન્યુ હાઇ સ્કુલના જોડયા માલેક તથા પ્રીનસીપલ મરહુમ શેઠ જાલભાઇ દોરાબજી ભરડાનું બાવલું તા૦ ૧ લી ડીસેમબર ૧૯૨૩ ને દીને જસ્ટીસ દીનશાહ ફ. મુલ્લાએ ન્યુ હાઇ સ્કુલમાં ખુલ્લું મુકયું હતું. શેઠ ભરડાના મરણ પછી એઓની યાદગારી રાખવા માટે ઉગાડેલા ફંડમાં ભરાયલા રૂ૧૯૧૧૦ માંથી રૂ૧૩૭૫૦ ની રકમ સ્કુલને ફ્રી સ્ટુડંટશીપ, પ્રાઇઝો અને ફેલોશીપો મરહુમને નામે સ્થાપવા માટે આપવામાં આવી છે અને બાકીની રકમમાંથી એક સંગેમરમરનું બસ્ટ પોરટ્રેટ બનાવી સ્કુલને ભેટ આપ્યું છે.

કલકતાવાલા મરહુમ શેઠ જમશેદજી ફરામજી માદનની સબી મી૦ ધનશયામદાસ બીરલાના પ્રમુખપણાં હેઠળ તા૦ ૨ જી એપ્રીલ ૧૯૨૪ ને બુધવારે કલકતા એંગલો ગુજરાતી સ્કુલમાં ખુલ્લી મુકવામાં આવી હતી. આ માટે ઉંગાડેલાં ફંડમાં ભરાયલા રૂ૪૫૮૨ માંથી સબી વગેરેના ખરચના બાદ જતા બાકી વધેલાં રૂપીઆમાં જોઇતી રકમ મરહુમ શેઠના છોકરાઓએ ઉમેરી રૂ૫૦૯૧ ની રકમ સ્કુલના બાલકોને વ્યાજમાંથી પ્રાઇઝ આપવા સારૂ આપી હતી.

મરહુમ બાઇ મોટલાબાઈ એમ. વાહાડયાની તસવીર પુણાના સેવાસદનમાં નામદાર ગવરનરના ધણીયાણી લેડી લોઇડે સપટેમબર ૧૯૨૩ માં ખુલ્લી મુકી હતી.

માથેરાનનાં જુના વેપારી મરહુમ શેઠ શાપુરજી નવરોજી ચીનાઈની સબી પુણા ખાતે સર દી. મા. પીટીટ પારસી જીમખાનામાં તા૦ ૧૮ મી નવેમબર સને ૧૯૨૩ ને રવીવારે ખુલ્લી મુકવામાં આવી હતી.

મરહુમ શેઠ આદરજી એદલજી દુમસીયાની સબી સુરત રૂસતમપુરા દસ્તુર ખુરશેદ લાયબ્રેરીમાં નવેમબર સને ૧૨૯૩ માં દસ્તુર બરજોરજી દારાબજી દસ્તુરે ખુલ્લી મુકી હતી.

ખા૦ બા૦ ડાકટર પાલનજી હોરમજી દાદાચાનજીની સબી વલસાડની રૂ. જ. જી. એ. વરનાકયુલર સ્કુલમાં તા૦ ૨૪ મી એપ્રીલ ૧૯૨૪ ને દીને ઉત્તર વીભાગના કેળવણી ખાતાના ઇનસપેકટર મી૦ કરૂશણુલાલ વકીલે ખુલ્લી મુકી હતી.

પુણાના પારસી જીમખાનાના મરહુમ સેક્રેટરી શેઠ હોશંગ જમશેદજી ભરૂચાની સબી એ જીમખાનામાં તા૦ ૨૮ મી જુન ૧૯૨૪ ને દીને સરદાર દસ્તુર કેકોબાદ આદરબાદે ખુલ્લી મુકી હતી.

ઉડવાડાના મરહુમ દસ્તુરજી ખુરશેદજી મીનોચેરજીની સબી તેમજ ઉડવાડાની અંજુમનના અકાબર મરહુમ શેઠ એદલજી ખુ ભરડાની સબી ઉડવાડાના આતશબેહરામમાં ખુલ્લી મુકવામાં આવી હતી.

મધરાસના ઊદ્યોગોના સરકારી ડાયરેકટર શેઠ દીનશાહ એમ. અમલસાડે "અમલસાડ હેનડ સાઈઝીંગ મશીન" ની શોધ માટે પેટંટ મેળવવાને અરજી કરી છે.

જાણીતા જરથોસ્તીઓના મરણ.

દમણના જાણીતા શેહેરી પ્રોફેસર અરદેશર સોરાબજી પોસ્ટવાલા ૭૨ વરસની વયે રોજ ૨૭ મો માહ ૧ લાને દીને દમણ ખાતે મરણ પામ્યા હતા. એવણનો જનમ નાની દમણ ખાતે રોજ ૧૬-૧-૧૨૨૧, તા૦ ૧૨-૧૦-૧૮૫૧ ને દીને થયો હતો. એવણે દમણ ખાતેજ ગુજરાતી, અંગ્રેજી તથા પોરટુગીઝ ભાષાની કેળવણી લીધા પછી મુંબઇની ઝોરાસ્ત્રીયન ગરલસ સ્કુલના એક શીક્ષક તરીકે રહયા પછી, દમણ પાછા જઈ પોતાના ભાઇઓ જોડે દારૂ ગાળવાનો ધંધો કીધો હતો. નાની દમણ ખાતે ૧૮૭૮ માં મ્યુનીસીપાલીટી તરફથી સ્થાપવામાં આવેલી ગુજરાતી સ્કુલના પહેલ વહેલા શીક્ષક તરીકે એવણની નેમણુંક થઇ હતી તે પછી ૧૯૦૪ માં દીવ ખાતે વધુ પગારે બદલી થઇ હતી ત્યાંથી ૧૯૦૬ માં પોરટુગીઝ સરકારની વફાદારી ભરી નોકરી બજાવી રીટાયરડ થયા હતા. પોતાની નોકરી દરમ્યાન એક દીવસ પણ રજા લીધી હતી નહીં અને એવણને રીટાયરડ થવા પછી આખા પગારનું પેનસન મલતું હતું. એવણે જાહેર બાબદોમાં આગેવાન ભાગ લઇ પ્રજા તેમજ સરકારની અછી સેવા બજાવી હતી. એવણે છપનીયા દુકાળ વેળા દમણ તથા નગર હવેલી પ્રગણામાં ગરીબોને ચોખાની કાંજી પાવાનું તથા દવા કપડાં મુફત આપવાનું દયાળુ કામ પોતે ગરીબ હોવાં છતાં માથે ઉઠાવ્યું હતું અને અમેરીકાથી દુકાળીઆઓને માટે નાણાંની મદદ આવી હતી તેમાંથી દમણનાં ગરીબો માટે સારી રકમ મેલવી હતી. દમણ મધે પાણીની તાણ પડવાથી સખી દાતારો પાસે મદદ મેલવી કુવાઓ તથા હવાડાઓ બંધાવી પુણનું કામ કીધું હતું. દમણ મ્યુનીસીપાલીટીના મેમબર તરીકે ૧૯૦૭ થી મરણ સુધી એવણની નેમણુંક કરવામાં આવતી હતી અને ઘણી વખત તેના પ્રેસીડંટ તરીકે બાહોશીથી કામ કીધુ હતું. વલી ૧૯૦૭ માં દમણની પારસી પંચાયતના ત્રસ્ટી તરીકે એવણને ચુંટી કાઢયા હતા. એ ઓધ્ધો ૧૬ વરસ સુધી બાહોશીથી બજાવી અંજુમનના ફંડો વધારી સંગીન પાયા ઉપર મેલી આપ્યા હતા. મરહુમ ગ્રહસ્થ ઘણા સમજદાર અને વીચારવંત હતા અને કોઇનુંબી કામ કરી આપવાને હમેશાં આતુર રહેતા હતા. મરહુમને ગરીબોનું ભલું કરવાની ભારે કાળજીની પ્રશંસા કરનારો એક ખાસ ઠરાવ ગોવાની સરકારે ૧૯૦૯ ની સાલમાં બહાર પાડયો હતો. અંજુમનની કીમતી સેવા બજાવવા માટે મરહુમના ઉઠમણાંની કીયા વખતે એવણનું નામ જાહેર ધારમીક ભણતરોમાં લેવાનો ઠરાવ થયો હતો. તેમજ દમણના ગવરનર પુણે ગયલા હોવાથી મરહુમના વડા બેટા શેઠ નવરોઝ ઉપર તાર મોકલી મરહુમની ભલાઇ અને સદગુણની તારીફ કરી હતી. મરહુમના વડા બેટા શેઠ નવરોઝ જેવણ ગુજરાતી ભાષાના એક સ્કોલર અને મોટી દમણની સરકારી ગુજરાતી શાળાના પ્રીનસીપલનો ઓધ્ધો ભોગવે છે અને એક પ્રોક્યુરેટર તરીકે દમણની કોરટોમાં વકીલાત કરવાની પરવાનગી પોરટુગીઝ વડી સરકાર તરફથી એવણને મલી છે. એવણ પોતાના મરહુમ પીતાની માફક જાહેર બાબદોમાં ઉમંગથી ભાગ લઇ સારી સેવા બજાવી છે. એવણને દમણની પારસી પંચાયતના ત્રસ્ટી તથા ગોવાની કેળવણી કાઉનસીલ માટે ગુજરાતી અને મરાઠી શીક્ષકોના પ્રતીનીધી તરીકે ચુંટી કાઢયા છે.

ડા૦ બરજોરજી બેરામજી રોજ ૨૧ મો માહ ૩ જાને દીને ભાવનગર ખાતે ૮૪ વરસની વયે મરણ પામ્યા હતા. એવણ શરૂઆતમાં ભાવનગર રાજ્યમાં તબીબ તરીકે નોકરીએ રહયા હતા અને તે પછી તબીબ ખાતાના વડા નેમાયા હતા. ડા૦ બરજોરજીને ૧૮૮૮ માં મુંબઇ યુનીવરસીટીના ફેલો, ૧૮૯૪ માં ભાવનગર સ્ટેટ કાઉનસીલના વધારાના મેંબર અને ૧૮૯૯ માં કામચલાઉ દીવાના નેમવામાં આવ્યા હતા. મરહુમ ભાવનગરની જરથોસ્તી અંજુમનના કામમા હમેશા સારો ભાગ લેતા હતા. એવણે પોતાના મરહુમ બેટા શેઠ નોશરવાનજીને નામે દેવલાલી બાહાદુરજી સેનેટરીઅમમાં એક લાયબ્રેરી માટે ૨૫૦૦૦ આપ્યા હતા, તેમજ બીજા ધરમખાતાઓમાં સારી મદદ કરી હતી.

સીકનદરાબાદ દખણના જાણીતા શેહેરી ખાન બહાદુર શાપુરજી એદલજી ચીનાઇ ૭૯ વરસની વયે રોજ ૧૦ મો માહા ૫ માને દીને સીકનદરાબાદ ખાતે મરણ પામ્યા હતા. એવણ નામદાર નીઝામના રાજ્યમાં નોકરીએ રહયા હતા અને પોતાની હુશીયારીથી મોટા ઓધ્ધાઓ મેલવવા પામ્યા હતા. ૧૮૭૩ થી ૧૮૮૩ સુધી નવાબ રામ શુલ–ઉમરા અમીરે કબીરની રીજનસી દરમ્યાન પાયધા જાગીરના એવણ સેક્રેટરી અને તાલુકદાર હતા. મરનાર પોતે એક મોટા જાગીરદાર હતા અને એવણને હસ્તક ગુલબરગા ખાતેની માહબુબ શાહી મીલ ચાલતી હતી તેમજ નીઝામ સ્ટેટમાં અનેક જીનીંગ ફેકટરીઓ અને પ્રેસોના માલેક હતા. મરનારે ઘણીક સખાવતો કરેલી છે તેમાં સીકંદરાબાદની કીંગ એડવરડ મેમોરીયલ હોસપીટલ સ્થાપી, બીજી એક ડીસપેનસરી પણ નીભાવતા હતા. સીકંદરાબાદની નવી અગીયારી બાંધવા તથા તેના નીભાવ માટે તેવણે મોટી રકમ આપી હતી. એવણના મરહુમ માતાજી બાઇ પીરોજબાઇના તથા એવણના ધણીઆણી બાઇ મીઠીબાઇના ઉઠમણામાં સારી રકમ ભરી હતી. મરહુમ ઘણા મલતાવડા સ્વભાવના ને રાંક હતા.

રૂના જાણીતા વેપારી શેઠ પેસતનજી ધનજીભાઇ પટેલ ૫૩ વરસની વયે રોજ ૨૫ મો માહા ૫ માને દીને એકાએક હારટનો ધબકારો બંધ પડવાથી મરણ પામ્યા હતા. એવણે પ્રથમમાં પોતાની વેપારી કારકીરદી રૂના દલાલ તરીકે શરૂ કરવા પછી પોતાની કાબેલીયતથી આગલ વધીને પાકો અનુભવ મેલવી ૧૮૯૮ માં પટેલ બ્રધરસ નામની રૂના વેપારીની પેહેડી સ્થાપી બોહલાં પાયા ઉપર વેપાર ચલાવ્યો હતો. મેસરસ ઈ. ડી. સાસુનની પ્રખ્યાત પેહેડીમાં થોડા વરસપર ભાગ્યા તરીકે જોડાયા હતા. એવણના રૂના જીનો તથા પ્રેસો ધુળયા, બીજાપોર વગેરે મથકાએ આવેલાં છે અને ઘણાં દેશાવરો ખાતે રૂની એજનસીઓ ધરાવતા હતા, તેમજ દક્ષીણ હીંદુસ્તાનમાં મદુરા જીલ્લામાં બોહલા વીસ્તારમાં રૂ ઉગાડવા માટે મોટી મોટી જમીનો એવણે ખરીદી હતી. એવણને ન્યુ યોરકની કોટન એક્ષચેંજના મેંમબર તરીકે મરણની એક માસ અગાઉ ચુંટી કાઢવામાં આવ્યા હતા અને મરહુમના માનમાં રૂનું બજાર બંધ રાખવામાં આવ્યું હતું.

ડા૦ રતનબાઇ રૂશતમજી મલબારવાલા રોજ ૪ થો માહા ૬ ઠાને દીને ૬૮ વરસની વયે મરણ પામ્યા હતા. ૧૮૮૪ માં બાનુઓના બાબમાં એવી છુટ મુકવામાં આવી હતી કે જેઓનુ અંગ્રેજીનું ગ્નાન સારૂ હોય તેઓને મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરવા વગર ગ્રાંટ મેડીકલ કોલેજમાં દાખલ કરવા. આથી બાઇ રતનબાઇ મેડીકલ કોલેજમાં જોડાઇ ચાર વરસના અભયાસ પછી વૈદાની પરીક્ષામાં પસાર થઇ ધોબીતલાવ ખાતે દવાખાનું કાઢી સારી નામના મેલવી હતી. એવણ જાહેર બાબદો ઉપર લખાણો તેમજ ભાષણો કરતાં હતાં.

અતરેના જાણીતા વાહાડયા ખાનદાનના સખી શેઠયા મરહુમ શેઠ પેસતનજી અરદેશર હોરમારજી વાહાડયા રોજ ૧૮ મો માહા ૬ ઠાને દીને મરણ પામ્યા હતા. એવણે પોતાની મીલકતમાંથી દશ લાખ રૂપ્યાની નાદર રકમનું ટ્રસ્ટ સ્થાપ્યું છે જેની આવક ગરીબ જરથોસ્તીઓના સંકટ નીવારણ માટે આપવા જણાવ્યું છે, જે એવણના મોટા સખી દીલગુરડાની અગાઉ પુરી પાડે છે. એવણે પોતે સ્થાપેલી મેસરસ પી. એ. હોરમારજીની કંપનીના નામની પહેડી ત્રણ દાયકા વેર સગી રીતે ચલાવી ઘણી ધીકતી હાલતમાં મુકી ગયા છે. વલી એવણે ચાવના મીલ સ્થાપી હતી અને મુર મીલના એજંટ તરીકે ખડતળ મેહનત કરી તેનો સારો વહીવટ ચલાવી પોતાની પેહેડીની નામનામાં વધારો કીધો હતો. એવણ ઘણી મીલોના ડીરેકટર હતા અને તેના કામકાજમાં સારો ભાગ લેતા હતા. મરહુમ ઘણા ખુશ મીજાજી અને મલતાવડા સ્વભાવના હતા અને પોતાના જુના માણસો તરફના ચાહ અને વીસવાસની પીછાણ કરી તેમને પોતની દોલતમાંથી સારો ભાગ આપી નવાજી ગયા છે.

ખાન સાહેબ બાપુજી એદલજી ચીનાઇ ૭૧ વરસની વયે રોજ ૯ મો માહા ૮ માને દીને સીકંદરાબાદ ખાતે મરણ પામ્યા હતા. શરૂઆતમાં નવાબ મોહોતશમ–ઉદ–દઉલાર બહાદુરના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે રહયા હતા. મરહુમે ૧૮૮૬ થી ૧૮૯૮ સુધી ગુલબરગામાં રહી ત્યાંની

મીલનો વહીવટ પોતાના વડા ભાઈ ખા૦ બા૦ શાપુરજી સાથે મેસરસ બાપુજી એન્ડ કંપનીને નામે ઘણી સરસ રીતે ચલાવ્યો હતો. એ પછી નાદરૂસ્ત તબીયતને લીધે સીકંદરાબાદમાં આવી રહેલા હતા. હેદરાબાદમાં ૧૯૦૫માં સ્થપાયલી લેજીસલેટીવ કાઉનસીલના તથા સીકંદરાબાદની કેનટોનમેંટ કમીટીના મેમબર તરીકે તેમજ હાઉસ ઓનરસ એસોસીએશનના પ્રેસીડનટ તરીકે વરસો સુધી એવણે સારી સેવા બજાવી હતી. એવણે પોતાના મરહુમ બેટા શેઠ ફીરોઝને નામે એક બ્લૉક ખરીદી ઝોરાસ્ત્રીયન બીલડીંગ સોસાયટીને ભેટ આપ્યો છે તથા બીજા ધરમખાતાઓમાં નાણાની સારી મદદ કરી હતી.

વલસાડના જાણીતા શેહેરી શેઠ માણેકજી ધનજીભાઈ ધનભુરા ૮૦ વરસની વયે રોજ ૨૫ મો માહા ૮ માને દીને વલસાડ ખાતે મરણ પામ્યા હતા. મરહુમ ઘણા રાંક અને મલુતાવડા સ્વભાવના હતા અને પોતાની હૈયાતીમાં સારી સખાવત કરી ગયા છે. એવણે પોતાના ભાઇઓ તથા કુટંબીઓ સાથે મલી પોતાના મરહુમ પીતાજીના વીલમાં જણાવવા મુજબ વલસાડ ખાતે એક દખમું બંધાવ્યું છે. વલી એવણે મુગા જાનવરો માટે એક વેટરનરી હાસપીટલ બંધાવી આપી, વલસાડથી ત્રણ માઇલ દુર તીથલ ખાતે પોતાના બેટા બેજનજીની યાદમાં એક પાકી સડક તેમજ પોતાના મરહુમ બેટી ડોશીબાઇના પુણ માટે તીથલ સેનેટરીયમમાં જવાનો રસ્તો બંધાવી આપ્યો છે.

ખાન બહાદુર અરદેશર દીનશાજી ચીનાઇ ૭૨ વરસની વયે ઉમરાવતીમાં રોજ ૧૦ મો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. શરૂઆતમાં બીરારના મેજીસ્ત્રેટ તરીકે એવણુની નેમણુંક થવા પછી ૧૮૮૪માં કમીશનરના ઓહ્દા ઉપર નેમાયા બાદ જુદે જુદે ઠેકાણે જુદા જુદા ઓહ્દાઓ ઉપર એવણુની નેમણુંક થઇ હતી. એવણુને ૧૯૦૩ માં ખાન બહાદુરનો ખેતાબ અને ૧૯૧૧ માં કયસરે હીંદનો સુનાનો ચાંદ તેમજ વોલનટીયર લોંગ સરવીસ મેડલ અને દીહલી દરબારનો મેડલ પણ મલ્યો હતો એવણુને દીહલી દરબારમાં હાજર થવાનું માન આપવામાં આવ્યું હતું.

કરાંચીના જાણીતા શેહરી શેઠ ફ્રામરોજ એદલજી પંથકી ૬૫ વરસની વયે કરાંચી ખાતે રોજ ૧૩ મો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા. એવણ શરૂઆતથીજ સરકારી નોકરીમાં જોડાયા હતા અને પોતાની હુશીઆરી તથા ચાલાકીથી આગલ વધી ડેપ્યુટી કલેકટરના ઓહ્દા ઉપર આવ્યા હતા. જરથોસ્તીઓને લગતા કામોમાં ઘણો આગેવાન ભાગ લઇ મદદ આપતા હતા, તેથી એવણુને કરાંચીના અંજુમનના શરનશીન નેમી માન આપવામાં આવ્યું હતું. વલી કરાંચીની વીરબાઇજી સ્કુલમાં, મ્યુનીસીપાલીટીમાં, પોરટ ટ્રસ્ટમાં તથા બીજા સંખ્યાબંધ ખાતાઓમાં વરસો સુધી ખંતથી કામ કરી પોતાની સેવાનો લાભ આપ્યો હતો. એ ઉપરાંત અફગાન તથા સુઆકીમ લડાઇ વખતે ત્રાનસપોરટના કામમાં તેમજ કરાંચી ખાતે ચાલેલા કોલેરા તથા પ્લેગ વખતે એવણે નામદાર સરકાર તથા પ્રજાની બજાવેલી ભારે સેવાઓની પીછાણમાં નામદાર સરકારે નસરત કેનાલના કીનારા ઉપરની ૧૦૦૦ એકર જમીન મરહુમને બક્ષેશ આપી હતી અને એ જગા તથા તેની આજુબાજુના વીસ્તારને એવણુના નામ ઉપરથી "ફ્રામાબાદ" નામ આપવામાં આવ્યુ હતું.

મરહુમ શેઠ ડોશાભાઇ લીમજીભાઇ મેગુસી ૭૦ વરસની વયે બીલીમોરા ખાતે રોજ ૩૦ મો માહા ૯ માને દીને મરણ પામ્યા હતા એવણુની પેહેડી બીલીમોરા ઉપરાત મુંબઇ, મલબાર, કોલંબો તથા ગુજરાતના ઘણા શેહેરોમાં બોહલા પાયા ઉપર દીવેલ તેલ વગેરેનો વેપાર કરે છે અને બરોડા રેલવે તથા જી. આઇ પી. રેલવેને મોટા જહામાં તેલ પુરૂં પાડવામાં આવતું હતું તે માટે બીલીમોરામાં તેલ પીલવાની મીલ ઉભી કીધી હતી. એવણ બીલીમોરાની જરથોસ્તી અંજુમનના ટરસ્ટી તથા ત્યાંના વેપારી માહાજનના આગેવાન કારોબારી હતા. મરહુમની પેઢી પરથી હમેશા ગરીબને મુફત દવા આપવામાં આવે છે.

(૮) આ દરેહમેહર એરવદ સોરાબજી હો૦ રાનજીએ પોતાના મરહુમ બાવા હોરમસજીની નઈયતે રોજ ૩–૮ ૧૨૩૭ ય૦, તા૦ ૨૨–૪–૧૮૬૮ ને દીને બંધાવી હતી અને એના નીભાવ માટે કાંઈથી બંદોબસ્ત એરવદ સોરાબજી કરે તે અગાઉ મરણ પામવાથી લગભગ ૩૫ વરસો સુધી પીટીટ ખાનદાન તેમજ બીજાઓ તરફથી નીભાવ ખરચ આપવામાં આવયા હતા. એનો વહીવટ એરવદ સોરાબજી પછી એવણના કુટુંબીઓ કરતા હતા અને હાઈ કોર્ટની મંજુરીયાત મેળવી તા૦ ૧૭ મી અકટોબર ૧૯૧૪ ને દીને પાંચ ટ્રસ્ટીઓ નેમી દરેહમહેર માટે ટ્રસ્ટ કરવામાં આવયું છે: જેઓની તજવીજ પડવાથી નવેસરથી લગભગ રૂપયા ફેંશી હજારનો ખરચ કરી દરેહમહેરનું મોટું નવું મકાન તેમાં જાહેર હોલ સાથે ફરીથી બાંધી તેને ઇજી આતસ આદરીઆનને પાછા પરઠવાની ક્રીયા રોજ ૧૭ મો માહ ૧૨ મો ય૦ સને ૧૨૯૦ તા૦ ૧૭ મી આગસ્ટ ૧૯૨૧ ને સોમવારે કરવામાં આવી હતી. આ દરેમહેરને લગતું ગેટાનું કામ વગેરે માટેનું વધારાનું મકાન શેઠ અરદેશર મેરવાનજી ભરૂચાએ સર શાપુરજી બરજોરજી ભરૂચાની યાદમાં બંધાવી આપ્યું હતું તે રોજ ૧૭ મો માહા ૧૦ મો સને ૧૨૯૨ ય. ને દીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

(૯) આ ધારકુંમી મેનદીની ભીંડીબાજાર મેધમી મરહુમ શેઠ મેરવાનજી માણેકજી પટેલની (મેહેલલાશા પટેલ) ની દરેહમહેર રોજ ૧૭–૧૨–૧૧૭૭ને દીને પહેલ વહેલી પરથવામાં આવી હતી. એ દરેમેહરનું મકાન પુરાણું થઈ જવાથી યઝદે જરદી સને ૧૨૪૭માં રોજ ૧૭ મો માહા ૯ મો શેનશાહીને દીને શેઠ નશરવાનજી માણેકજી પીટીટે પોતાના ધણીઆણી બાઈ દીનબાઈ સેઆ દરેમેહરના અસલ બંધાવનાર મરહુમ શેઠ મેરવાનજી પટેલના બેટીના બેટીને નામે રૂ ૨૫૦૦૦) ખરચીને નવા પાયાથી વધુ ફેલાદે બાંધી આપીયું હતું અને રૂ ૩૫૦૦) એ મકાનની મરામતને સારૂ અનામત રાખયા હતા. એ જગાપરથી પાણી વહેતી મુશ્કેલ નીકલી જવાથી હાઈ કોરટની પરવાનગી લઈ રૂપિયા સીતેર હજારમાં ભીંડીબજારવાળું મકાન તથા જમીન વેચી નાખી પાક આતશના કેબલાને નવું મકાન બંધાય ત્યાં સુધી કોલાબાની શેઠ જીજીભાઈ દાદાભાઇવાળી દરેહમહેરમાં લઈ જઈને રાખ્યા હતા. એ પછી ગરાંટરોડ ખાતે બાલાસિમ સ્ટ્રીટમ બાઈ આવાબાઈ પીટીટવાળી ૭૪૨ ચોરસ વાર જગા વારના રૂપિયા પચીસ લેખે વેચાતી લઈ તે ઉપર નવું મકાન બાંધવામાં આવ્યું છે. એ નવા મકાનનો પાયો નાખવાની ક્રીયા રોજ ૨૭ મો માહા ૧૦ મો ય.સને ૧૨૯૩ તા. ૨૫ મી જુન ૧૯૨૪ ને બુધવારે કરવામાં આવી હતી.

(૧૦) મીરગામની શેઠ અસલાજીવાળી દરેહમહેર પહેલ વહેલી શેઠ અસલાજી ભીખાજીએ પોતાની વાડીમાં બંધાવી તેમાં આતશ દાદગાહ પરઠાવ્યા હતા. એ પછી એ દરેહમહેર કેટલા વરસો સુધી પડતલ પડી રહી હતી અને તે પછી શેઠ અસલાજીના મરણ બાદ શેઠ જહાંગીર બેજનજી વકીલના હસ્તકમાં એ વાડી તથા દરેહ મહેરનું મકાન આવવાથી શેઠ જહાંગીરજીએ પોતાના બેટા શેઠ પેસતનજીની નઇયતે ફરીથી એ દરેહમહેર ઇજાવી રોજ ૨૭ મો માહા ૧૨ મો ય. સને ૧૨૩૪ તા. ૭ મી સપ્ટેમ્બર ૧૮૬૫ને દીને ખુલ્લી મુકી હતી. એ મકાન બીસમાર થવાથી શેઠ જહાંગીર વકીલના વારસોએ મોટો ખરચ કરી નવું મકાન બંધાવી તેમાં આતશ આદરાનના કેબલાને રોજ ૨૦ મો માહા ૭ મો ય. સને ૧૨૯૩, તા. ૨૮ મી મારચ ઈસ્વી સને ૧૯૨૩ ને દીને તખતનસીન કરી ખુલ્લા મુકવામાં આવ્યા છે.

(૧૧) આ દરેમેહેર આગળ યઝદેજરદી સને ૧૧૮૨ માં એરવદ સોરાબજી હોરમજી રાંનજીએ બંધાવી હતી.

(૧૨) એ દરેહમેહેરની પાસે આવેલી મરહુમ શેઠ રુસ્તમજી સોરાબજી ભરૂચા તથા ફીંડાવાલાની જુની દરેમેહરનું મકાન તેના વારસોએ આ વાહીડયાજીવાલી દરેમેહેરની સાથે જોડી નાખીને વાપરવા માટે ધરમ ખાતે આપી દીધાથી એ પુરાણું મકાન ઓનરેબલ શેઠ નવરોજી નશરવાનજી વાહાડયા સી. આઇ. ઈ. એ નવેસરથી બંધાવીને રોજ ૮ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૬૮ ને દીને ઇજાવ્યું હતું.

(૧૩) આ વાહાડયાજીવાલા આતશ આદરાનના કેબલાને પેહલવેહલા લાલબાગના મકાનમાં રોજ ૨૦ મો માહ ૧૧ મો ૧૨૦૩ ને દીને પરઠેલા હતા, તે પછી આ આદરાનના કેબલાને શેઠ વાહાડયાજીના આતશબેહરામમાં થોડો વખત લઇ જઈ રાખયા હતા. એ પછી લાલબાગની પાસે આવેલી પોતાની જગામાં શેઠ મનચેરજી જમશેદજી વાહાડયાએ નવું મકાન બાંધવા માંડેલું તેઠલા એવણ મરણ પામવાથી એવોના બેટાઓ શેઠો નશરવાનજી અને બરજોરજી મ. વાહાડયાએ રોજ ૧૦ મો માહા ૧૧ મો ય. સને ૧૨૩૨ ને દીને આ નવા બંધાવેલા મકાનમાં જુના આતશ આદરાનના કેબલાને પરથાવી તખતનશીન કીધા હતા. આ દરેહમહેરનું મકાન બીસમાર થવાથી એક ફંડ ઉભું કરી તેમાંથી જુનું મકાન સમરાવી તેને ઇજી રોજ ૨૦ મો માહા ૭ મો ય. સને ૧૨૯૩, તા. ૨૦ મી મારચ ૧૯૨૪ ને બેસપતવારે દરેહમહેર ખુલ્લી મુકવાની ક્રીયા કરવામાં આવી હતી.

(૧૪) એ મકાન એકસો વરસનું પુરાણું થવાથી, યઝદેજરદી સને ૧૨૬૬ ના રોજ ૧૯ મો માહા ૨ જો શેનશાહી ને દીને યાને એ અસલ આદરીયાન પરઠીયાને બરોબર ૧૦૧ મું વરસ બેઠું હતું તે દીને એ મકાનનાં વારસોએ તે ફરીથી નવું બંધાવીને તેમાં આતશ આદરીયાન પરઠયા હતા. આ મકાન બંધાતાં સુધી તેમાનો કેબલો શેઠ હોરમજી વાડયાજીવાળાં આતશબેહરામમાં એક વરસ વેર લઈ જઇ રાખયો હતો.

(૧૫) આ દરેહમેહર મેહલ્લા મુંબઈના ભીંડીબજારના રસ્તા ઉપર શેઠ બમનજી મે. મેવાવાળાએ પોતાના મરહુમ બેટા સોરાબજીના પુણ્ય માટે ઇસવી સને ૧૮૫૨ માં રોજ ૧૭ મો માહા ૪ થો ય. સને ૧૨૨૦ ને દીને પરથાવી હતી. પણ ઇસ્વી સને ૧૮૭૪ ના ફેબરવારી માસમાં થયલા રાયત-હુલ્લડ વખતે એ દરેહમેહરના આતશના કેબલાને અપવીત્ર કરવામાં આવવાથી એજ સાલમાં ફરીથી બીજા નવા અતશ આદાન સાહેબને પરથાવી પ્રજીને ઇસવી સને ૧૮૭૪ માં રોજ ૧૭ મો માહા ૯ મો સને ૧૨૪૩ યઝદેજરદીને દીવસે દરેહમેહર પાછી ખુલ્લી મુકવામાં આવી હતી. અને એ દીવસ એ દરેહમેહરની સાલગ્રહનો ચાલુ છે એ દરેહમેહર બીસમાર હાલતમાં આવવાથી અને એ મકાનની આજુબાજુથી જરથોસ્તીઓની વસ્તી કમી થવાથી એ દરેહમહેરનું મકાન તથા એના નીભાવવાલું મકાન કોરટની પરવાનગીથી વેચી, તેના અવેજમાંથી ભાયખલા વીકટોરીયા ગારડન પાસે બાંધવામાં આવેલા નવા મકાનમાં જુના આતશ આદરાનને શેહેનશાહી રોજ ૧૭ મો માહા ૪ થો ય. સને ૧૨૮૪ ને દીને પાછા તખતનશીન કરી એ દરેહમેહર જાહેર વપરાસ માટે ખુલ્લી મુકવામાં આવી હતી. એ દરેહમેહરની સાલગ્રહ વરસમાં બે વાર પાળવામાં આવે છે, તેમાં રોજ ૧૭ મો માહા ૯ મા ને દીને આતશ આદરાનની સાલગ્રહને દીને જાહેર ઉજરાણું કરી જશન તથા લાઇટ કરવામાં આવે છે,—જ્યારે રોજ ૧૭ મો માહા ૪ થા ને દીને ફકત મકાનની સાલગ્રહનું જશન થાય છે. આ દરેહમેહરના નીભાવ માટે કમાઠીપુરામાં એક નાહની દુકાનનું મકાન શેઠો હીરાજી [illegible] તથા હેરમજી રતનજી કંટરાકટરે બંધાવી આપ્યું છે તે રોજ ૧૧ મો માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૯૨ યઝદેજરદી તા ૧૭ મી જુન ૧૯૨૩ ને રવીવારે ખોલ્લું મુકવામાં આવ્યું છે.

(૧૬) મરહુમ શેઠ મેહેરીઆરજી કેખશરૂ ઈરાનીએ પોતાના મરહુમ બેતી આઈ બાનુબાઈના પુણ્ય માટે થાણા ખાતે કદમી રોજ ૬ ઠો માહા ૯ મો સને ૧૨૭૫ ને દીને આતશ દાદમાં પરઠાવ્યા હતા. થાણા ખાતે કદમી જરથોસ્તીઓની આજ વસ્તી નહો હોવાથી એ આતશ દાદગાને મજગામની મરહુમ શેઠ ફ. ન. પટેલની દરેમેહેરમાં લાવી પરઠાવવાનું શુકરગુજારીનું જશન રોજ ૨૬ મો માહા ૯ મો કદમી ય. સને ૧૨૮૧ ને દીને કરવામાં આવ્યું હતું.

(૧૭) આ દરેહમેહેર મજગામમાં નવાબના તલાવ આગલ મરહુમ શેઠ નાનાભાઈ જમશેદજી સમલાની નઈયતે તા૦ ૪ થી મે ૧૮૬૭ યાને યઝદેજરદી સને ૧૨૩૬ના રોજ ૧૪ મો માહા ૮ માને દીને મરહુમ શેઠ નાનાભાઈની બેહેન મરહુમ બાઈ રતનબાઈ તે સર કાવશજી જાહાંગીર રેડીમનીનાં ધણીઆણીની પુંજીમાંથી બાંધવામાં આવી હતી. પાછલથી એનો સરવે વહીવત ઈ૦ સ૦ ૧૮૭૭ માં સર કાવસજી જહાંગીરજી રેડીમની નાઈટ, સી. એસ. આઈ. એ પોતાને સવાધીન લઈ તેના નીભાવ માટે બંદોબસ્ત કરનાર હતા, તેટલા મરણ પામવાથી એ દરેહમેહેરના નીભાવ ખરચ માટે સર કાવસજીના એકઝીક્યુટરોએ મરહુમની પુંજીમાંથી રૂ. ૨૩૦૦૦ નું તા૦ ૯ મી અકતોબર ૧૮૮૦ ને દીને તરસટડીડ કરી તે મરહુમના બેટા સર જાહાંગીર કાવસજી જાહાગીરને તરસટી તરીકે સોંપ્યું હતું. આ દરેહમેહરનું મકાન મુંબઈના પોસ્ટ ખાતે સરવાજનીક કામ સારૂ સને ૧૨૯૫ માં ખરીદી લીધું તેમજ એ લતાના બીજા મકાનોબી લઈ લેવાથી ત્યાંથી થોડે દુર મજગામમાંજ મતારપાંખડી તરફ શેઠ પેસતનજી નશરવાનજી ગોદીવાળાએ ભેટ આપેલી જગાપર સર જાહાંગીર કાવસજી જાહાંગીર રેડીમની બારોનેટે બંધાવી આપેલા નવા મકાનમા બેહસતનશીન સર કાવસજી જાહાંગીરની ૭૦ મા વરસની બાજને દીવસે યાને રોજ ૩ જો માહા ૧૧ મો સને ૧૨૭૭ યઝદેજરદીને દીને જુના આદરીઆન સાહેબના વુરો કેબલાને પાછા તખતનસીન કરવામાં આવ્યા હતા. આ નવું મકાન બંધાયું તેટલા બે વરસ સુધી રેડીમનીવાલા આતશ આદરીઆનના કેબલાને મજગામની શેઠ ફરામજી ન૦ પટેલની દરેહમેહરમાં રાખવામાં આવ્યા હતા.

(૧૮) આ સોડાવાટરવાલાની દરેમેહેરની સાલગરેહ એક વરસમાં બે વાર પડતી હતી. તેનો ખુલાશો એમ છે કે પ્રથમમાં એ દરેહમેહેર અરદીબેહસત મહીનો ને જમીયાદ રોજે દાદમાહના કેબલા સાથે યઝદેજરદી સને ૧૨૪૪ માં સ્થાપેલી હતી. તે પછી યજદેજરદી સને ૧૨૫૪ નાં ફરવરદીન મહીનો ને ફરવરદીન રોજે એ દરેહમેહેરમાં દાદમાહનાં કેબલા સાથે આતશ આદરાન સાહેબને સથાપવામાં આવયા હતા. આ દરેહમેહરનાં સંબંધમાં ત્રસટીઓ બાઈ આઈમાય સોરાબજી સોડાવોટરવાળા અને બીજાઓએ એડવોકેટ-જનરલ અને બીજાઓ સામે માંડેલા દાવામાં કહાડવામાં આવેલા ઓરીજીનેઠીગ સમનસને લગતો ચુકાદો હાઈ કોરટમાં નામદાર વડા જજ સર નોરમન મેકલાઉડે ચેમબર જજ તરીકે માર્ચ ૧૯૨૨ માં આપતા એવો હુકમ કરયો હતો કે મુંબઈની પારસી પંચાયત તરફના ફાળા સાથ રૂપયા એક લાખની રકમ થયલી હોવાથી અગયારી અસલ જગા ઉપરજ બાંધવો. આ ચુકાદા સામે કરવામાં આવેલી અપીલમાં પણ અસલ જગાએજ અગીયારી બાધવાનો હોકમ સપટેમબર ૧૯૨૨ મા અપીલ કોરટ તરફથી કરવામાં આવ્યો હતો. આ જુની સકીમમાં ફેરફાર કરવા એક સમનસ એડવોકેટ જનરલે કાઢયો હતો તેમાં ત્રસટીઓ તેમજ પઈસા ઉઘરાવનારી કમીટીને પક્ષકાર કરયા હતા. તાં. ૧૩ મી અકટોબર ૧૯૨૨ ને દીને નામદાર જસટીસ કેમપે નીચલો છીવટનો ચુકાદો આપેયો હતો. ઉઘરાણું કરવાં નેમાયલી કમીટીએ એકઠા કીધેલા રૂપીઆ એક લાખ દરેહમેહરના ત્રસ્ટીઓને આપવા અને આખી રકમ હાલની આ જગાપર કોઈબી જાતનાં રહેવાનાં મકાનો વીના અગીઆરી ફરીથી બાંધવા પાછળજ વાપરવી, પંચાયતના ત્રસટીઓએ દરેહમેરના ત્રસટી તરીકે બે ગ્રહસથોને નેમવા, નવુ મકાન બાંધવા માટે પંચાયતના ત્રસટીઓએ રૂપ્યા ત્રીશ હજાર સુધી આપવા ઠરાવ્યું હતું પણ બીલડીગ ફંડ રૂ ૮૦૧૯૬-૧૨-૬ નું થવાથી બાકીના રૂ ૧૯૩૦૩-૩-૬ ત્રશટીઓએ આપ્યા હતા. આ દરેહમહેરના નવા મકાનનો પાયો નાખવાની ક્રીયા જમશેદી નવરોઝે યાને રોજ ૧૪ મો માહા ૭ મો ય. સને ૧૨૯૩ તા૦ ૨૧ મી મારચ ઈ. સને ૧૯૨૪ ને દીને સવારના ૯ વાગે કરવામાં આવી હતી.

(૧૯) આ માહીમની દરેહમેહેર શેઠ મનચેરજી બમનજી કુપરે ઈસવી સને ૧૮૬૧ માં રોજ ૪ થો માહા ૨ જો ય. સને ૧૨૩૧ ને દીને બાઈ મોટલાંબાઈનાં ભાડેના બંગલામાં સથાપી હતી. સુમારે ત્રણ વરસ બાદ શેઠ એદલજી રૂશતમજી સુનાવાલાએ દરેમેહેરને પોતાનાં બંગલામાં લઈ જઈ તેનો બધો ખરચ કીધો હતો. ઈસવી સને ૧૮૮૮ માં રોજ ૧૧ મો માહા ૪ થો ય. સને ૧૨૫૮ ને દીને એરવદ શાપુરજી જમશેદજી દાજી જેઓ ૧૮૬૬ થી એ દરેમેહેરના પંથકી હતા તેઓએ નવું મકાન બંધાવી તેમાં એ દાદગાને રાખેલા છે અને એવોએ ૧૮૮૬ થી એ દરેમેહેરનો ચાલુ ખરચ પોતાના મરણ સુધી કીધો હતો. એવો રોજ ૨૧ મો માહા ૪ થો સને ૧૨૮૦ ને દીને ગુજરી જવાથી અને એવણે પોતાની હઈયાતીમાં એ અગીઆરીના ચાલુ નીભાવ માટે દાદરના સટેશન આગળની ઇસટેટ ત્રસટ કરી આપી ગયા છે.

(૨૦) એ દરેમેહેર પેહેલી યજદેજરદી સને ૧૧૯૧ માં ગોઠ આગળ માઉંટ રોડ ઉપર બાંધેલી હતી. પણ ત્યાંથી ખસેડી દાદર ઉપર રોજ ૧૭ મો માહા ૭ મો શેહનશાહી ૧૨૭૦ને દીને એના મુતવલીઓએ ફરીથી નવેસરથી બંધાવી છે.

(૨૧) આ અંકલેશરની અગીઆરીનું અસલ મકાન યઝદેજરદી સને ૯૧૯ માં શેઠ નરશંગ ધમપાલે બંધાવ્યું હતું જે પછી યઝદેજરદી સને ૧૨૧૭ માં શેઠ મેહેરવાનજી હોરમજી ફરેજરે તે ફરીથી બંધાવી આપયું હતું. તે પાછુ બીસમાર થવાથી તે તોડી પડાવી બીજું નવું મકાન, મરહુમ બાઈ દીનબાઈ નશરવાનજી પીટીટે પોતાની હઈઆતીમાં પોતાના બેહેશતનશીન જમાઈ શેઠ ફરામજી દીનશાહજી પીટીટના પુણ્ય માટે બંધાવવાનું શરૂ કીધું હતું પણ તેટલાં બાઈ દીનબાઈનું મરણ નીપજવાથી તેવણના બેટા બાઈ આવાંબાઈ ફરામજી પીટીટે પુરૂં કરી આપીને રોજ ૨૩ મો માહ ૨ જો યઝદેજરદી સને ૧૨૧૯ માં જાહેર વપરાશ માટે ખુલ્લું મેલયું છે. આ દરેહમેહરની ચાલુ નીભાવણ માટે વારશીક રૂ. ૨૦૦ બાઈ આવાંબાઈ પીટીટ આપતા હતા. પણ બાઈ આવાંબાઈના મરણ પછી તે માટેનો કાંઈ બંદોબસ્ત નહી હોવાથી એ અગીઆરીના ખરચ માટે સને ૧૨૯૮ થી ભરૂચના શેઠ કુંવરજી ... તરફથી રૂ. ૨૫ અને શેઠો મેરવાનજી અને હોરમસજી મંચેરજી કામાએ સથાપેલા ફંડમાંથી રૂ ૭૫ દર સાલ આપવાનો બંદોબસત થયો છે.

(૨૨) એ દરેમેહર સને ૧૨૪૬ મી અમદાવાદની અનજુમનને હસતકથી ચાલતી હતી પણ તે પુરાણી થઈ ગયાથી અમદાવાદવાળા શેઠો નવરોજી અને જાંગીરજી પેશતનજી વકીલે નવેશરથી રૂ ૨૦૯૭૫) ને ખરચે ફરીથી બાંધીને રોજ ૭ મો માહા ૭ મો શેનશાહી સને ૧૨૫૩ ને દીને ફરીથી ઈજાવી હતી.

(૨૩) આ અમરોલીની દરેહમેહેર પહેલવહેલી ઘણા વરસો અગાઉ મોબેદ સદા હીરજી ગરીઆવાળાએ કાદગાંની સથાપેલી હતી. તે પછી એજ દાદગાવાલા ઘરમાં ઈસવી સને ૧૮૦૩ ની તા૦ ૨૪ મી નવેમબરે યાને યઝદેજરદી ૧૧૭૩ ના રોજ ૧૭ મો માહ ૨જાને દીને મુંબઈવાલા શેઠ હોરમસજી બમનજી વાડીઆએ આદરીઆનની પરઠાવી હતી, એ પછી એ આદરીયાન સુરતના આતશબેહરામમાં લઈ જવામાં આવયા હતા. તયાર બાદ ઇ. શ. ૧૮૩૪ યાને યઝદેજરદી ૧૨૦૪ માં એ જુના મકાનની પેહેલીવાર મરામત કરી ફરીથી દાદગાં એજ વાહાડયાજીએ સથાપ્યા હતા. એ મકાન પુરાણું થવાથી શેઠ વાહાડીઆજીના સાહેબજાદાઓએ તા. ૩૦ મી અકટોબર ૧૮૩૭ યાને રોજ ૧ લો માહ ૨ જો ય. સને ૧૨૦૭ ને દીને બીજીવારની મરામત કરાવી અસલના દાદગાં પરથાવયા હતા તે છેક ઈ. સ. ૧૮૯૩ યાને ય. સને ૧૨૬૩ સુધી દરેહમેહેર તરીકે ચાલુ વપરાસમાં હતી. એ જુની દરેહમેહેરના મકાન સામે બીજી જગા ઉપર અમરોલીવાલા શેઠ કાનજીભાઈ દોરાબજી મીઠાઈવાલાએ દરેહમેહેર માટે એક નવું મકાન બંધાવી તે ઈજાવી તેમા રોજ ૯ મો માહ ૪ થો ય. સને ૧૨૬૩ માં આદરયાન પરથાવી ખુલ્લું મુકયું હતું. એ દીનથી જુની દરેમેહેરના દાદગાહ આ નવી દરેહમેહેરમાં લાવવામા આવ્યા હતા. એ વખતથી એ જુની દરેહમેહેરનું મકાન પડત પડી રહયું હતું. તે પછી શેઠ નવરોજી કાવસજી વાડીવાલાએ એ જુની દરેહમેહેરના મકાનને સમરાવી આપવાથી એ જુની દરેહમેહેરનું મકાન રોજ ૨૧ મો માહ ૧૧ મો સને ૧૨૮૦ને દીને પારસીઓના ઉતારા માટે ધરમશાલા તરીકે ખુલ્લું મુકવામાં આવયું છે.

(૨૪) આ ઇનડોરની શેઠ ભમગરાવાલી દરેહમેહરનું મકાન પેહલા ફકત ધરમક્રીયા કરવા સારૂ શેઠ હોરમજી માણેકજી ભમગરાએ પોતાના ધણીઆણી મરહુમ બાઈ નવાજબાઈનાં પુણ માટે રોજ ૧૦ મો માહા ૮મો સને ૧૨૪૮ ને દીને બાંધી આપી ખુલ્લું મેલયું હતું. પાછલથી શેઠ હોરમજીએ પોતાના બાવા મરહુમ શેઠ માકાશાહ રૂસતમજી ભમગરાની નઈયતે એ મકાનમાં સને ૧૨૫૧ ના રોજ ૨૬ મો માહા ૯ મા ને દીને આતશદાદગાંને પરઠીને તખતનશીન કરવામાં આવયા હતા. એ દરેહમેહેર જયારથી બાધવાનાં આવી છે તયારથી એનો ચાલુ ખરચ ઇનડોરની જરથોસતી અનજુમન તરફથી કરવામા આવે છે. આ દરેહમેહરનાં મકાનમાં મુંબઈવાલા શેઠ પાલનજી એદલજી પલમગરે મરહુમ બેટા દારાશાહની યાદમાં નવેસરથી સુધારો વધારો કરી હોલ બંધાવી રોજ ૧૦ મો માહા ૧૦ મો શેહેનશાહી સને ૧૨૯૦ યજદેજરદીને દીને ઇજી દરેહમેહર ખુલ્લી મુકી હતી.

(૨૫) એ દરેહમેહેર પેહલાં સને ૧૦૯૧ માં આ૦ કાવશજી ખરશેદજી કામદીન એરાવવાળાએ બંધાવેલી હતી, તે બીજી વાર સને ૧૨૧૦મા સુરતવાલા શેઠ મેરવાનજી હોરમસજી ફરેજરે બંધાવેલી હતી. તે પાછી તીજી વાર મુંબઈવાલા શેઠ જમશેદજી બરજોરજી મીસતરીએ રોજ ૭ મો માહા ૪ થો શેનશાહી શને ૧૨૩૯ યઝદેજરદીને દીને ફરીથી ફુશાડેથી બંધાવી છે.

(૨૬) આ દરેમેહેર પુરાંણી થવાથી મરહુમ દસતુરજી નોશરવાનજી જા૦ જામાસપઆસાનાના મુતવલી સતુંર બહમનજી જામાસપજી જામાસપઆસાનાએ રોજ ૨૪ મો માહ બીજો સને ૧૨૬૧ ને દીને નવેશરથી બાંધી છે.

(૨૭) એ દરેહમેહેર ખા. બા. પેસતનજી સોરાબજી ભુજવાલાએ પોતાના મરહુમ પીતાજીના પુણ માટે લગભગ અગીઆર હજાર રૂપીયા ખરચીને બંધાવી આપી હતી. એ દરેહમેહેર ઈજાયા આગમજ તયાંના માહારાજા રાવ શ્રી ખેંગારજી શવઈ બાહાદુરને દેખાડવામાં આવી હતી. તે પછી પારસી રોત મુજબ ઈજીને પરઠવામા આવનાર હતી તેટલાં એ દરેહમેહેરના બંધાવનાર ખા. બા. પેસતનજી ગુજરી જવાથી મરહુમના માસીસાને દીને પરઠવા ધારયું હતું તેથી એ અગીયારીની તખતી ઉપર રોજ ૨૩ મો માહા ૧૦ મો યઝદેજરદી સને ૧૨૭૩ લખેલા છે, પણ કાંઈક ઢીલ થવાથી એ દીને દરેહમેહેર પરથવામા નહી આવી હતી તે પાછલથી મરહુમની વરસીને દીને યાને રોજ ૨૩ મો માહા ૯ મો સને ૧૨૭૪ ને દીને પરથીને ખુલ્લી મેલવામાં આવી હતી.

(૨૮) આ દરેહમેહેર અસલ મરહુમ શેઠ ડોશાભાઈ મેરવાનજી વાહાડયાની યાદગારી માટે એવોના બેશીઓએ બાંધી હતી. તેમાં એક નવો ગુમબજ બાંધવા તથા તેમાં સુધારો વધારો કરવા અને મોબેદોના રહેવાના મકાનમાં રીપેર કરવા માટે યઝદેજરદી સને ૧૨૬૩ માં નજદીક રૂ ૬૦૦૦ નું એક ફંડ ભેગુ કરી તેમાંથી એ દરેહમેહરનો સઘલો રીપેર ખરચ કરવામાં આવયો હતો. મજકુર દરેહમેહેરમાં જયાં અસલ આતશ દાદગાં હતા તયાં કરાંચીવાલા શેઠ કાવસજી હોરમસજી કાતરકે પોતાના મરહુમ ધણીઆણી બાઈ સુનાબાઈની નઈયતે, પોતા તરફથી મોટો ખરચ કરી, રોજ ૯ મો માહા ૯ મો યઝદેજરદી સને ૧૨૭૨ ને દીને, યાને એ આદરીયાન સાહેબની ૩૫માં વરસની સાલગરેહને દીવસે, આતશ આદરીયાન સાહેબ પરઠાવેઆં છે. એ આદરયાન પરઠયા પછોનો કાઠી સુખડ, તેલ વગેરેનો જે વધુ ખરચ થાય તેને માટે એજ શેઠે બીજા વધુ રૂ ૩૦૦૦ એવી શરતે આપીયા છે કે એ રકમના વ્યાજમાથી એ ખરચ કરવો. એ અગીઆરીનો બીજો ચાલુ ખરચ તો જયારથી એ અગીયારી પરથાઈ છે તયારથી અંજુમન તરફથી કરવામાં આવે છે.

(૨૯) આ દરેમેહેર કરાંચી ખાતે રોજ ૯ મો માહા ૮ મો શેનશાહી સને ૧૨૧૮ ય., તા૦ ૩ જી મે ૧૮૪૯ ઈસવીને દીને શેઠ હીરજીભાઈ જમસેદજી બેહેશનાએ પહેલવેહેલી શદર બજારમાં પોતાના રહેવાના મકાનવાલી જગાના અરધા ભાગપર આતશ આદરાનની પરથાવી હતી. એ પછી શેઠ હીરજીભાઈના વસીયત પરમાણે એવણના વીધવા બાઈ મેરબાઈએ રૂ ૨૨૨૫૦ આપયા હતા, એમાથી બીજી જગાપર રૂ ૩૦૦૦ની જમીન ખરીદી રૂ ૧૩૦૯૦ને ખરચે નવું મકાન બંધાવી આપી રૂ ૪૯૮૩ જુના મકાનના રીપેર માટે આપયા હતા. નવું મકાન રોજ ૯ મો માહા ૮ મો શેહેનશાહી સને ૧૨૪૪ યઝદેજરદી, તા૦ ૨૭ મી એપરેલ ૧૮૭૫ ઈસવીને દીને પરથાવી તેમાં આતશઆદરાનને પાછા તખતનશીન કીધા હતા. કરાંચીના રહીશ શેઠ ફરામજી બેરામજી કલેકટરે લગભગ રૂપીઆ પાંચ હજાર ખરચી કેટલુંક સમારકામ કરી આપી રોજ ૯ મો માહા ૮ મો સને ૧૨૭૮ ને દીને આતશ આદરાનને તખતનશીન કીધા હતા. એ દરેહમેહેરનું મકાન બીસમાર

થવાથી લગભગ રૂપીઆ અરધા લાખને ખરચે સુધારી વધારીને નવેસરથી બાંધવામાં આવ્યું છે. એમાં શેઠ અરદેસર હોરમજી મામાએ મરહુમ પીતાજી ખા. સા. હોરમસજીના પુણ માટે રૂ ૨૦૦૦૦ ને ખરચે માલપર એક હોલ બંધાવી આપ્યો છે જેને "હોરમસજી મામા હોલ" એવું નામ આપયું છે; તેમજ શેઠ અરદેશરે મરહુમ માતાજી હોમલીબાઈની યાદમાં રૂ૫૦૦૦ ને ખરચે દરેહમેહરની પુરવેન્દક્ષીણ તરફ આવેલા મકાનપર નવો માલ બંધાવયો છે. મરહુમ શેઠ જમશેદજી અરદેસર હીરજીભાઈની યાદમાં માતાજી બાઈ ડોસીબાઈએ તથા મરહુમના ભાઈઓએ રૂ ૫૫૦૦ ને ખરચે એક ઓરડો પુસતકશાળા માટે માલપર બંધાવ્યો છે જેને "જમશેદજી અરદેશર હીરજીભાઈ બહેરાના લાયબરેરી તથા રીડીંગ રૂમ" એવું નામ આપ્યું છે. આ નવું મકાન તથા હોલ ને પુસતકશાળા રોજ ૯મો માહા ૧૨ મો શેહેનશાહી સને ૧૨૮૭ યજદેજરદી તા૦ ૧૫ મી આગસ્ટ ૧૯૧૮ ને દીને ખુલ્લા મુકયા હતા.

(૩૦) કલકતા ખાતે શેઠ ધ. બે. મેહતાએ પોતાના ખાનગી ઘેરમાં દાદગાહની દરેહમેહર ય. સને ૧૨૫૯ માં સથાપી હતી. તે પછી મરહુમના વીધવા બાઈ ખરશેદબાઈ તથા બેટા શેઠ રૂશતમજી ધ. મેહેતા સી. આઈ. ઈ. તથા કુટુંબે મલી આપેલા રૂ ૧૧૦૦૦૦ તેમજ કલકતાની અંજુમને તથા બીજા સાહેબોએ ભરેલા રૂ ૬૭૦૦૦ મલી રૂ ૧૭૭૦૦૦ માંથી જુનું મકાન રૂ ૪૩૦૦૦ ની કીમતે ખરીદી તે ફરીથી નવેસરથી રૂ ૪૨૦૦૦ ના ખરચે બાધવામાં આવયું હતું. આ નવું મકાન ઈજી તેમાં આતશ આદરાન સાહેબના કેબલાને તખતનશીન કરી ખુલ્લું મેલવાની કીરોયા શેનશાહી રોજ ૧૭મો માહા ૨ જો સને ૧૨૮૨ ને દીને થઇ હતી. આ નવી દરેહમેહરમાં અસલના દાદગાહ લાવીને પરથવામાં આવ્યા છે.

(૩૧) કલીયાણી મધે અસલ એક ઘણી પુરાંણી દરેહમેહર હતી, પણ તે બીશમાર હાલતમાં આવવાથી મુંબઈવાલા શેઠ એદલજી બેરાંમજી મોદીએ યઝદેજરદી સને ૧૧૫૮ માં તે ફરીથી બંધાવી હતી. તે દરેમેહરમાં આતશઆદરાન નહી હોવાથી કલીઆણીવાલા શેઠો ભીખાજી જીજીભાઈ શેઠના, ડોસાભાઈ હોરમજી ભીમડીવાલા, ફરદુનજી મેરવાનજી શરાફ અને હોરમજી માણેકજી ભીમડીવાલાએ પોતાને ખરચે એ જુની દરેહમેહરમાં ઘટતો ફેરફાર કરી રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૫૦ ને દીને આદરીઆન સાહેબ પરઠાવયા છે, અને તેના ચાલુ ખરચ સારૂ રૂ ૭૦૦૦ હલાયદા કહાડયા છે.

(૩૨) આ કવેતાવાલી પુરાંણી અગીઆરીને માટે હેવું છે કે એ માતર દરેહમેહરવું મકાનજ હતું પણ તે દરેહમેહર ઈજાવામા આવેલી નહી હોવાથી છેક યઝદેજરદી સને ૧૨૭૫ માં રોજ ૨૭ મો માહા ૩ જાને દીને કવેતાવાલા ખા૦ બા૦ બરજોરજી દોરાબજી પટેલ સી. આઇ. ઈ.ને ખરચે ઈજાવીને ખુલ્લી મેલવામાં આવી છે.

(૩૩) ઈરાનમાં આવેલા કેરમાન શહેરમાં રોજ ૧૭ મો માહા ૭ મો કદમી માહા ૬ ઠો શેહેનશાહી ય. સને ૧૨૯૩, તા૦ ૨૩ મી ફેબરૂઆરી સને ૧૯૨૪ ને સનવારે આતશ આદરનના કેબલાને પરથીને ખુલ્લો મુકવામાં આવ્યો, હતો આ દરેહમેહેરનું મકાન તથા જમીન અરબાબ સરૂસ જાહાંગીર, ધણીયાણી શીરીનબાઈ તથા એવણના મરહુમ સાળા અરબાબ દીનયાર રૂશતમ અને જમાઇ અરબાબ રૂશતમ ફરરોખની માલિકીનું છે અને એઓએ મરહુમ બેટી બાનુ રૂશતમ ફરરોખના પુણ માટે ભેટ આપી આ આતશ આદરાનનો તખતનશીન કરવાનો ખરચ પણ આપ્યો છે આ મકાનનું નામ "બાગે સતારે ખાનુમ" કરીને છે. કેરમાનમાં અસલના બે આતશ કદેહ છે, જેમાના એકનું નામ "દરેહ મહેલેએ દખલત" અને બીજાનું નામ "દરે મેહેરે મહલેએ શેહર" કરીને છે. એ બેઉ મકાનનો સારી સથીતીમાં નહી હોવાથી તેનો સારો ઉપયોગ નહિ થવાથી આ નવી દરેહમેહર સથાપવામાં આવી છે.

(૩૪) આ ચીખલીની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમા આવવાથી શેઠ સોરાબજી ફરામજી મજદરે તથા એવણના બેટા શેઠ નશરવાનજીએ ફરીથી બંધાવી આપેલું નવું મકાન ઈજાવી ખુલ્લું મુકવાની કીરીયા શેનશાહી રોજ ૨૦ મો માહા ૨ જો ય. સને ૧૨૮૪ ને દીવસે કરવામા આવી હતી.

(૩૫) આ જાહાંગીરડીની દરેહમેહરના પાક આતશના કેબલાને સર અવસરે બશેરવા માટે એક નવું મકાન શેઠ બરજોરજી દાદાભાઈ બમનજી છીછીભાઈએ બંધાવી આપ્યું હતું, તે ઈજીને રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૯૨ યઝદેજરદી તા૦ ૨૯ મી અકટોબર ૧૯૨૨ ને રવીવારે ખુલ્લું મુકવામાં આવ્યુ છે. શેઠ બરજોરજીએ એ દરેહમેહરના ગુમબજ સાથના ત્રણ ઓરડાઓ દરેહમેહર પરથાવી તે વખતે બંધાવી આપ્યા હતા.

(૩૬) એ દરેમેહરનું અસલ મકાન ઘણા વરસપર કોઈ સખી જરથોશતીએ બંધાવેલું કહેવાય છે તે પછી સને ૧૨૩૮માં શેઠ એદલજી રતનજી વ્યાજખોરાએ મકાન પાછું બંધાવી આપયું હતું. તે મકાન બીસમાર હાલતમાં આવવાથી જરથોશતી અનજુમનમાં જાહેર ઉગરાણું કરી આશરે રૂ ૯૦૦૦ માંથી એ મકાન રોજ ૩ જો માહા ૮મો શેહેનશાહી સને ૧૨૬૯ ને દીને આતશ દાદગાહ સથાપીને નવેસરથી બાંધવામાં આવ્યું હતું. પણ પાછલથી આદરીઆન સથાપવા માટે શેઠ કવરજી કાવસજી તવરીઆએ પોતાના મરહુમ પુત્ર ડાકટર હોરમજીના પુણ માટે રૂ૧૦૦૦૦) દશ હજારની રકમ આપીને ફરીથી નવેસરથી એ મકાનમાં આદરીયાન સથાપીને રોજ ૯ મો માહ ૧૦ મો ૧૨૭૦ ને દીને ઈજાવીને ખુલ્લું મેલ્યું હતું.

(૩૭) એ મકાન પુરાણુ થવાથી મુંબઈવાલા શખીવન્તુદ બાઈ દીનબાઈ નસરવાનજી પીટીટે પોતાના મરહુમ બેટા શેઠ જમશેદજી નશરવાનજી પીટીટના પુણને માટે રોજ ૩ જો માહા ૧૦ મો શેનશાહી ૧૨૬૪ ને દીને ફરીથી બંધાવી આપયું છે

(૩૮) આ દરેમેહેર અશલ ય૦ સને ૧૧૫૦ ની આગમચ.દાદગાંની બનાવેલી હતી. ત્યાં નવેસરથી આતશ આદરાંનની દરેમેહેર શેઠ રૂશતમજી કાવશજી પટેલે પોતાના બાવા મરહુમ શેઠ કાવશજી રૂશતમજી પટેલની નઈએતે બંધાવીને રોજ ૯ મો માહા ૭ મો શેહેનશાહી સને ૧૧૯૮ યઝદેજરદીને દીને પરઠાવી છે.

(૩૯) આ દમણની બાઈ રતનબાઈ કામાવાળી દરેમેહરનું મકાન ઘણું બીસમાર થઈ જવાથી તે દરેમેહર યઝદેજરદી સને ૧૨૭૬ માં ત્યાંથી સદનતર કાઢી નાખવામાં આવેલી જણાયછે. એ વીષેની લંબાન વીગત યઝદેજરદી સને ૧૨૭૭ ના કેલેનડરમાં દમણની વીગતમાં પાણે ૧૪૯ માં છાપેલી છે.

(૪૦) આ દુમસની દરેહમેહરનું જુનું મકાન ઘણું બીસમાર હાલતમાં આવવાથી મરહુમ શેઠ પાલનજી રતનજી માકટરના પુણ માટે મરહુમના દીકરા શેઠ મંનચેરજી પાલનજી કંમાકટરે તથા મરહુમના ધણીઆણી બાઇ બાઈઆઈ

પાલનજીએ લગભગ રૂ૧૨૦૦૦ના ખરચે ફરીથી નવું મકાન બંધાવી આપ્યું હતું. નવું મકાન ઈજી ખુલ્લું મેલવાની ક્રીયા રોજ ૧૯મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ને દીને કરી તેમાં આતશ દાદગાહને પાછા તખતનશીન કીધા હતા.

(૪૧) દેવલાલીની ચીનાઈવાલી દરેહમેહરનું મકાન કેટલાક બદમાશોએ ચોરી કરવાના ઇરાદાથી મોડી રાતે અંદર જઈ અપવીત્ર કરવાથી આ મકાનને સવા વરસ પછી બાઈ રતનબાઈ જ. ચીનાઈના ખરચથી ફરીથી ઇજી રોજ ૧૭ મો માહા ૨ જો શેહેનસાહી ૧૨૯૦ યઝદેજરદીને દીને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

(૪૨) આ દરેહમેહેરનું પહેલવેહેલું મકાન ફકત અમશ ક્રીયા કામ માટે યજદેઝરદી સને ૫૫૧ માં નવસારી ખાતે જરથોસતીઓએ જઈ રહયા પછી પરથવામાં આવ્યું હતું. તયાર બાદ મરહુમ બાઈ સાહેબ માહલાણબાઈ બેહેદીન બેહરામજીએ પોતાનું એક ઘર આપી તેમાં વધારો કરયો હતો. પણ વસતીના વધવાથી બંને મકાનો નાનાં પડવાને લીધે મરહુમ દેશાઇજી મીનોચેહરજી ખુરશેદજીએ તેમાં મોટો વધારો કરી એ જુનાં મકાનોની સાથે પોતાનાં ખરચથી નવું મકાન રોજ ૧ લો માહા ૫ મો સને ૧૧૬૪ ને દીને બંધાવી અમશ ક્રીયા કામ માટે ખુલ્લું મેલ્યું હતું. એ પછી બાઇ મોટલાંબાઈ જાહાંગીર વાડીઆએ પોતાના મરહુમ બાવા શેઠ જાહાંગીરજી નોશરવાનજી વાહાડયાના પુણ માટે લગભગ રૂપયા વીસ હજારને ખરચે એ જુની દરેહમેહરને લગતું બાજુમાં બીજુ નવું મકાન બંધાવી રોજ ૨૬ મો માહા ૮ મો સને ૧૨૨૦ યઝદેજરદી તા૦ ૨૫ મી મે ૧૮૫૧ ને દીને પરઠાવ્યું હતું. વળી એ દરેહમેહરને લગતું બીજુ જુનું મકાન પાછુ નબલી હાલતમાં આવવાથી દેશાઈ કાવશજી એરચજી ગોંડલવાલાએ લગભગ રૂપયા સાત હજારનો ખરચ કરી નવેસરથી એ મકાન બંધાવી આપ્યું હતું તથા એમાં એવણનાં ધણીઆણી બાઈ મોતીબાઈએ આતશ દાદગાહ પરઠાવી આતશ રોશન રાખવા સારૂ રૂ. ૪૦૦૦ આપ્યા હતા. આ દેશાઈ કાવસજીવાલું નવું બંધાયલું મકાન તથા એમાં પરઠેલો આતશ દાદગાહનો કેબલો ખુલ્લો મેલવાની ક્રીયા યઝદેજરદી સને ૧૨૭૬ ના રોજ ૧૭ મો માહા ૧૨ માને દીને કરવામાં આવી હતી. મરહુમ બાઈ મોટલાબાઈ વાહાડયાજીએ બંધાવેલા મકાનનો કેટલોક ભાગ બીસમાર થવાથી તેમાં કેટલોક ફેરફાર અને મરામત મરહુમ બાઈના દીકરા મરહુમ શેઠ નવરોજી માણેકજી વાહડયા સી. આઈ. ઈ. એ લગભગ રૂપયા ૧૫૦૦ ને ખરચે કરાવ્યો હતો, તેને ઈજીને રોજ ૧૨ મો માહા ૧૨ મો ય૦ સને ૧૨૭૮ યાને મરહુમ શેઠ નવરોજીના પહેલા મહીનાની બાજને દીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

(૪૩) આ મીનોચેહર હોમજીવાલી દરેમેહેર જે નવસારીના આતશબેહેરામની સામે આવેલી છે તેમાં પેહેલે આતશ દાદગાં હતા પણ એ પછી રોજ ૨૦ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૮ યજદેજરદીને દીને જરથોસ્તી અનજુમનન ઉમરાતથી રૂ૩૪૦૦૦ને આશરેનું ફંડ કરીને એ મકાન નવેસરથી બાંધીને તેમાં આતશ આદરાન તખતનશીન કીધા છે.

(૪૪) આ નારગોલની દરેમેહરનું અશલ મકાન મુંબઈવાલા શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીનું એકસો વરસ અગાઉ બંધાવેલું હતું, પણ તેનો રોજ માહા શને મલતો નથી. એમાં આતશનો કેબલો નહી હતો, પણ અમપાં ધરમના મકાનમાં મોબેદો રહીને કીરીયા કાંમ કરતા, તેવોનો મુશારો શેઠ દાદાભાઈનાં બેટી બાઈ શુનાબાઇ દાદાભાઈ વાડીઆએ ઇરવી સને ૧૯૧૪ સુધી આપ્યો હતો. તેજ મકાંનમા પાછલથી રોજ ૧૧ મો માહા ૧૦ મો સને ૧૨૫૧ યજદેજરદીમાં શેઠ માણેકજી રૂશતમજી અને ભાઈઓએ પોતાનાં મરહુમ માતાજી બાઈ માંણેકબાઈનાં પુણને માટે દાદગાં પરઠયાં છે અને તેની બોય દેવાનો, કાઠી તેલ વીગરેનો ખરચ એજ ભાઇઓ ફંડ ઉભું કરીને તેમાંથી પુરો પાડે છે.

(૪૫) આ દરેમેહરમાં પેહલે આતશદાદગાં હતાં, તે પછી રોજ ૨૦ મો માહા ૯ મો શને ૧૨૧૨ ને દીને આતશ આદરાન પરઠેયા હતા, પણ તે દરેમેહર બીસમાર હાલતમાં આવવાથી પુણેવાલા મરહુમ દશાતુરજી જામાશપજી એદલજી જામાસ્પઆશાનાના શાહેબજાદાઓએ રોજ ૨૦ મો માહા ૯ મો શને ૧૨૪૬ ને દીને ફરીથી નવેસરથી બાધીને સ્થાપી છે.

(૪૬) દખણ હેદરાબાદ તરફ શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજીની કેટલીક દરેમેહેરો બાંધેલી છે, તેમાંની એક આએ બાલાપેરનીબી દરેમેહેર બંધાયલી હતી, પણ હાલ તે મોજુદ નથી એમ કેહવાય છે.

(૪૭) બીલીમોરામાં રોજ ૨૦ મો માહા ૧૦ મો યજદેજરદી સને ૧૧૯૭ યાને તા૦ ૧૮ મી જુલાઇ ૧૮૨૮ ને દીને મુંબઈવાલા શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીએ આતશ દાદગાની એક દરેમેહેર બંધાવેલી છે. પણ બીલીમોરામાં એક આતશ આદરીયાનની જરૂર જણાવાથી બીલીમોરાવાલા શેઠો દાદાભાઈ ધનજીભાઇ અને સોરાબજી શાપુરજીએ રૂ.૧૯૭૯૦નો ખરચ કરી એ જુની દરેમેહરની પાસે બીજું એક નવું મકાન બંધાવી તેમાં આતશ આદરીયાન રોજ ૯ મો માહ ૯ મો સને ૧૨૬૮ ને દીને પરથ્યાં છે. એનો ચાલુ ખરચ અનજુમનને હશતકથી થાય છે પણ તેનાં નીભાવ ખરચ સારૂ રૂ૭૦૦૦) મજકુર શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજીએ આપ્યા છે; તેનાં વેઆજમાંથી આદરીઆંન શાહે બને બોએ દેવાનું, શુખડ તથા બતી તથા સમાગકામ તથા સાલગરેહને દીવશે જશન બાજ એવોની તરફથી કરવા જણાવ્યું છે. એ રૂજબ મકાન બાધવાનો. અનામત મેલેલી રકમનો તથા બીજો પરચુટણ ખરચ મલીને એ નવી દરેમેહરપર રૂ૩૦૦૦૦) તીશ હજારનો ખરચ કીધેલો જણાય છે. વળી અશલની પેલી દાદગાંવાલી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાજીની દરેમેહરનું મકાનબી પુરાણું થવાથી તે એકવાર આગલ અનજુમને સમારયું હતું તે પાછું એજ શેઠો દાદાભાઈ ધનજીભાઈ તથા શોરાબજી શાપુરજી ગબાએ ફરીથી સમારી આપીને રોજ ૨૨ મો માહા ૧૨ મો યજદેજરદી સને ૧૨૭૪ ને દીને જશન કરી ખુલ્લું મેલ્યું છે.

(૪૮) બેલગામની શેઠ બાઇસવાલી દરેહમેહેર તેમજ તેમાં મુસાફરખાનું બાંધી બંને રોજ ૨૪–૩–૧૨૬૧ ય. ને દીને ખુલાં મુકયાં હતા અને એ મુસાફરખાનું હજી ચાલુ છે. એ દરેહમેહેરનું મકાન બીસમાર થવાથી બેલગામની જરથોસતી અનજુમનના ફંડમાંથી તથા શેઠો બાઇસ કુટુંબીઓએ મલી રૂ ૬૦૦૦ ના ખરચે નવેસરથી મોટો ફેરફાર કરીને તેમાં આતશ દાદગાને રોજ ૨૪ મો માહા ૬ ઠો. ૧૨૮૫ ય. ને દીને તખતનશીન કીધા છે. એ દરેહમેહેરની અસલ હોલમા શેઠો રૂસતમજી તથા નસરવાનજી નાનાભાઈ ખુરશેદજી બાઇસે મરહુમ ભાઈ રતનજીની યાદમા સુધારો વધારો રૂ૪૫૦૦ ને ખરચે કરી એ હોલને ' રતન-હોલ " નું નામ આપી રોજ ૨૩ મો માહા ૬ ઠો ૧૨૮૫ ને

ખુલ્લો મેલ્યો છે. એ દરેહમેહરના મોબેદોને રહેવા માટેનું મકાન મરહુમ શેઠ પેસ્તનજી મીઠાભાઈ બાળકના પુણ્ય માટે બાનુના બીબા શીરીનબાઈ તથા બેટા અરદેશીર એઓએ દરેહમેહરના કંપાઉંડમાં બંધાવી રોજ ૨૨ મો માહ ૯ મો ય. સને ૧૨૭૬ ને દીને ખુલ્લું મુકી બેલગામની જરથોસ્તી અનજુમનને સ્વાધીન કીધું છે.

(૪૯) એ દરેમેહર પુરાણી થવાથી નવેસરથી બંધાવીને એ દરેમેહરના મુતવલીઓ શેઠો હીરજીભાઈ ફરદુનજી અને ભાઈઓએ રોજ ૨૬ મો માહા ૨ જો સને ૧૨૬૭ યઝદેજરદીને દીને ખુલી મેલી છે.

(૫૦) આ ભરૂચની શેઠ નારીયલવાળાની દરેમેહર રોજ ૨૩ મો માહા ૯ મો શેહનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ શાપુરજી સોરાબજી નારીએલવાળાનાં વારસોએ મોટા ખરચે નવેસરથી બંધાવી છે. આ દરેહમેહરનું મકાન નાખલું પડવાથી તેની આઠમણી બાજુએ શેઠ હોરમજી બાનાના વારસો શેઠ રૂસતમજી, ડોસાભાઈ અને હીરાજીએ લેટ આપેલી જગા ઉપર બાઈ વીરબાઈજી શાપુરજી નારીએલવાળાના પુણ્ય માટે કુટુંબીઓએ આપેલા રૂપયામાંથી બાંધવામાં આવેલી બાઇ વીરબાઈજી શા: નારીયલવાળા હોલ રોજ ૨૫ મો માહા ૨ જો શેહેનસાહી સને ૧૨૮૧ ય. ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી. આ દરેહમેહર બીસમાર થવાથી ભરૂચના કેટલાક જરથોસ્તી શેઠોની મદદથી ફરી દુરસ્ત કરવામાં આવી છે અને ભરૂચવાળા શેઠ દારાશાજી મનચેરજી કાપડીઆએ દીકરા રૂસતમજીના પુણ્ય માટે રૂ૨૫૦૦ના ખરચે હોલ દુરસ્ત કરાવ્યો છે તથા શેઠ અરદેશર શાપુરજી નારીએરવાળાએ મરહુમ મુરબીની નઈયતે ઘટતી ક્રીયા કરાવી આ દરેહમેહર રોજ ૯ મો માહા ૧૧ મો ય૦ સને ૧૨૯૦ તા૦ ૧૪—૭—૧૯૨૧ ને દીને ફરીથી પરથવામાં આવી હતી.

(૫૧) એ દરેમેહરનું મકાન પુરાણું થવાથી ભરૂચના જાણીતા ડુંગાજીના ખાનદાનવાળાઓએ શેઠ પેસ્તનજી અસલાજી ડુંગાજીને નામે રોજ ૧૦ મો માહા ૮ મો સને ૧૨૭૨ ને દીને રૂ૧૫૦૦૦) ના ખરચે ફરીથી બંધાવ્યું છે અને તેના નીભાવ ફંડને માટે બીજા રૂ૧૫૦૦૦) અલાયેદા કાઢી તરફથી નેમ્યા છે. એજ ડુંગાજી ખાનદાનવાળા આ દરેહમેહરનો ચાલુ ખરચ યઝદેજરદી સને ૧૨૪૨ થી કરતા આવ્યા છે. બાઇ આવાંબાઈ ખરશેદજી મં. કામાજી કાપડીઆએ એ દરેહમેહરના ત્રસ્ટીઓને દરેહમેહરની સામેનું પોતાનું મકાન બાળવાની કાઢી ભરવા માટે ય. સને ૧૨૭૭ ના ફરવરદીન મહીનામાં ભેટ આપયું હતું.

(૫૨) એ દરેમેહર અસલ ૧૧૭૩ માં રોજ ૧૭ મો માહા ૯ મો ને દીને સુરતવાલા શેઠ મીરજીભાઈ બમનજીએ દાદમાહની બાંધેલી હતી. એ દરેમહેરનું મકાન પુરાણું થવાથી નવેસરથી ફરીને શેઠો સોરાબજી તથા નવરોજી ફરામજી ધામત તથા ભીસ્તીએ બંધાવી આપ્યું હતું અને તેમાં આતશ આદરાન સાહેબને પરઠાવી તખતનશીન કરી એ આદરીઆનની શાલગરેહને દીને ય૦ સને ૧૨૨૧ માં પાછી ખુલી મેલી હતી.

(૫૩) આ બેસાણુની દરેહમેહર શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેસતનજી વાહાડીઆએ પોતાના બંધેવી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે પહેલવેહેલી પરથાવી હતી. એ દરેમેહર જુની થવાથી તથા વસતીથી દુર હોવાથી પારસી વસતીની નજદીકમાં બીજી જગા ઉપર બીજા લોકોના ઉગરાણાથી અને એજ વાહાડયા સાહેબોની મદદથી મરહુમ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાના બીધવા બાઈ અચુબાઈએ પોતાની મરહુમ દીકરી બાઈ સુનાબાઈની યાદગારીમાં નવેસરથી બંધાવી પોતાના ખાવંદ શેઠ સોરાબજી ફરામજી વાહાડયાની નઈઅતે રોજ ૨૦ મો માહા ૯ મો શેહેનશાહી સને ૧૨૪૬ યઝદેજરદીને દીને પરઠાવી હતી.

(૫૪) આ મઉની દરેમેહર ફરીથી રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૨૮ને દીને અનજુમનનાં ઉઘરાણાથી સમારી હતી પણ તે પાછો સમારીને તેનું જશન રોજ ૧૯ મો માહા ૧૨ મો સને ૧૨૫૨ યઝદેજરદીને દીને કરવામાં આવ્યું હતું. આ મકાનમા રૂ ૨૦૦૦ ના ખરચે બંધાયલો મુકતાદનો હોલ રોજ ૯ મો માહા ૬ ઠો સને ૧૨૮૩ને દીને ખુલ્લો મુકાયો હતો. તે પછી અનજુમનના ઉઘરાણેથી રૂ૧૦૦૦૦ને ખરચે દસ્તુરજી નોશીરવાન કૈકોબાદની આગેવાની હેઠલ જુના મકાનમા મોટો ફેરફાર કરી એ દરેહમેહર રોજ ૯ મો માહા ૧૧ મો સને ૧૨૮૫ને દીને ખુલ્લી મુકી હતી.

(૫૫) આ મહુવાની દરેહમેહરનું મકાન બીસમાર હાલતમાં આવવાથી અંદેરીવાલા શેઠ અરદેશર ભીખાજી પટેલે પોતાના ધણીયાણી મરહુમ બાઈ રતનબાઈના પુણ્ય માટે જુના મકાનની પાસેજ એક નવું મકાન બંધાવી આપી તેમાં જુના આતશ દાદગાહના કેબલાને પરઠાવી ખુલ્લું મુકવાની ક્રીયા રોજ ૧૭ મો માહ ૨ જો સને ૧૨૮૦ દીને કરી હતી. એ દરેહમેહરનો નીભાવ તથા મરામતનો ખરચ ત્યાંની અનજુમન કરે છે. જ્યારે જુના મકાનને શેઠ અરદેશરે દુરસ્ત કરાવી આપવાથી એ જુનું મકાન મોબેદોના રહેવા માટે વાપરવામાં આવે છે.

(૫૬) રાજકોટની ઉગરાનામાંથી બાંધેલી પહેલવહેલી દરેહમેહર રોજ ૩—૯—૧૨૪૪ તા. ૨૧ મી મે સને ૧૮૭૫ ને દીને પરઠી ખુલ્લી મુકવામાં આવી હતી. એનું મકાન બીસમાર થવાથી બાંધવામાં આવેલા નવા મકાનનો રોજ ૨૩ મો માહા ૨ જો ય. સને ૧૨૯૨ તા. ૧ લી નવેમ્બર ૧૯૨૨ ને બુધવારે પાયો નખાયો હતો. એ પછી નવું મકાન તૈયાર થવાથી તેને ઈજી ખુલ્લું મુકી અસલના આતશ દાદગાહના કેબલાને પાછા તખ્તનશીન કરવાની ક્રીયા રોજ ૧૩ મો માહા ૮ મો સને ૧૨૯૨ તા. ૨૩ મી એપ્રીલ સને ૧૯૨૩ ને સોમવારે કરવામાં આવી હતી. આ દરેહમેહરની સાલગરેહ પહેલ વહેલા પરઠેવા દાદગાહનો રોજ માહા ને દીવસે પાલવામાં આવે છે.

(૫૬) રંગુનનો શેઠ જીજીભાઈ કાવસજી ખંભાતાની અમલ બાંધેલી દરેહમેહરનું મકાન પુરાણું થવાથી તથા નાહાનું પડવાથી શેઠો શાપુરજી અને જમનજી કાવસજી કપતાને રૂ૩૫૦૦૦ ને ખરચે નવેસરથી બાંધી આપીને રોજ ૧૧ મો માહા ૧૨ મો સને ૧૨૭૩ યઝદેજરદી એટલે કદમી રોજ ખોરદાદશાલ સને ૧૨૭૪ ને દીને પરથાવેલ છે.

(૫૮) આ દરેમેહરને ફરીથી રોજ ૨૯ મો માહા ૨ જો શેહેનશાહી સને ૧૨૬૫ ને દીને એજ શેઠ દારાશાજીના ધણીઆણી બાઈ પીરોજબાઈએ સમારીને ખુલવી છે, અને તેના ચાલુ ખરચ માટે પણ ગોઠવણ કરી છે.

(૫૯) લાહોરની શેઠ કુપરવાલી દરેમેહરની પાસે એક ફંડ ઉભું કરી કાયમસાટે બીજી નવી દરેમેહર ઉભી કરી તેમાં માહાના દાદગાહ સ્થાપીને રોજ ૯ મો માહા ૯ મો ય. સને ૧૨૮૨ ને દીને ખુલી મુકી હતી પણ શેઠ અરદેશર ...

નવસારીવાલાઓએ પોતાની દરેહમેહરનો બધો વહીવટ 'અંજુમન હસ્તક' સોંપવાથી નવી દરેહમેહર રોજ ૩૦મો માહા ૧૨ મો ય. સને ૧૨૮૩ થી બંધ થઈ હતી. આ દરેહમેહરનું મકાન તથા તેની સાથના મોબેદનું રહેવાનું મકાન કુવો વગેરેની મરામત રંગ તથા દરેહમેહરના ઓરડાઓને આરબલની ફરસ વગેરે રૂ૯૦૦૦ના ખરચે ય૦ સને ૧૨૯૦ ના સાલમાં શેઠ દારાબશાહ બમનજી ફુમાસ તથા એમણના ધણીયાણીએ કરાવી આપયું હતું.

(૬૦) આ ઉમરીગરવાલી દરેહમેહર તથા તેની પાસેનું મોબેદોના રહેઠાણનું અનજુમનનું મકાન ઘણી બીસમાર હાલતમાં આવવાથી વડોદરાના રહીસ શેઠ મનચેરજી પેસતનજી પટેલે પોતાને ખરચે નવું મકાન બંધાવી રોજ ૨૦ મો માહ ૯ મો સને ૧૨૭૭ ને દીને ખુલ્લું મેલ્યું હતું.

(૬૧) વડોદરામાં શેઠ સીરવાઈવાળી ધરમશાલામાં એક ઓરડામાં જુદી દરેહમેહર કરવામાં આવી છે. એ બેઉ જગો રોજ ૯ મો માહા ૯ મો સને ૧૨૩૭ યઝદેજરદીને દીને તઈયાર થયાં હતાં પણ એ બંનને રોજ ૨૦ મો માહા ૨ જો સને ૧૨૩૮ ને દીને ઇજાઇ ખુલ્લાં મેલાયાં હતાં. એની મરામત માટે રૂ. ૨૦૦૦ શેઠ બેરામજીએ કાઢ્યા હતા, તેમાં એકઠું રોજ ૧૫ મો માહા ૫ મો સને ૧૨૩૯ યઝદેજરદીને દીને મુંબઈ મધે મજગામમાં પોતાના બંગલામાં દરેહમેહર પરથાવી તે દીને બીજા રૂ. ૩૦૦૦ ઉમેરી રૂપયા પાંચ હજાર કરી તેનું વ્યાજ કેટલાક વરસો સુધી વડોદરા ખાતે ખરચ કરવા મોકલાવ્યું હતું, પણ તે પછી શેઠ બેરામજી તથા એ દરેહમેહર અને ધરમશાલાના વહીવટ કરનારાઓ વચે વાંધો પડવાથી તેનો મુકદમો ચાર પાંચ વરસ ત્યાંની કોરટમાં ચાલ્યા બાદ કોરટે તેનો લગતો વહીવટ કરનારા ત્યાંના ગ્રહસથોને નેમી તેઓને રૂપયા વગેરે સવાધીન કરવાનો હુકમ કીધો હતો. પણ એ મકાનોના નીભાવના રૂપયા વહીવટ કરનારાઓ પાસે નહીં હોવાથી તેઓમાંના શેઠ દાદાભાઇ શાપુરજીએ સને ૧૮૯૨ થી ૧૯૦૬ સુધી પોતાની ગીરેથી ખરચ કરી એ મકાનોનો નીભાવ કીધો હતો. એ પછી બધું સમાધાન થવાથી શેઠ બેરામજીએ તા૦ ૩૦ મી ડીશેમબર ૧૯૦૬ ને દીને એ બેઉ મકાનોના નીભાવ માટે રૂ. ૮૦૦૦ મુંબઈની પારસી પંચાએતના તરશટીઓને આપયા હતા કે તેનું વ્યાજ વડોદરાની કારોબારી કમીટી ઉપર મોકલવું અને તેમાંથી એને લગતો યોગ્ય ખરચ કરવો. ઉપર મુજબ નકકી થવા પછી એ અગીઆરી તથા ધરમશાલાની સાલગ્રહ રોજ ૨૦મો માહા ૨ જો સને ૧૨૭૭ ય૦ ને દીને પડી તે વખતે શેઠ બેરામજી તરફથી જશનની કીરીયા કરાવ્યા પછી એ બેઉ મકાનો જાહેર વપડાશ માટે પાછાં ખુલ્લાં મેલવામાં આવ્યાં છે. મુંબઈની મજગામવાલી દરેહમેહર ત્યાંથી કાઢી નાખવામાં આવી છે. એ ધરમશાલા બીશમાર થવાથી તેને શેઠ બેરામજી તરફથી સમરાવીને રોજ ૧૭ મો માહા ૧ લો ય. ૧૨૮૫ ને દીને ખુલ્લી મુકવામાં આવી હતી.

(૬૨) આ વલસાડની દરેહમેહરનાં મકાનમાં અસલ ફકત યોજદાથરેગરીના કામ માટે હીંધોડા દસ્તુર જામાસપ ભાઈજીના વખતમાં હતા, તે પછી શેઠ હોરમસજી ભી. ચીનાઈએ નવું મકાન ઈ. સ. ૧૮૧૯ માં બંધાવી આપયું હતું. શેઠો ખરશેદજી તથા જાહાંગીરજી હોરમજી ચીનાઈએ એ દરેહમેહરમા આતશ દાદગાહ તા૦ ૧૩ મી મારચ ૧૮૪૭ ને દીને પરઠાવ્યા હતા. એ મકાન જુનું થવાથી શેઠ નવરોજી જાહાંગીર ગામડયાએ બીજી વધુ આજુબાજુની જગા ખરીદી તેપર નવું મકાન બંધાવી તેમાં જુના દાદગાને રોજ ૩ જો માહા બીજો ય. સને ૧૨૮૨ ને દીને ખુલ્લા મુકયા હતા.

(૬૩) સકર ખાતે આતશ દાદગાહ ભઠેના મકાનમાં પરઠેલા હતા અને તે મકાન બીસમાર થવાથી નવું મકાન બાંધવામાં આવ્યું, તેનો પાયો નાખવાની કીંયા રોજ ૧૫ મો માહા ૫ મો ય. સને ૧૨૯૨ તા. ૨૨ મી જાનેવારી ને ૧૯૨૩ ને સોમવારે કરવામાં આવી હતી. મકાન બાંધવા માટે કરાંચીવાળા શેઠ અરદેશર હો. મામાએ રૂા. ૧૫૦૦૦, મુંબઈવાલા બાઈ પીરોજબાઈ કુંવરજી ભરૂચાએ રૂા. ૫૫૦૦ અને ઉમરાનાથી રૂા. ૧૦૦૦૦ ઉપર ભરાયા હતા. શેઠ હોરમજીની સખાવત માટે એમણના બાવાનું નામ આપી હોરમજી મામા દરેહમમેહર રાખ્યું છે એજ મકાનના પાછલા ભાગ ઉપર સ્કુલ અને ધરમશાળાના મકાનનો પાયો પણ એજ દીવસે નખાયો હતો. ધરમશાળાનાં મકાન માટે કવેતાવાળા ખા૦ બ૦ અરદેશર ડો. મારકરે રૂા. ૫૦૦૦ આપવાથી એ મકાનનું નામ મારકર ધરમશાળા રાખ્યું છે અને સ્કુલના મકાન માટે મુંબઈવાળા શેઠ અરદેશર મે. ભરૂચાએ રૂા. ૫૦૦૦ આપવાથી તા૦ ૧૬ મી સપટેમ્બર ૧૯૨૦ ને દીને સથાપાયેલી સકર પારસી સકુલનું નામ સર શાપુરજી ભરૂચા સકુલ તરીકે રાખ્યું છે. આ મામા દરેહમેહર રોજ ૩ જો માહા ૨ જો ય. સને ૧૨૯૩ તા. ૧૨ મી અકટોબર સને ૧૯૨૩ ને શુકરવારે ખુલ્લી મુકાઈ હતી જ્યારે ધરમશાળા તથા સકુલ રોજ ૪—૨—૧૨૯૩ તા. ૧૩–૧૦–૧૯૨૩ ને સવારે ખુલા મુકાયાં હતા. એ દરેહમેહરના મોબેદોને રહેવાનું મકાન શેઠ નાદરશાહ એદલજી દીનશાહની યાદમાં બાંધી રોજ ૧ લો માહા ૧ લો ય. સને ૧૨૯૩ ને દીને ખુલું મુકવામાં આવ્યું છે.

(૬૪) સરોડા ગામમાં યઝદેજરદી સને ૧૨૩૩ ની સાલમાં મુંબઈવાલા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે દરેહમેહરનું એક મકાન બંધાવી આપયું હતું અને તયાં માત્ર ધરમનું કીરીયા કામ થતું હતું પણ દાદગાં કે આદરીયાન પરથાવેલાં નહી હતા. તે પછી એમ બન્યું કે–ઉમરા ગામમાં રોજ ૨૩ મો માહ ૯ મો યઝદેજરદી સને ૧૧૮૫ માં શેઠ બમનજી સોરાબજી કપાવાલાને નામની અને તેમના બેટી શેઠ ફરામજી નાનાભાઈ ઉમરીગરે મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઇના ધરમખાતાની તરશટીઓને પાછલથી આપેલી એક રકમના ઉપજતાં વ્યાજના ખરચમાથી ચાલતી એક આદરીયાનની દરેહમેહર હતી પણ ત્યાં જરથોશતી વસતી ઘટી જવાથી તે ઉપયોગમાં આવતી નહી હતી તેથી તે આદરીયાન તયાંથી ઉઠાવી લઇને સુરતમાં માછલીપીઠની વાડયા ફ.યાવાલી અગયારીમાં લાવી રાખવામાં આવયા હતા, જેનો ચાલુ ખરચ ઉપર કહયું તેમ મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના ધરમખાતાના તરસતીઓ તરફથી કરવામાં આવતો હતો. એ જગોપરબી આદરીયાનની જરૂર નહી જણાવાથી તરસતીઓએ આદરીઆંનને કોઈ લાયક જગા ઉપર ગોઠવવાની તજવીજમાં હતાં. તેવોને ઉપલાં સરોડાં ગામવાલા દરેહમેહરની અમથાં મકાનની ખબર પડી કે તથા એક આદરીયાનની જરૂર છે તે ઉપરથી અથીરનાનોના ગામે ગામના હદની હદ ઉપરથી ઉદવાડેના અંજ્યારની એક જોડ શારોડાની અગીયારીમાં બોલાવીને તેવોની મારફતે રોજ

૪ થો. માહા ૧૦ માને દીને જશન કરયુ હતું. તે પછી રોજ ૩૦ મો માહા ૩ જો સને ૧૨૭૧ યજદેજરદીને દીને પેહલાં અસલ ઉમરા ગામનાં આદરાનનાં કોલસાને નવેસરથી પરહીને શરોડાની દરેમેહર ખુલી મેલી છે.

(૬૫) આ શીકંદરાબાદની દરેહમેહેર ય. સને ૧૨૦૮ માં શેઠો વીકાજી તથા પેસતનજી મેહેરજીએ કાચમાંહની બનાવી હતી પણ એ નાથલી પડવાથી એક કંપાઉંડમાં મોટી કુસાડે દરેહમેહેર શેઠો વીકાજી તથા પેસતનજી મેહરજીએ બાંધી રોજ ૨૦ મો માહા ૧૨ મો ય. સને ૧૨૬૬ ને દીને તેમાં આતશ આદરાનને પરહીને ખુલ્લી મુકી છે.

(૬૬) આ સીગનપોરની દરેહમેહેર અસલ મુંબઈવાલા શેઠ લવજી નશરવાનજી વાહાડયાએ બંધાવી હતી, તે પછી શેઠ નવરોજી જમશેદજી વાહાડયાએ રોજ ૧૭ મો માહા ૨ જો ૧૨૧૯ ને દીને બંધાવી હતી, એ દરેહમેહેરની પાસે રૂ ૧૦૦૦ ની કીમતે મોબેદોને રહેવા માહેતું ઘર શેઠ એદલજી કુવરજી પટેલે બેસી બાઇ પીરોજબાઈ માણેકજી પટેલના પુણ્ય માટે બંધાવી રોજ ૧૩મો માહ ૧૦ મો ય. સને ૧૨૮૦ ને દીને ખુલ્લું મુકયું હતું.

(૬૭) આ સુમારીની દરેહમેહર જુની થયાથી કેટલીક મુદતે ફરીથી સુરતવાલા શેઠ જમશેદજી સોરાબજી હોડીવાલાએ બંધાવી હતી. તે પછી વળી મુંબઈવાલા શેઠ કુવરજી માણેકજી મુકાદમે રોજ ૧ લો માહા ૮ મો સને ૧૨૯૧ માં આદરાન પરહીને બંધાવી હતી. તે રેતીમાં પુરાઈ જવાથી તેવણુના વારેસ શેઠ રૂશતમજી શાપુરજી મુકાદમે રોજ ૨૦ મો માહા ૪ થો સને ૧૨૩૮ માં પાછી બીજી જગાપર બાંધીને આતશ આદરાન પરઠેઆં છે.

(૬૮) મુંબઈવાલા મરહુમ શેઠ હોરાબજી નશરવાનજી મીશાનરીએ પેહલાં માત્ર ધરમ કીરીયા માટે એક મકાન બંધાવ્યું હતું—તે વખતે ઇધારા મુકાવેલા નહી તથા દાદગાહ પરઠાવેલા નહી હોવાથી અને એ મકાન બોસમાર હાલતમાં આવવાથી મરહુમના બેટા શેઠ દીનશાહજીએ રૂપયા દશ હજારનો ખરચ કરી નવેસરથી એક નવું મકાન બંધાવી તેને ઇજી તેમાં આતશ દાદગાહ પરઠવાની કીરીયા તથા ઉપરના અરધા ભાગમાં સથાપવામાં આવેલી ધી દીનશાહ હોરાબજી મીસતરી લાઇબ્રેરી અને રીડીંગ રૂમ ખુલ્લો મેલવાની કીરીયા રોજ ૨૧ મો માહા ૨ જો ય૦ સને ૧૨૭૮ ને દીને થઈ હતી.

(૬૯) આ શુરતની શેઠ બીશનીવાલી દરેહમેહર બોશમાર હાલતમા આવવાથી એ મકાનની ઉપજનાં વધારામાંથી તથા તેના એક મુતલવી શેઠ ફરામરોજ બેહરામજી બીશનીએ પોતાની તરફના વધુ નાણા ઉમેરી લગભગ રૂપીઆ પંદર હજારના ખરચે નવું મકાન બાંધી આપયું હતું. તે તઈયાર થવાથી તેમાં એ દરેહમેહરની ૭૦ મા વરસની સાલગરેને દીને યાને રોજ ૧૭ મો માહા ૪ થો ય.૧૨૭૭ ને દીને આતશ આદરીયાનને પાછા તખતનશીન કરવામાં આવ્યા હતા.

(૭૦) એ દરેહમેહર અસલમાં જમશેદજી બાઈઆ નામના એક શુરતના પારસીએ પારસીઆ ફલીઆમાં બાંધેલી હતી જેને માટે તેવણે પોતાને તાંહાં ફરજંદ આવે તો તે બાંધવાની માનતા કરેલી હતી તેથી તે બંધાઈ હતી. તે બીશમાર થવાથી મુંબઈવાલા શેઠ માણેકજી નવરોજી વાડીઆજીએ તથા ભાઈએ પોતાના બાવાજીના પુનને સારૂં બાંધી છે.

(૭૧) એ દરેહમેહેર અસલ નાલનજી હોમાજી શેઠની બાંધેલી હતી તે શુરતની શને ૧૧૯૧ યજદેજરદીની મોટી આગમાં બલી જવાથી ઉમરેવાલા શેઠો મેહેરજીભાઈ પટેલ તથા રતનજી છીમરાજી શુરતવાળાએ રોજ ૨૨ મો માહા ૧૨મો સને ૧૧૯૨ માં બાંધી હતી અને તેમી પુરાણી થવાથા મુંબઈવાલા શેઠ પેસતનજી નશરવાનજી બાટલીવાલાએ બંધાવી છે.

(૭૨) નવશારી ખાતે અસલ કોઈ કોઈવાર બહારથી પોડારાવો નીકલી આવી દહેરો પાડતા હતા, ત્યારે તાંહાની વશતી શુરત તરફ નીકલી જતી હતી તેવી વખતે જરથોશતી ધરમ કીરીઆ કરવા ખાતર શુરતના રૂશતમપુરામાં નેવસારીના મરહુમ દેસાઈ ખુરશેદજી ટેમુલજીએ ઈ. સ. ૧૭૭૬ માં એ જગોએ પેહલાં તો અમથા ધરમનાં કામ માટે બે તરણ હીંચોલા મુકાવ્યા હતા પણ તે પછી એ દેસાઈ ખુરશેદજીના બેટા દેસાઈ મનચેરજી ખુરશેદજીએ આ દરેમેહેર બાંધી હતી. તે પુરાણી થવાથી મુંબઈવાલા મરહુમ શેઠ એદલજી દાદાભાઈ શુખીઆના છોકરાઓએ રોજ ૭ મો માહા ૨ જો સને ૧૨૩૩ ને દીને નવેશરથી બંધાવી હતી. એની સાથે વળી તેઓએ એક ધરમશાલા, પણ બાંધી હતી. એ મકાનમાં પાછલા ભાગપર એક ઓટલો અને તેની ઉંચી દેવાલ તથાનાં દશતુર દારાબજી ખરશેદજી દારાબજી પાલણનાએ બાંધી છે. એ દરેહમેહેરનું મકાન બીશમાર હાલતમાં આવવાથી શેઠ કેકોબાદ હોરમજી રાવે પોતાના મરહુમ બાવા હોરમજી તથા મરહુમ માતાજી બાઇ માણેકબાઈનાં પુણ્ય માટે લગભગ રૂપયા ૧૫૦૦૦ ને ખરચે બંધાવી આપેલું નવું મકાન ઇજાા ખુલ્લું મેલવાની કીરીયા રોજ ૨૧ મો માહા ૯ મો સને ૧૨૭૭ ને દીને કરવા પછી વળી શેઠ કેકોબાદ રાવે પોતાના મરહુમ માતાજી બાઇ માણેકબાઇના પુણ્ય માટે મરહુમની બાજને દીને યાને રોજ ૩ જો માહા ૧૨ મો સને ૧૨૭૭ ને દીને એ દરેહમેહેરમાં આતશ દાદગાહ તખતનશીન કરાવી પાંચે ગેહમાં બોય દેવાનું શરૂ કરાવ્યું હતું.

(૭૩) એ દરેમેહર આગલ શેઠ શાપુરજી બચાભાઈ હોડીવાલાની બાંધેલી હતી પણ તે યજદેજરદી શને ૧૧૯૧ માં શુરત ખાતે લાગેલી મોટી આગમાં બલી ગયાથી તેમના આ બેટીએ પાછી બાંધી છે. આ દરેહમેહેર પાછી બીસમાર હાલતમાં આવી પડવાથી બાઈ દીનબાઇ નશરવાનજી માણેકજી પીટીટે મરહુમ બેટા શેઠ જમશેદજીના પુણ્ય માટે તે નવેસરથી બંધાવી તેને ઇજવાની કીરીયા રોજ ૩ જો માહ ૭ મો શેનશાહી સને ૧૨૧૨ને દીને કરા માં મ ી હતી.

(૭૪) સુરતના ગોઠીના આતશ આદરાનનો કેબલો ઘણું પુરાતન છે અને કય રે તખતનશીન કાયેલા તેની સાકત મલતી નથી પણ દસતાવેજી પુરાવાથી માલમ પડે છે કે સને ૧૭૮૩ ના સાલમાં ઘણા વખત અગાઉથી હસતીમાં હતા. મરહુમ શેઠ સોરાબજી કાવશજી નેકશાયતખાન જેવણ તા૦ ૯ મી એપ્રીલ ૧૭૭૨ ને દીને મરણ પામ્ય હતા. તેવણે તુકી ગામમા નદીના કીનારા પર આવેલી પોતાના વજીફાની જમીનપર મકાન બાંધી તમાન ાંર કાયા હતા એ પછી મકાન બીસમાર થવાથી અને પારસી વસ્તીથી ઘણુ દૂર હોવાથી સુરત નજદીક શેઠ ખાનસાહુ નવું મકાન બાંધ્યું કે તે જગાની શેઠ નેકશાયતખાનની હતી ત્યાં ફરીથી નવું મકાન બાંધયું હતું, એ પછી મરહુમ શેઠ નશરવાનજી કેયાજીએ મોટું મકાન બંધાવ્યું હતું તે સને ૧૭૮૧ માં બંધાયું હોય એમ લખાણ મલે છે. સને ૧૮૩૧ માં શાર જમશેદજી જીજીભાઇએ અને ત્યાર પછી શેઠ મેરવાનજી હોરમજી ફરેજરે અને તે પછી શેઠ નશરવાનજી બમનજી ભાવનગરીએ મકાનની

મરામત કરાવી હતી. સને ૧૮૫૭ માં મુંબઈવાળા બાઈ હીરાંબાઈ જે મરહુમ શેઠ જહાંગીર માણેકજી જીજીભાઈના વીધવા એ પોતાના ધણીની યાદમાં નવું મકાન બંધાવ્યું હતું. ૧૮૫૭ માં આ દરેહમેહેરમાં વહીવત વાસણવાલા કુટુંબમાં હતો પણ શેઠ નસરવાનજી વાસણવાળા ગુજરી ગયા પછી કેટલાક ગ્રહસ્થોએ દાક્તર રૂસ્તમજી મોદીને રેકવીઝીશન મોકલવાથી ૧૮૯૨માં એક ટરસ્ટડીડ બનાવી તેનો વહીવટ સુરતની પંચાયતના ટરસ્તીઓ ચલાવે છે. આ દરેહમેહેરના નીભાવ માટે શેઠ રૂસ્તમજી મંચેરજી ફલીપટવાલાએ સુરતના બરહાનપુરી ભાગલના રસ્તા ઉપરના કોઠા આપેલાં છે તેનું ભાડું સારૂ આવે છે. આદરીઆન સાહેબનું મકાન સને ૧૮૯૪ થી દર વરસ મુંબઈ તથા કોલંબોના વેપારી મરહુમ શેઠ મંચેરશાહ ફરામજી ખાન ફુરસત કરાવી એજ સાલથી દર વરસે તીર મહીનો ને શહેરેવર રોજે આદરીઆનની સાલગ્રેહનું જશન તથા ગેહાંબારની બાજ મરહુમ શેઠ ફરામજી ભીખાજી ખાનની બાજનું ક્રીયાકામ કરાવી દરરોજ બોય દેતી વખતે મહકાવવાનું સુખડ મોકલાવતા હતા. આ દરેહમેહેરનું જુનું મકાન બીસમાર થવાથી શેઠ મનચેરશાહ ફરામજી ખાને નવું તરસડીડ બનાવી રૂ૧૭૦૦૦ નવું મકાન બાધવા આપી રૂ૧૫૬૦૦ ની લોનનું વ્યાજ એમણે કરેલી સરત મુજબ વાપરવા અને પોતાના બે કુટંબીઓને ટરસ્ટી બનાવવા જણાવ્યું હતું પણ મકાન બાંધવા પાછલ રૂ૨૭૦૦૦ નો ખરચ થવાથી તેમાં પ્રાછલથી શેઠ ભીખાજી ફરામજી ખાને રૂ૮૦૦૦ આપી રૂ૨૫૦૦૦ની મદદ કરી છે. આ નવું મકાન ઈજી તેમાં અસલના આતસતા કેબલાને તખતનશીન કરી રોજ ૧૭ મો માહા ૪ ઠો શેહેનશાહી સને ૧૨૯૧ ય૦, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૯૨૧ ને રવીવારે ખુલ્લું મુકવામાં આવ્યુ છે.

(૭૫ એ દરેહમેહેરને ફરીથી શેઠ જીવણજી જામાશજી મીશાવરી–શુમારીવાલાએ યજદેજરદી સને ૧૨૬૬ માં રોજ ૯ મો માહા ૯ મા ને દીને રૂ૧૫૦૦૦) ખરચીને નવેશરથી બંધાવી વધારી આપી છે.

(૭૬) મુંબઈના શેઠ હોરમજી વાહાડીઆજીવાલા આતશબેહરામના મુતવલીઓને નવશારીના ભગર સાથના મોબેદો વચે મીનાકેશો થવાથી વાહાડીઆજીવાલાઓએ પોતાને લગતા નવસારીના મોબેદોની સગવડ કાજે એક નવી દરેહમેહેર નવસારીમા બાંધી હતી પણ નવસારીના ભગરીઆ મોબેદોએ માલકવાડીમાં ફરીઆદ માંડીને તે દરેહમહેર તાહાથી ઉઠાવી જવાનો હોકમ મેલવવાથી–વાહાડીઆજીવાલાઓએ તે દરેમેહેરના આતશને શુરત ખાતે બરશાનુંમવાલા મોબેદો સાથે પવીતરાઈથી લઈ જઈને તયાંના શેઠ દાદાભાઈ મોદીવાલા આતશબેહેરામનાં મકાનમા બાંધેલી એક હલાયદી દરેમેહેરના ગુંબજમાં યજદેજરદી સને ૧૨૬૯ નાં જમશેદી નોરોજને દીને પરઠ્યા છે.

(૭૭) શુરતમા બીબીની વાડી આગલ એટલે શેનશાહી આતશબેરામની નજદીક શુમારે દોઢસો વરસની પુરાણી દરેમેહેર અનજુમનની બાંધેલી છે, તેનો ચોકસ દાહાડો વાર મલતો નથી. એ દરેમેહેર અસલ એક મોબેદ ખુરશેદ કાવશને હશતક હોવાથી માતર ખરશીની અગીઆરી તરીકે ઓળખાય છે. કેટલાક જરથોસતીઓની મદદથી એક ફંડ ઉભુ કરી તેમાં રૂ. ૨૨૦૦ ભરાયા છે, તેમાથી જેમ તેમ એનો વહીવટ મોબેદ હોરમજી દાદાભાઈ ખરશોના બીજા ટરસટીઓની સાથે ચલાવે છે.

(૭૮) આ સતારાની દાદગાહની દરેહમેહેરનું મકાન ઘણુંજ પુરાણુ થવાથી ઇ. સ. ૧૮૯૨ માં સરકાર તરફથી જમીનનો કટકો મુફત મેલવી તથા નવું મકાન સતારાની અનજુમને બાંધવાનો ઠરાવ કીધો હતો પણ ફંડ પુરતું નહીં હોવાથી તેમ થઇ શક્યુ નહી. તેટલા બાઈ નવાજબાઈ દીનસાહજી ખાને પોતાને ખરચે એક નવું મકાન બંધાવી આપી તેના નીભાવ વગેરે માટે સારી રકમ આપી છે. એ મકાન ઈજાવી રોજ ૨૩ મો માહા ૧૦ મો સંને ૧૨૮૦ ને દીને ખુલ્લુ મુકી તેમાં આતશ દાદગાહ પરથવામાં આવયા છે.

(૭૯) આ દરેમેહેર અસલમા યજદેજરદી શને ૧૨૧૪ ના રોજ ૯ મો માહા ૫ મો શેનશાહીને દીને શેઠો વીકાજી તથા પેશતનજી મેહેરજી તથા અનજુમન મલીને બંધાવેલી હતી. તે બીશમાર હાલતમાં આવવાથી યજદેજરદી સને ૧૨૪૮માં રોજ ૯ મો માહા ૧૨ મો શેનશાહીને દીને અનજુમનને ખરચે નવેસરથી બાંધી છે.

જરથોસ્તીઓ બંધાવેલાં દુખમાંઓ.

મુંબઈ અધેનાં દુખમાંઓ.

કોણે પરઠેલાં યાને બંધાવેલાં	રોજ	માહા	વ સને
કાવસજી એદલજી બીલીમોરીઆ	૧૨	૮	૧૨૬૩
દાદાભાઇ નોશેરવાન (પોતાની વાડીમાં) (કદમી)	૧૬	૮	૧૧૬૭
[આ દોખમું ફકત દાદીશેઠના કુટુંબીઓને માટે છે.]			
ફરામજી કાવસજી બનાજી (કદમી)	૫	૯	૧૨૦૧
મનચેરજી જીવણજી રેડીમની [આ દોખમું પોતાનાજ ઉપયોગ સારૂ એઓએ બાંધ્યું હતું]	૩	૧૨	૧૧૫૫
માણેકજી નવરોજી શેઠના	૧૯	૧	૧૧૨૫
મુંબઇની પારસી પંચાયતે બંધાવેલું	૨૬	૭	૧૧૪૮
મોદી હીરજીભાઇ વાછાગાંધી	૧૯	૧	૧૦૩૯

દેશાવરો ખાતેના દુખમાંઓ.

ઠેકાણું	કોણે પરઠેલાં યાને બંધાવેલાં.	રોજ	માહા	વ સને
અંકલેશર	નરસંગ ધનપાળ (હાંસોટવાળા)			
,,	પેશતનજી બમનજી વાડીઆ	૧૯	૬	૧૧૭૯
અજમેર	અનજુમને બંધાવેલું	૨૬	૬	૧૨૫૭
આબુરોડ	મોટાભાઈ બી. કંટ્રાકટર ને અંજુમન મલીને... ...	૧	૭	૧૨૫૮
અમદનગર	અમદનગરની અનજુમને બંધાવેલું	૧૮	૬	૧૧૯૬
,,	અંજુમને બંધાવેલું	૧૫	૪	૧૨૧૧
અમદાવાદ	અમદાવાદની અંજુમને બંધાવેલું	૨૫	૮	૧૨૧૨
,,	સર જમશેદજી જીજીભાઈ નાઇટ	૨૩	૮	૧૨૧૯
,,	અનજુમને બંધાવેલું	૧૮	૬	૧૨૩૫
,,	,, ,, ...	૧૯	૭	૧૨૯૦
અમરોલી	અનજુમને બંધાવેલું	૩૦	૬	૧૨૨૭
આલપાઈ	નવરોજી કાવસજી નેરીએલવાલા			
આકોલા	અંજુમને બંધાવેલું	૩	૬	૧૨૬૪
ભગતપુરા	અંજુમને બંધાવેલું	૧૬	૯	૧૨૫૪
ઈંદોર	અનજુમને બંધાવેલું	૧૫	૬	૧૨૬૭
ઉદવારા	ઉદવારાની અનજુમને બંધાવેલું	૨૪	૭	૧૦૬૬
,,	પેસતનજી ખરશેદજી મોદી	૨૯	૭	૧૨૭૦
ઉરન	અનજુમને બંધાવેલું	૨૩	૪	૧૨૭૧
એડન	અનજુમને બંધાવેલું	૧૩	૧૨	૧૨૩૫
,,	મેરવાનજી સોરાબજી ખરેધાત...	૭	૭	૧૨૧૬
એલાવ	અનજુમને બંધાવેલું	૨૭	૭	૧૨૬૮
ઓરંગાબાદ	વીકાજી અને પેસતનજી મેરજીભાઈ	૧૫	૪	૧૨૧૨
કરંજ	દીનબાઇ તે પુજીઆજી મનાજીના વીધવા	૨૪	૩	૧૧૯૮
કરાંચી	હોરમસજી દાદાભાઇ બડીયાલી	૩૦	૪	૧૨૧૭
,,	કરાંચીની અનજુમને બંધાવેલું	૧૯	૯	૧૨૪૪

ઠેકાણાં.	કોણે પરઠેલા યાને બંધાવેલાં.	રોજ	માહા	યઝ સને
કલકતા	નવરોજી સોરાબજી ઉમરીગર	૨૭	૪	૧૧૯૧
,,	કલકતાની અનજુમને બંધાવેલું	૨૧	૭	૧૨૮૧
કલીઆણી	નવાજબાઇ તે નસરવાનજી મોદીના વીધવા			૧૧૬૦
,,	નવરોજી ભીખાભાઇ કલીઆણીવાલા	૧૫	૭	૧૨૫૫
કુડીઆણા	અનજુમને બંધાવેલું	૬	૭	૧૨૬૫
ખંભાત	હીરજી આશા	...		
,,	પેશતનજી ખરશેદજી મોદી	૨૯	૭	૧૧૯૫
ખેરગામ	મોતીબાઇ તે આ૦ બ૦ જ૦ મુલાંના વીધવા	૫	૯	૧૨૫૧
ગનદેવી	ગનદેવીની અનજુમને બંધાવેલું	૧૯	૧	૧૦૯૪
,,	અનજુમને બંધાવેલું	૪	૭	૧૧૫૯
,,	જમશેદજી નાનાભાઈ ગજદર–સપલાના	૧૯	૭	૧૧૮૬
,,	ગંનદેવી અનજુમને બંધાવેલું	૨૦	૭	૧૨૩૯
ચીકલી	અનજુમને બંધાવેલું	૧૩	૬	૧૨૪૨
જાલના	અનજુમને બંધાવેલું	૪	૮	૧૨૪૦
તવરી	અનજુમને બંધાવેલું	૨૯	૭	૧૨૩૩
તારાપોર	દોરાબજી ફરદુનજી લસ્કરી [આ દોખમું ફાટી જવાથી પડત પડયું છે]			
,,	અનજુમને બંધાવેલું	૨૭	૬	૧૨૩૫
થાણા	કાવસજી તથા દોરાબજી રૂશતમજી પટેલ		...	૧૧૪૯
,,	રૂશતમજી કાવસજી પટેલ	૧૯	૭	૧૨૧૨
દમણ	માણેકબાઇ તે જમશેદજી એરાંમજી લસ્કરીના વીધવા ...	૧૩	૮	૧૨૦૦
દવીએર	અનજુમને બંધાવેલું	૧૩	૪	૧૨૦૮
દીવ	જાહાંગીરજી નશરવાનજી વાડીઆજી	૧૧	૬	૧૨૦૨
દીશા	અનજુમને બંધાવેલું		...	
દેવલાલી	એરાંમજી નાનાભાઈ મીસતરી		...	૧૨૪૯
,,	અનજુમને બંધાવેલું	૧૯	૩	૧૨૭૧
નવસારી	માણેક ચાંગા આશા		...	૯૦૦
,,	માણેકજી નવરોજી શેઠના	૧૧	૪	૧૧૧૬
,,	હોરમસજી મનચેરજી કેરાવાલાં (ભાભા)	૪	૬	૧૧૯૨
,,	નસરવાનજી રતનજી તાતા	૨૦	૬	૧૨૪૭
નારગોળ	માણેકજી નવરોજી શેઠના		...	૧૧૧૫
,,	મનચેરજી ખરશેદજી શેઠના		...	૧૧૩૬
,,	અનજુમને બંધાવેલું	૧૫	૯	૧૨૫૭
પુણા	સોરાબજી રતનજી પટેલ	૨૯	૭	૧૧૯૪
,,	પુણાની અનજુમને બંધાવેલું	૩૦	૭	૧૨૦૪
પારડી	અનજુમને બંધાવેલું	૨૦	૯	૧૨૫૦
બદનેરા	અનજુમને બંધાવેલું	૬	૭	૧૨૬૨
બાલાપુર	વીકાજી તથા પેશતનજી મેરજીભાઇ (હાલમાં મોજુદ નથી)...	૨૮	૭	૧૨૦૮
બીલીમોરા	રૂશતમજી બમનજી બાટલીવાલાના ધણીઆણી ...	૬	૩	૧૧૭૧
બીલીમોરા	અનજુમને બંધાવેલું	૯	૭	૧૨૪૯
ભરૂચ	પેશતનજી ભરૂચવાલા	...		૬૭૯

ઠેકાણું. કોણે કરેલાં અને બાંધેલા.	રોજ	મ.હા	ય. સને
ભરૂચ—અનજુમને બંધાવેલું		...	૧૦૨૩
,, અનજુમને બંધાવેલું	૧૯	૩	૧૨૦૩
ભુસાવલ—અનજુમને બંધાવેલું	૨૯	૪	૧૨૫૮
મહુવા—માણેકજી જીજીનાં	૭	૮	૧૨૦૨
,, અનજુમને બંધાવેલું	૧૫	૪	૧૨૫૯
મહુ—અનજુમને બંધાવેલું	૨૧	૮	૧૨૦૯
માંડવી—અનજુમને બંધાવેલું	૪	૪	૧૧૯૯
રાજકોટ—કાવસજી દીનશાહ એડનવાલા અને અનજુમન મળીને ...	૧૨	૯	૧૨૭૦
રાંદેર—શો. મં. રેડીમની, હી. જી. રેડીમની, ર. દા. નાદરશા મલીને ...	૨૨	૮	૧૧૫૬
,, અનજુમને બંધાવેલું	૨૯	૬	૧૨૨૧
લાનોલી—અનજુમને બંધાવેલું	૨૦	૫	૧૨૭૨
વડોદરા—અનજુમને બંધાવેલું	૭	૯	૧૨૧૧
વલસાડ—વછઆરવાલાના ખાનદાનીઓએ		...	૧૦૧૨
,, અનજુમને બંધાવેલું	૧૭	૪	૧૧૪૬
,, અનજુમને બંધાવેલું	૨૯	૬	૧૨૧૬
,, ધનજીભાઇ જીરાભાઇના કુટુંબીઓ	૪	૭	૧૧૭૭
સીકંદરાબાદ—દખણ—વીકાજી અને પેશતનજી મહેરજીભાઇ ...	૨૦	૧	૧૨૦૯
સુનઘડ બ્યારા—અનજુમને બંધાવેલું	૧૫	૫	૧૨૩૨
સુમારી—રતનજી માણેકજી એંટી તથા હાટરીઆ	૧૬	૨	૧૧૭૩
સુરત—ઉદના—ભગરીઆ મોબેદોને સારૂ અનજુમને બંધાવેલું ...	૨૬	૬	૧૨૫૩
,, ઉમરવાડા—નાનાભાઇ પુંજીઆજી		...	૧૦૩૬
,, ,, અનજુમને બંધાવેલું		...	૧૧૦૩
,, ,, અનજુમને બંધાવેલું	૨૮	૮	૧૧૪૦
,, ,, અનજુમને બંધાવેલું	૫	૫	૧૧૯૭
,, ઉમરા—અનજુમને બંધાવેલું	૫	૭	૧૨૦૧
,, ભરથાણા—અનજુમને બંધાવેલું		...	૧૦૯૫
,, ,, અનજુમને બંધાવેલું	૮	૩	૧૧૩૪
,, ,, અનજુમને બંધાવેલું	૫	૫	૧૧૯૬
સતારા—અનજુમને બંધાવેલું	૨૦	૭	૧૨૧૬
સોલાપુર—વીકાજી અને પેશતનજી મેરજીભાઇ	૭	૫	૧૨૧૨
હૈદરાબાદ—દખણ—(જમીસતાપુરની ટેકરીપર) દસ્તુર એરાભજી જામાસ્પ આશાનાની નઝરતે અનજુમનના ઉગરાણાથી ...	૧૯	૧	૧૨૮૫

જરથોસ્તીઓએ બંધાવેલી ધરમશાળાઓ.

મુંબઈ મધેની ધરમશાળાઓ.

ઠેકાણું — કોણે બંધાવેલી	રોજ	માહ	પ. સને
ફરેલવાડી–મેરવાનજી ફરામજી પાંડે	૧૬	૯	૧૨૩૫
ગ્રાંટરોડ–રૂસતમજી જમશેદજી જીજીભાઈ		...	
ચોપાટી–(ધરાણીઓ સાર) ખરશેદજી અરદેશર દાદીશેઠના બેશીઓ ...	૧૨	૨	૧૨૨૨
,, ,, સર કાવસજી જહાંગીર સી. એસ. આઇ. ...	૨૮	૯	૧૨૪૧
,, [આંધલા, લુલા જરથોસ્તી સાર] ફરદુનજી શોરાબજી પારેખના સાહેબ જાદાઓ (૧)	૧૫	૭	૧૨૧૪
,, ,, ખરશેદજી કાવસજી બનાજી		...	૧૨૦૪
ભાયખલા–સર જમશેદજી જીજીભાઇ બારોનેટ	૧૬	૮	૧૨૭૧
વાંદરે–માણેકજી જીનાભાઇ	૧૦	૬	૧૨૧૮

દેશાવરો ખાતેની ધરમશાળાઓ.

અંકલેશ્વર–મેરવાનજી હોરમજી ફરેજર (૨)		...	૧૨૧૮
અજમેર–મનચેરસાહ નશરવાનજી રૂસતમફરામના (૩)	૧૭	૪	૧૨૭૧
અમદનગર–પેશતનજી સોરાબજી	૧૩	૪	૧૨૨૮
અમદાવાદ–મનચેરજી સોરાબજી કરંજવાલા (૪)	૨૩	૪	૧૨૧૮
,, સોરાબજી જ. જીજીભાઈની ધરમશાળા રોજ ૧૩–૫–૧૨૩૩ ને દીને બંધાયલી તે પુરાણી થવાથી નવેસરથી ત્રીજી ધરમશાળા સર નવરોજી પેસતનજી વકીલ સી. આઇ. ઇ એ બંધાવી (૫)	૮	૪	૧૨૬૩
અહાજણ–પેસતનજી સોરાબજી પુણેવાલા	૨૦	૮	૧૨૨૯
અલીબાગ–હીરાજી હોરમજી બારીઆ	૨૦	૧૧	૧૨૪૨
આકોલા–ટીકાજી અને પેસતનજી મેહરજી (૬)		...	૧૨૦૮
આગરા–રૂશતમજી નશરવાનજી રૂશતમફરામના	૨૦	૧૧	૧૨૮૮
આમોદ–કાવસજી માણેકજી મોદી		...	૧૨૪૧
એડન–મેરવાનજી સોરાબજી ખરેઘાટ	૭	૭	૧૨૧૬
ઇજ્ઞાપોર–પાલણજી કાવસજી ધનજીભાઇ પાંડેવાલા		...	૧૨૧૭
,, પીરોજબાઇ તે દાદાભાઇ માણેકજી વાછાના વીધવા ...	૮	૭	૧૨૪૫
ઉદવાડા–રૂશતમજી જમશેદજી જીજીભાઈ	૧૭	૫	૧૨૩૫
,, દીનશાહ દોરાબજી મીસતરી	૨૭	૪	૧૨૭૦
,, સ્ટેશન આમલ–જમશેદજી સોરાબજી એંટી	૮	૫	૧૨૭૦
,, ,, નવરોજી માણેકજી વાહાડયાની ઇસ્ટેટના ત્રસ્ટીઓ ...	૧૨	૧૧	૧૨૮૧
,, ,, બીજું મકાન–હીરાબાઇ નવરોજી વાહાડીઆંના પુણ માટે નવરોજી માણેકજી વાહાડયાની ઇસ્ટેટના ટ્રસ્ટીઓ	૨૬	૭	૧૨૯૧
ઓરપાડ–ખરશેદબાઇ તે એ. માણેકજી પેસતનજી હોરમસજી કરંજઆવાલાની વ.	૨૫	૧૦	૧૨૬૪
કચ્છભુજ–પેસતનજી સોરાબજીએ પોતાના પુત્ર કુવરજીની યાદગીરી માટે...	૨૬	૧	૧૨૯૩
કલકતા–માણેકજી રૂસતમજી બનાજીની યાદગીરીમાં અંજુમને બાંધેલી	૧૦	૭	૧૨૭૮
કલીકટ–હોરમસજી બમનજી વાહાડીઆ		...	૧૧૯૩

ઠેકાણું. કોણે બંધાવેલી.	રોજ	માહા	ય. સને
કુંડીઆનાં—સર દીનશાહ માણેકજી પીટીટ	૨૭	૧૧	૧૨૬૫
ખંડાળા—સર જમશેદજી જીજીભાઇ બારોનેટ	...		૧૨૦૮
ખેરગાંમ—અનજુમનના ઉગરાણાથી	૧૧	૨	૧૨૫૫
ગનદેવી—નવરોજી જમશેદજી વાહડીઆ	૭	૯	૧૨૧૮
ચંદરગાટ—હેદરાબાદ-દખણ—જાહાંગીર જમશેદજી ચીનાઇ ...	૧૪	૫	૧૨૮૯
જાહાંબોરડી—પેશતનજી ખરશેદજી કામા	૧	૧૨	૧૨૦૦
દમણ—રતનબાઈ તે હોરમજી મનચેરજી કામાના વીધવા ...	...		૧૨૧૫
દંતોરા—વસઈ—અરદેશર દાદાભાઇ દાદીશેઠ	...		૧૧૭૪
દેહણું—મનચેરજી તથા બમનજી માણેકજી ભંડારા	...		૧૧૯૮
નવસારી—નોસરવાન બાગ—આ૦ નશરવાનજી ખરશેદજી કાંગા ...	૧૯	૮	૧૨૩૭
,, નવાજબાઇ તે કુંવરજી હોરમજી બાભાના ધણીઆણી ...	૧	૯	૧૨૨૫
નાગપોર—બીલીમોરીયા બ્રધરસ	૨૫	૪	૧૨૭૬
પારડી—પેસતનજી બમનજી વાહડીઆજી	...		૧૧૫૮
,, હોરમસજી ગાંડાભાઇ	૧૭	૯	૧૨૫૦
પાહારી—ફરામજી નશરવાનજી પટેલ	...		૧૨૧૯
પુના—ભવાંનીપેંઠ—પેશતનજી શેરાબજી	૨૮	૭	૧૨૨૭
,, સ્ટેશન આગળ—હોરમજી સોરાબજી તાડીવાલા	૧૯	૧	૧૨૨૯
,, કેંપ—મુંબઇવાલા નવરોજી ગીશતા તથા શાપુરજી શુબેદાર			૧૧૯૪
પોરબંદર—જુના બોખીરાગામ—હીરજીભાઇ નવરોજી વાડયાએ પોતાના ધણીઆણી રતનબાઇની નઇયતે...	૧૬	૯	૧૨૭૭
બીલીમોરા—રૂશતમજી મેરવાનજી બીલીમોરયા	૧૬	૧૦	૧૨૧૩
બગવા ગાંમ—એદલજી ફરામજી આલબલેશના સાહેબજાદા ...	...		
ભરૂચ—જમશેદ બાગ—જમશેદજી હોરમજી વખારીઆના બેટીઓ ...	૨૭	૬	૧૨૫૨
,, કોટમાં—મેરવાન બાગ—મેરવાનજી હોરમજી ફરેજર (૭) ...	૧૯	૧	૧૨૧૩
,, કાંઠાપર—રૂસતમજી જમશેદજી જીજીભાઈ ...	...		૧૨૩૫
,, બહારકોટ—મેરવાનજી હોરમજી ફરેઝર	...		૧૧૯૨
ભાડા ગાંમ—માણેકજી દોરાબજી બુચર	...		૧૨૪૯
ભાવનગર—દીનબાઇ દીનશાહ વકીલ ધરમશાળા—દીનશાહ બમનજી વકીલે ધણીયાણી દીનબાઇની યાદમાં	૧૬	૭	૧૨૯૩
મેસાંણુ—આવાંબાઈ તે કાવસજી બેજનજી એલબલેસના ધણીયાણી ...	૨૮	૬	૧૨૫૮
મઉ—ભીખાઇજી નવરોજી બોરીની નઇયતે...	૧૭	૨	૧૨૫૩
મહાબલેશ્વર—ફરામજી નશરવાનજી પટેલ	...		૧૨૨૮
,, મેહેરા ગાંમ—ફરામજી નશરવાનજી પટેલ	...		૧૨૨૮
મહુવા—માણેકવાડી—અરદેસર ભીખાજી પટેલ	૧૭	૨	૧૨૮૦
માંડવી—જીલ્લા સુરત—અરદેશર ભીખાજી પટેલે ધણીયાણી રતનબાઇના પુણ્ય માટે	૮	૫	૧૨૮૦
રાજકોટ—આઇમાય હોરમજી વાહાડયા (૮)	...		૨૬૮
,, સેનેટરીયમ હોલ—ઉપલી વાહાડયાવાલી ધરમશાલાં ઉપર—પેસતનજી સોરાબજી ભુજવાલાએ પીતાજીના પુણ્ય માટે બાંધેલો ...	...		૧૨૬૮
રાંદેર—હોરમજી માણેકજી બાજુ	...		૧૨૦૮
વડોદરા કેંપ—બેરામજી નસરવાનજી શીરવાઈ તથા બીજાઓ ...	૨૦	૨	૧૨૩૮

ઠેકાણું	કોણે બંધાવેલી.	રોજ	માહા	ય. સને
વલસાડ—	નવરોજી પેશુતનજી કાપડીઆ	૨૬	૪	૧૨૪૭
,,	મોટાભાઈ શાપુરજી	૧૬	૯	૧૨૧૯
વસઈ—	દાદાભાઇ તથા મનચેરજી પેશતનજી વાડીઆ	...		૧૨૦૫
,,	લવજી સોરાબજી લાકડાંવાલા	૧	૩	૧૧૫૮
વસઇ—	ગોરબંદર—નવરોજી જમશેદજી વાડીઆ	...		૧૧૯૮
સકર—	સીંધ—મારકર—ધરમશાળા—કવેતાવાળા અરદેશર ડૉ. મારકર ...	૪	૨	૧૨૯૩
સંજાણ—	વીકાજી મેહેરજી	...		
,,	રૂશતમજી તથા નશરવાનજી નાનાભાઇ બોઇસે ભત્રીજા નાનાભાઇ ફરામજી બોઇશની યાદમાં બાંધેલી	૨	૪	૧૨૮૯
સીકંદરાબાદ—	(દખન)—પીરોજબાઇ એદલજી ચીનાઇ ધરમશાળા—એદલજી સોરાબજી ચીનાઇએ ધણીયાણી પીરોજબાઇના પુણ્ માટે ...	૧૬	૫	૧૨૫૮
